.. ત્રણ ખ્રીસ્તી આ નાના સરખા ચોપાનિ
તેને રૂ ૨૦૦) ભાષાંતર કરનાર ?
૧૦૦ શાક્ષીએ

બૈબલ ૫.

ભાષાંતર કરી છપાની પ્રસિ
ગુલામ મોહમદ બી. હાજી હાફેજ સાહેબ
[illegible] આપે એ-

જાહેર ખબર

"તોહફતુલ હિંદ" નામનું પુસ્તક જે કે હિંદુસ્થાનમાં ઉર્દુ
પામેલું તેના તરજુમા ગુજરાતી ભાષામા થઈ ૫૦ રતલી રોયલ
છપાયું છે. એમાં કરનાએ માત્ર હિંદુ ધર્મ તથા ઇસ્લામી ધર્મનો
શુ ભાષાંતર કરનારે નોટમાં ખ્રીસ્તી ધર્મનો તથા આર્ય સમાજવાળાને
તાવ્યો છે એમાં માત્ર મુકાબલોજ છે એમ નહિ પણ મુસલમાની ધર્મ
ફીરસ્તાઓને કેમ માનવા? પેગમ્બરોને કેમ માનવા? કીતાબોને કેમ
ચે બીનાઓ ઇસ્લામનુ પણ વર્ણન છે. ટ કાણથી નીકાહ, તલાક, હરા
ધર્મવાળાને નહોતરૂં કરવું વગેરે પણ પાદરીઓના ચોપાનિયાઓમાં
ધુળ ઉડાવી છે. તેના ઉત્તર આપી તે ધુળ તેઓના પર પાડી છે.
જવાબ એમાં છે. દાખલા તરીકે કુરાનની ફસાહત ઉપર શકા તે
આત્માને લાયક કંઇ નથી, તેમાં જંનતમાં ખાવાપીવાનું લખેલું છે.
શકા, જેહાદ ઉપર શંકા, એકથી વધુ સ્ત્રીઓ સાથે નીકાહ કરવા ઉપ
કપુત્ર જૈદે (૨૬) પોતાની સ્ત્રીને મુકી દીધા પછી હજરત મોહંમદ
નીકાહ કીધા તે ઉપર શકા, હદીસોપર પાંચ શંકા, મેરાજ ઉપર શંકા
શકા, જકાતપર શકા વગેરે. પારસીઓના પુસ્તકોથી હજરત મોહ
ની સાબેતી મુલ્ય કીંમત રૂા. ૨. પોષ્ટ વગર. બાંધણી પાકા પુ

"તોહફતુલ હિંદ" અંગ્રેજી. મજકુર પુસ્ એક બી.
૬૦ રતલી ગ્લેઝ કાગળપર છપાય છે. જે આસરે માસમાં
પો. વગર. ચાલુ સાલના માહે રજબની પહેલી તારી
માલ ખરચ માફ છે

"ઈજહારૂલ-હક" એ પુસ્તકમાં એક
બૈબલનું વર્ણન છે. બીજામાં બૈબલના ફેરફાર થ
વામાં ત્રિદેવનું ખોટાપણું છે પાંચમામાં
મોહંમદ (સલ) સાહેબની પૈગંબરીની

પ્રસ્તાવના

મોટો મહેરબાન રહેમ કરનાર.

હમદ છે, તે સત્યને કબુલ કરનાર અને અસત્યને ધીક્કાર
હોને તેની જગ્યાથી બહલી કહાડે છે." તે ખરૂં છે. તેણે જે
પણ તરાશે નહિ તેમાં કશો શક નથી. તું મને તારા માર્ગપર
તો ખોરાક કર; મારો આત્મા તેથી મગ્ન રહે. અને તારા નિવડે
સાહેબ કે જેવણ તારા સેવક તથા તારા સાચા રસુલ છે, તેવણ
ના તેમના સર્વ સહાબીઓપર તથા તેમની પુંઠે ચાલનાર સર્વ મુસ
મ મોકલ્યા કર. જ્યાં સુધી કે સત્યનું મંડન અને મિથ્યાનું ખંડન ક

મદ બી. હાજી હાફેજ સાહેબ કહે છે કે, કેટલીએક મુદતથી મારા દીલમાં
હક્ક" નામના પુસ્તકને અરબીથી ગુજરાતી કરૂં. અને કુરાન શરીફનો
રી ખુદાએ પોતાના ફજલથી મુજ અદના તથા નિર્બળને આવા મો
જેથી મેં ફજહાકુલ હક્કનો તરજુમો કરવા શરૂ કીધું. ખુદાની પાસે
ી ફારગ થયા પછી કુરાનના કામમાં લગાડે. જો આવું મોટું કામ
તો હું ચાહું છું કે, મારો બેડો પાર પડવાયો, મારા મુસલમાન ભાઇ
કે, તેઓ મને દુવાથી યાદ કરે.

ના મહા વિદ્વાન મક્કા શરીફની હીજરત કરનાર મરહૂમ મૌલાના
મને ઘણુંજ ખુબીની સાથે રચી છે એના રચાયાને આજે ૩૫ વર્ષ
પુસ્તક અરબીમાં છપાયું. તથા અનેકવાર પારીશમાં ફ્રેંચ ભાષામાં
રદ કરવાની જરા પણ હીંમત થઇ નહિં.

. જેથી ... પર છપાતાં હજુ ૫, ૬ માસ જોઇએ તેમ તેને દ
શકશે. મ... ના અધ્યાય બીજાથી એટલે તેના પુષ્ટ ૧૨૮થી તે
નું ... પાવ્યું છે. જેથી દરેક લખાણથી લાભ લેતા થાય. બી
... કે, એમાં બૈબલમાં થયલા ફેરફારનું વર્ણન છે
ધુળમાં મળી જશે. તેઓ કોઇ પણ વાતને બે-
તમારૂ બૈબલ ફેરફાર થઇ ગયું છે ત્યારે આ-
ો ફરી શુળીની સાબેતી કે કફારાની ...
ર્વ મુસલમાનોના મુકાબલામાં તેઓ

અધ્યાય બીજો.

તહરીફની સાબેતીમાં

અને એ બે તરેહની છે. શબ્દવાળી અને અર્થવાળી.

અમારી અને ખ્રીસ્તીઓ વચ્ચે બીજી તરેહ વિષે તો ઝઘડો છેજ નહિ. કેમકે તેઓમાંના બધા માને છે કે, યહુદીઓથી જુના કરારમાં ઇશુ (અલે) વિષે તેઓના માનવા પ્રમાણે ઇશારો થયલી કલમોની ટીકામાં તથા યહુદીઓમાં હમેશને માટે બનાયલાં ન્યાયશાસ્ત્રોની ટીકામાં તે (અર્થવાળો ફેરફાર) થયલો. અને પોપોના માનનારાઓ તરફથી બંને કરારોમાં એનુ થવું પ્રોટેસ્ટંટોના વિદ્વાનો માને છે. જેમકે પોપોના માનનારાઓ એમને સખ્તાઇથી એ વિષે તહોમત આપે છે. ત્યારે તેના સાબેત કરવાની કાંઇ ગરજ રહી નથી. બાકી પહેલી તરેહ (શબ્દોમાં ફેરફાર થવું) તેના વિષે પ્રોટેસ્ટંટોના વિદ્વાનો અજ્ઞાન મુસલમાનોને ધોકો આપવા જાહેરમાં સખ્તાઇથી ઇન્કાર કરે છે. અને પોતાનાં ચોપાનિયાંઓમાં ગીલીટ રૂપી ખોટા દાખલા લાવે છે કે, જેથી જોનાર શકમાં પડે તો તે સાબેત કરવાને ગરજવાન છે તો હું તેને મારા આ પુસ્તકમાં આકારો અને પૃથ્વીના ઉત્પન્નકર્તાની મદદથી સિદ્ધ કરવાને ઇચ્છું છું. અને કહું છું કે શબ્દોનો ફેરફાર બધી તરેહનો એટલે શબ્દોને બદલી નાંખવાનો, તેને વધારવાનો, અને તેને ઘટાડવાનો મજકુર પુસ્તકોમાં સિદ્ધ થયો છે. અને આ ત્રણે તરેહને અનુક્રમ (તરતીબવાર) રીતે ત્રણ ગરજોમાં લાવુ છુ.

ગરજ પહેલી.

શબ્દનો ફેરફાર--એક શબ્દને બદલે બીજો શબ્દ લખવાની બાબતમાં

હે ! તું જાણ કે, તને ખુદા માર્ગ બતાવે કે જુના કરારની પ્રખ્યાત પ્રતો કીતાબવાળાઓમાં ત્રણ છે. (૧) હેબ્રીપ્રત. અને યહુદીઓ અને ખ્રીસ્તીઓના મોટા ભાગમાં એજ માતબર છે. (૨) ગ્રીકપ્રત ખ્રીસ્તીઓમાં ઇસ્વી ૧૫મા સૈકા સુધી એજ માતબર હતી. અને એટલી મુદત સુધી હેબ્રી પ્રતને ફેરફાર થયલી માનતા હતા. પણ એ આજ સુધી ગ્રીકચર્ચ (મંડળી)મા તથા પૂર્વની મંડળીઓમાં માતબર છે. અને એ બંને પ્રતોમાં જુના કરારનાં બધાં પુસ્તકો સમાયલાં છે. (૩) સમારી પ્રત એ સમારીઓમાં માતબર છે. અને આ પ્રત તે હેબ્રીજ પ્રત છે. પણ તે માત્ર સાત પુસ્તકોને લઈ રહી છે, એટલે મુસા (અલે) તરફ લગાડેલાં પાંચ પુસ્તકો તથા યહોશુઆનું પુસ્તક તથા ન્યાયાધીસોનું પુસ્તકને. કારણ કે જુના કરારમાનાં બીજાં પુસ્તકોને તેઓ માનતા નથી. અને એ (પ્રત)મા હેબ્રી પ્રત કરતાં ઘણાખરા શબ્દો અને ફકરાઓ વધારે છે કે જે તેમાં મળતા નથી અને પ્રોટેસ્ટંટોના વિદ્વાનોમાંના ઘણા ખરા સત્ય શોધકો જેમકે કીનીકાટ, હીલજ અને હ્યુબીગીન્ટ વગેરે હેબ્રીને નહિ, પણ એને માતબર ગણે છે.

અને તેઓ એવું માને છે કે, યહુદીઓએ હેબ્રી (પ્રત) ને ફેરફાર કરી નાંખી છે. અને પ્રોટેસ્ટંટ લોકોના વિદ્વાનોનો મોટો ભાગ પણ કેટલીક જગાઓમાં એના તરફ લાચાર થાય છે. અને એની વાતને હેબ્રીની વાત ઉપર શ્રેષ્ઠ ગણે છે. જેમકે તું વહેલો જાણી લેશે જો ખુદાએ ચાહ્યું છે તો. અને જ્યારે તેં એ જાણી લીધુ તો હું કેટલીક શાક્ષીઓ[1] એ વિષે) કહું છું:—

૧ લી શાક્ષી. આદમ (અલે) ની પૈદાયશથી તે નુહના તોફાન સુધી હેબ્રી પ્રમાણે એક હજાર છસો છપન્ન વર્ષનો વખત છે. અને ગ્રીક પ્રમાણે બે હજાર બસો અને બાસેઠ વર્ષ છે પણ સમારી પ્રમાણે એક હજાર ત્રણસો અને સાત છે. હેનરી અને સ્કોટની ટીકામાં એક કોઠો છે. તેમાં નુહ (અલે) વગર બીજા દરેક સક્ષના નામને મુકાબલે તેની ઉમરનાં તે વર્ષ લખાયાં છે; કે જેમાં તેને ત્યાં છોકરો જન્મ્યો છે. પણ નુહ (અલે)ના નામના મુકાબલામાં તેની ઉમરના તોફાન વખતનાં વર્ષ લખ્યાં છે.

તેમજ કુર કોઠો આ છે.

નામો	હેબ્રી પ્રત	સમારી પ્રત	ગ્રીક પ્રત
આદમ(અલે)	૧૩૦	૧૩૦	૨૩૦
સીત (અલે)	૧૦૫	૧૦૫	૨૦૫
અનોસ......	૯૦	૯૦	૧૯૦
કેનાન........	૭૦	૭૦	૧૭૦
મહાલાઇલ. .	૬૫	૬૫	૧૬૫
યારેદ	૧૬૨	૬૨	૧૬૨
હનોખ.......	૬૫	૬૫	૧૬૫
મથુસલાહ ..	૧૮૭	૬૭	૧૮૭
લામાખ......	૧૮૨	૫૩	૧૮૮
નુહ (અલે)...	૬૦૦	૬૦૦	૬૦૦
જુમલે.......	૧૬૫૬	૧૩૦૭	૨૨૬૨

ત્યારે મજકુર પ્રતો વચ્ચે લખાયલી મુદતોના વર્ણનમાં ઘણો તફાવત છે. અને ખુલ્લો ફેરફાર છે. તેના વચ્ચે સરખાપણું (તતબીક) થઇ શકે તેમ નથી. અને જો કે નુહ (અલે) ત્રણે પ્રતો પ્રમાણે તોફાનના વખતમાં ૬૦૦ વર્ષના હતા. અને આદમ (અલે) ૯૩૦ વર્ષ જીવેલા તો[1] સમારી પ્રત પ્રમાણે જ્યારે આદમ (અલે) મર્યા ત્યારે નુહ (અલે) ૨૨૩ વર્ષના થવાના[1] પણ ઇતિહાસકોનું એક મતે થવાથી એ ખોટું છે તથા હેબ્રી અને ગ્રીક (પ્રતો) એને જુઠલે છે. કેમકે તેમનો જન્મ પહેલી પ્રમાણે આદમના મોત પછી ૧૨૬ વર્ષે છે. અને બીજી પ્રમાણે તેમના મોત પછી ૭૩૨ વર્ષે છે. અને આ ખુલ્લા ફેરફારને લીધે પ્રોટેસ્ટંટોમાં મનાયલો પ્રખ્યાત ઇતિહાસિક યોસેફસ યહુદીએ મજકુર પ્રતોમાંની કોઈ પ્રત ઉપર ભરોસો નહિ કર્યો છે. અને મજકુર મુદતને તેણે બે હજાર બસો છપન વર્ષ પસંદ કીધા છે.

૨જી શાક્ષી—તોફાન (જળપ્રલય) થીતે ઇબ્રાહીમ (અલે) ના જન્મ સુધીનો વખત હેબ્રી પ્રમાણે ૨૯૨ વર્ષ છે. અને ગ્રીક પ્રમાણે ૧૦૭૨ વર્ષ છે. અને સમારી પ્રત પ્રમાણે ૯૪૨ વર્ષ છે. અને હેનરી અને સ્કોટની ટીકામાં પણ મજકુર કોઠા જેવો એક કોઠો છે. પણ આ કોઠામાં સામ વગર દરેક પુરૂષના નામના મુકાબલામાં તેની ઉમરનાં તે વર્ષ લખ્યાં છે, કે જેમાં તેને ત્યાં પુત્ર જન્મ્યો છે. પણ સામના નામના મુકાબલામાં તે વખત લખ્યો છે કે,

નામો	હેબ્રી	સમારી	ગ્રીક
સામ........	૨	૨	૨
અરફાક્ષદ....	૩૫	૧૩૫	૧૩૫
કેનાન........	*	*	૧૩૦
શાલેહ......	૩૦	૧૩૦	૧૩૦
ઇબર —.....	૩૪	૧૩૪	૧૩૪
પાલેગ.......	૩૦	૧૩૦	૧૩૦
રઉ..........	૩૨	૧૩૨	૧૩૨
સરોગ......	૩૦	૧૩	૧૩૦
નાહોર......	૨૯	૭૯	૭૯
તારાહ......	૭૦	૭૦	૭૦
કુલ્લે	૨૯૨	૯૪૨	૧૦૭૨

તોફાન પછી તેને ત્યાં પુત્ર જન્મયો છે. અને મજકુર કોઠો આ છે. આ જગ્યામાં પણ મજકુર પ્રતોમાં ખુલ્લો ફેરફાર છે. સરખામણી થાય તેમ નથી. અને જ્યારે હેબ્રી પ્રત પ્રમાણે ઇબ્રાહીમ (અલે) ને

૧ પહેલી બાબત માટે પહેલી ગરજમાં ૩૫ શાક્ષીઓ અને બીજી બાબત માટે બીજી ગરજમાં ૪૫ શાક્ષીઓ અને ત્રીજી બાબત માટે ત્રીજી ગરજમાં ૨૦ શાક્ષીઓ એટલે કુલે ૧૦૦ શાક્ષી કરતા લાવા છે. ગુ. મો.

(૧) કેમકે સમારીપ્રત પ્રમાણે આદમ (અલે)ના ઉત્પન્ન થવાથી તે નુહ (અલે)ના તોફાન સુધી ૧૩૦૭ વર્ષ થયાં છે. પણ નુહની ઉમર તોફાનમાં ૬૦૦ વર્ષની હતી. જ્યારે તેને ૧૩૦૭માંથી બાદ કરશો તો ૭૦૭ રહેશે એટલે આદમની ૭૦૭ વર્ષની ઉમર થાય ત્યારે નુહ જન્મેલા પણ આદમની ઉમર ૯૩૦ની છે. એટલે ૭૦૭માં ૨૨૩ ઉમેરો તો ૯૩૦ થશે તો સિદ્ધ થયું કે, નુહની પૈદાયેશ પછી આદમ ૨૨૩ વર્ષ જીવેલા. તેમજ આદમના મરણ વખત નુહ ૨૨૩ વર્ષના હતા. પણ એ ખોટું છે. ગુ૦ મોહમદ

જન્મ તોફાન પછી ર૯ર વર્ષે થયો; અને નુહ (અલે) તોફાન પછી સાડી ત્રણસે વર્ષ જીવ્યા છે. જેવું કે ઉત્પતિ ૯; ૧૮માં છે. તો જ્યારે નુહ (અલે) મરી ગયા ત્યારે ઇબ્રાહીમ ૮પ વર્ષના હતા એવું લાગું પડે છે. પણ એ ઇતિહાસિકોના એકમતે થવાથી ખોટું છે અને ગ્રીક તથા સમારી (પ્રતો) પણ એને જુઠવે છે કારણ કે પહેલી પ્રમાણે ઇબ્રાહીમ (અલે) નો જન્મ નુહ (અલે) ના મરણ પછી ૭રર વર્ષે છે. અને બીજી પ્રમાણે પ૯ર વર્ષે છે. અને ગ્રીકપ્રતમાં અરફાક્ષદ અને સાલેહ વચ્ચે એક પહેડી વધેલી છે. તે કેનાન છે. પણ એ પહેડી હેબ્રી તથા સમારી પ્રમાણે નથી. અને ઇજીલવાળા લુકે પણ ગ્રીક ઉપર ભરોસો કીધો છે. અને ખ્રીસ્તની વંશાવળીમાં કેનાનને તેણે વધાર્યા છે. અને મજકુર ખુલા ફેરફારને લીધે ખ્રીસ્તીઓ પોતપોતામાં એક બીજાથી વિરૂધ્ધ પડ્યા છે. ઇતિહાસકોએ તો એ બાબતમાં ત્રણો પ્રતોને પીઠપાછળ નાંખી દીધી છે. અને કહ્યું કે મજકુર મુદત ૩પર વર્ષ છે. અને એવીજ તરેહ પ્રખ્યાત ઇતિહાસક યોસેફ્સ યહુદીએ એના ઉપર ભરોસો કીધો નહિ અને કહ્યું કે આ મુદત ૯૯૩ વર્ષ છે. જેવું કે હેનરી અને સ્કોટની ટીકામાં લખાયુ છે. અને ઓગસ્ટીન કે જે ખ્રીસ્તીઓના વિદ્વાનોમાં મહા વિદ્વાન છે, તે ખ્રીસ્તી ચોથા સૈકામાં થયો છે. તે તથા બીજા પ્રાચીનવાળાઓ ગ્રીક પ્રતના ખરા થવા ઉપર છે. અને ટીકાકાર હોરસલીએ ઉત્પત્તિ ૧૧; ૧૧ ની નીચે પોતાની ટીકામાં તેની પસંદગી બતાવી છે. અને હીલજ સમારી પ્રતના ખરા થવા ઉપર છે. અને તેઓના સત્યશોધક પ્રખ્યાત હોર્નનું વલણ એના તરફ છે. હેનરી અને સ્કોટની ટીકાના પહેલા ભાગમાં છે. "ઓગસ્ટીન કહે છે કે જળપ્રલયની આગાઉના અને તે પછીથી મુસા (અલે) સુધીના વડાઓના વર્ષોના વર્ણનમાં હેબ્રી પ્રતને યહુદીઓએ ફેરવી નાંખી છે. અને તેઓએ એવું કામ એ માટે કીધુ કે, જેથી ગ્રીકભાષાનો તરજુમો માતબર રહે નહી. તથા ખ્રીસ્તી ધર્મની દુશ્મનાઇ માટે. અને માલૂમ પડે છે, કે પુરાતન કાળના ખ્રીસ્તીઓ એ પ્રમાણે કહેતા હતા. અને તેઓ કહેતા હતા કે યહુદીઓએ ઇ૦ સ૦ ૧૩૦માં તૌરાતને ફેરફાર કીધી હતી." (જો પૃષ્ટ. ૨૧) અને હોર્ને પોતાની ટીકાના ભાગ બીજામાં કહ્યું છે. "સત્ય શોધક હીલજે મજબુત દાખલાઓથી સમારી પ્રતના ખરાપણાને સિદ્ધ કીધુ છે. પણ તે દાખલાઓને સાર રૂપી આ જગ્યા લાવી શકાય તેમ નથી. ત્યારે જેને જોઇએ તે તેની કીતાબને પૃષ્ટ ૮૦થી તે છેવટ સુધી જુએ. અને કેનીકાટ કહે છે કે, જો તૌરાત વિષે સમારીઓના માન આપવાને જોઇએ. તથા તેમની ટેવને જોઇએ, તથા ખ્રીસ્તના ચુપ રહેવાને સમારી સ્ત્રી તથા તેની વચ્ચે પ્રખ્યાત થયલી વાતચીત કરતીવેળાને[1] જોઇએ; તથા બીજી બાબતોને ધ્યાનમાં રાખીએ; તો એ બધા કહી રહ્યા છે, કે તૌરાતને યહુદીઓએ જાણી જોઇને ફેરફાર કરી નાંખી છે. અને જુના તથા નવા કરારનાં પુસ્તકોના સત્ય શોધકો, જે કહે છે કે સમારીઓએ તેને ફેરફાર કીધી છે. એ નિરાધાર છે." ઓ બુદ્ધિવાન તું જો? કે તેઓએ કેવી રીતે ફેરફાર થવાનો એકરાર કીધો છે. અને તેઓને એકરાર કરવા વગર છુટકારો (અથવા પનાહ) મળ્યો નહિ.

૩જી સાક્ષી—પૂનર્નિયમ ર૭;૪ હેબ્રીપ્રતમાં આવી રીતે છે. "ને એમ થશે, કે તમે યર્દનને પાર જશો, ત્યારે જે પાહાણાઓ (પથ્થર) વિષય હું આજ તને આજ્ઞા આપું છું, તે

(૧) એનો કીસ્સો યોહાન અધ્યાય ૪માં લખાયલો છે તે કીસ્સો આવી રીતે છે (યોહાન ૪; ૧૯, ર૦) "બાયડી તેને કહે છે, કે પ્રભુ તું ભવિષ્યવાદી છે એમ મને દીસે છે. અમારા પિતાઓ આ પહાડ (ગેરેઝીમ) ઉપર સીજદો (દંડવત) કરતા. પણ તમો (યહુદીઓ) કહો છો કે જે જગાએ સીજદો કરવો જોઇએ તે જગ્યા યરૂશાલેમમાં છે" અને જ્યારે આ સ્ત્રીએ જાણ્યું કે ઇશુ (અલે) ભવિષ્યવાદી છે, તો તેણે મોટા બાબત વિષે કે જેનો યહુદીઓ તથા સમારીઓ વચ્ચે ઝઘડો છે. અને દરેક ટોળુ તે વિષે બીજા ટોળા ઉપર ફેરફાર કરવાનું તોહોમત મુકે છે. તેનો સવાલ કીધો કે તેને સત્ય પ્રગટ થાય. તો જો સમારીઓએ એ જગ્યા વિષે ફેરફાર કીધો હોત તો ઇશુ (અલે) ઉપર તેના જવાબમાં એ બાબતને બ્યાન કરવું હતું. પણ જ્યારે બ્યાન નહિ કીધુ અને ચુપ રહ્યા, તો તેમનું ચુપ રહેવું સમારીઓ ઉપર છે. તેના ખરા થવાનો દાખલો છે." હોર્નની નોટ ગુ. મોહમદ.

ઓને તમે ઇબ્બાલમાં ઉભા કરો, ને ચુનાથી તેઓનું લેપન કરો." પણ આ વાક્યો "જે પાહાણાઓ વિશય હું આજ તને આજ્ઞા આપુ છું તેઓને તમો ઇબ્બાલમાં ઉભા કરો."સમારીપ્રતમાં આવી રીતે છે. "જે પહાણાઓ વિષય હું તમને આજ્ઞા આપું છું. તેઓને તમે ગેરીઝીમમાં ઉભા કરો." અને ઇબ્બાલ તથા ગેરીઝીમ એ બે પહાડો સામ સામે છે. જેમકે એજ અધ્યાયની કલમ ૧૨, ૧૩ તથા પુનર્નિયમ ૧૧;૨૯થી સમજાય છે. ત્યારે હેબ્રીપ્રતથી સમજાય છે, કે મુસા (અલે)એ ઇબ્બાલ પર્વતપર મંદિર (મસ્જીદ) બાંધવાનો હુકમ કીધેલો. પણ સમારી પ્રતથી સમજાય છે, કે તેણે ગેરીઝીમ પહાડ ઉપર તેને બાંધવાનો હુકમ કીધેલો. અને યહુદીઓ તથા સમારીઓ વચ્ચેનો શરૂથી તે અંત સુધીનો ઝઘડો પ્રખ્યાત છે. એમાંનુ દરેક ટોળુ દાવો કરે છે, કે બીજાએ એ જગ્યામાં તોરાતને ફેરવી નાંખી છે. એવીજ તરેહ પ્રોટેસ્ટંટના વિદ્વાનોમાં પણ એ જગ્યા વિષે વાંધો છે. એઓના પ્રખ્યાત ટીકાકાર આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ પહેલાના પૃષ્ટ ૮૧૭માં કહ્યું છે. "સત્ય શોધક કીનીકાટ સમારીપ્રતને ખરી થવાનો દાવો કરે છે. અને સત્ય શોધક પારી તથા હશાબુર બન્ને હેબ્રીને ખરી થવાનો દાવો કરે છે. પણ ઘણા ખરા લોકો સમજે છે; કે કીનીકાટના દાખલાઓ અઉત્તર છે. (તેનો જવાબ થાય તેમ નથી) અને તેઓ ઘણી દ્રઢતાથી માને છે કે સમારીઓની દુશ્મનાઇને લીધે યહુદીઓએ ફેરફાર કરી નાંખ્યુ છે. અને આટલુ તો બધાનું માનેલુ છે, કે ગેરીઝીમ (પર્વત) નહેરો, બગીચા, તથા જડીબુટીવાળો[૨] છે. અને ઇબ્બાલ સુકો છે. તેના ઉપર આ વસ્તુમાંથી કાંઇ• નથી. અને જ્યારે એમજ છે તો પહેલો પર્વત બરકત સાંભળવાને યોગ્ય થવાનો. અને બીજો શ્રાપ (લ્યાનત સાંભળવા)ને" આથી જણાય છે કે—કીનીકાટ તથા ઘણા ખરા લોકોના પસંદ કરવા પ્રમાણે હેબ્રીપ્રતમાં ફેરફાર થયો છે. અને કીનીકાટના દાખલાઓ (એ વિષે) ઘણા મજબુત છે.

૪થી શાક્ષી—ઉત્પત્તિ. ૨૯; ૨, ૮ "ને તેણે જોયુ કે ક્ષેત્રમાં એક કુઓ ને ત્યાં તેની પાસે ઘેટાંનાં ત્રણ ટોળાં બેઠાં હતાં; કેમકે તે કુઆમાંથી તેઓ ટોળાંને પાતા હતા. ને કુઆના મ્હોડા ઉપર એક મોટો પત્થર હતો... સર્વે ઘેટાંના ટોળાં એકઠાં થાય ને કુઆના મ્હોડાપરથી પત્થર ગબડાઇ જાય ત્યાં સુધી અમારાથી થતું નથી..." કલમ બીજી તથા આઠમીમાં શબ્દ "ઘેટાનાં ટોળાં"નો આવેલો છે. પણ એને ઠેકાણે શબ્દ "ચરાવનારો"નો ખરો છે. જેમકે સમારી, ગ્રીક પ્રત, તથા વાલ્ટનના અરબી ભાષાંતરમાં છે.[૩] ટીકાકાર હોરસલીએ પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૭૪માં કલમ બીજીની નીચે" કહ્યું છે. "કદાપિ શબ્દ "ત્રણ ચરાવનારા" નો આ જગ્યા હશે. કીનીકાટને જુઓ. ફરી તેણે આઠમી કલમની નીચે કહ્યું. "જો આ જગ્યા ચરાવનારા એકઠા થાય એમ હોત તો સારૂં થાત, જુઓ સમારી તથા ગ્રીક પ્રત તથા કીનીકાટ તથા હયુબીકીન્ટનો અરબી તરજુમો." અને આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લામાં કહ્યું. "હયુબીકીન્ટ સમારી (પ્રત)ના ખરા થવા ઉપર ઘણી ખાહેસ કરે છે." અને હોર્ને પોતાની ટીકાના ભાગ ૧લામાં કીનીકાટ તથા હયુબીકીન્ટના સરખુ કહ્યું છે: "લખનારની ભુલથી ઘેટાંના ટોળાનો શબ્દ 'ચરાવનારા' ના શબ્દની જગ્યાએ આવી ગયો છે."

પમી શાક્ષી—૨. સમુએલ ૨૪;૧૩માં શબ્દ સાત વર્ષનો આવ્યો છે. અને ૧. કાળવૃતાંત ૨૧;૧૨માં શબ્દ ત્રણ વર્ષનો આવ્યો છે. અને બેમાંનો એક ખાત્રીથી ખોટો છે. આદમ કલાર્કે સમુએલની ઇબારતની નીચે કહ્યું છે: "કાળવૃ

[૨] એ બે પર્વતોમાંના ગેરીઝીમ ઉપર પ્રભુનો નિયમ વાંચી સંભળાવવામાં આવતો, ને આશીર્વાદના વચનો ત્યાંથી લોકોને સંભળાવવામાં આવ્યા અને ઇબાલ ઉપરથી શ્રાપનાં વચનો સંભળાવવામાં આવ્યા. એથી સિધ્ધ થયું કે, ગેરીઝીમ પર્વત આશિર્વાદવાળો ઠરે છે. ને ઈબાલ શ્રાપવાળો ઠરે છે. તો આ મારી ઉપલી વાતને મજબુતી આપે છે. જુઓ મરેઠી ૧૮૭૭વાળી બાઇબલની ટીકા તથા શાસ્ત્રનો કોષ

(૩) અરબી બૈબલ છપાયલુ સને ૧૮૧૧વાળામાં પણ "ચરાવનારા"નો શબ્દ લખ્યો છે.

તાંતમાં સાત વર્ષ નહિ, પણ ત્રણ વર્ષ આવેલાં છે. અને એવીજ તરેહ ગ્રીકમાં આ જગ્યા કાળવૃત્તાંતની ઇબારતને જેમ ત્રણ વર્ષ છે. અને બેશક એજ વાત સાચી છે."

૬ઠી શાક્ષી—૧. કાળવૃતાંત ૯;૩૫માં હેબ્રી પ્રતમાં છે. "ને તેની બેનનું નામ માકા" અને ખરૂં બેનને બદલે શબ્દ સ્ત્રીનો છે. આદમ કલાર્કે કહ્યું છે. "હેબ્રીપ્રતમાં શબ્દ બેનનો આવ્યો છે પણ ગ્રીક, લેટિન, તથા સુર્યાનીમાં શબ્દ સ્ત્રીનો છે. અને ભાષાંતર કરનારાઓએ આ ભાષાંતરોની તાબેદારી કીધી છે"[1] આ જગ્યા પ્રોટેસ્ટંટના મોટા ભાગે હેબ્રીને તજી છે. અને બીજા ભાષાંતરોની તાબેદારી કીધી છે. ત્યારે હેબ્રીમાં ફેરફાર થવુ તેઓમાં મુકરર છે.

૭મી શાક્ષી—૨. કાળવૃ તાંત ૨૨;૨માં હેબ્રી પ્રતમાં છે. "અહજ્યા રાજા થયો ત્યારે બેતાલીસ વર્ષનો હતો." અને બેશક એ ખોટું છે. કેમકે એનો બાપ યહોરામ તેના મરતી વેળા ૪૦ વર્ષનો હતો. અને તે તેના બાપના મરવા પછી તરત રાજ્યાસને બેઠેલો. તો જો એ ખરૂં હોય તે એ પોતાના બાપથી બે વર્ષ મોટો થાય. એમ લાગુ પડે છે. અને ૨. રાજા ૮;૨૬માં છે. "અહાજ્યા રાજા થયો ત્યારે તે બાવીસ વર્ષનો હતો." આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજામાં કાળવૃત્તાંતની ઇબારતની નીચે કહ્યું છે. "સુર્યાની તથા અરબી ભાષાંતરોમાં ૨૨ (વર્ષ) છે. અને કેટલીક ગ્રીકપ્રતોમાં ૨૦ છે. અને ઘણું ખરૂં હેબ્રીમાં અસલ એવીજ તરેહ હશે. પણ તેઓ ગણત્રીને અક્ષરોમા લખતા હતા. તો લખનારની ભુલથી મીમ (૪૦) કાફ (૨૦)ની જગ્યા આવી ગઇ છે." ફરી તેણે કહ્યું "૨ રાજાની ઇબારત ખરી છે. અને બંને ઇબારતો સરખી થાય તેમ નથી. અને જે ઇબારતથી દિકરો બાપથી બે વર્ષ મોટો થાય તે ઇબારત કેમ કરીને ખરી થાય?" હોર્નની ટીકાના ભાગ ૧લામાં તથા હેનરી અને સ્કોટની ટીકામાં પણ લખનારની ભુલ કરવાનો એકરાર છે.

[1] ગુજરાતી બેબલ સને ૧૮૬૧માં છપાયલાના ટાઇટલ ઉપર લખ્યું છે કે, આ હેબ્રી ભાષા ઉપરથી તરજુમો થયો છે. છતાં આ જગ્યા હેબ્રીનો "બેન"નો શબ્દ તજી ગ્રીકનો સ્ત્રીનો શબ્દ લખ્યો છે.

૮મી શાક્ષી—૨. કાળવૃત્તાંત ૨૮;૧૯માં હેબ્રીપ્રતમાં છે. "ઇસ્રાયલના રાજા અહાજને લીધે પ્રભુએ યહુદાને નમાવ્યો." શબ્દ "ઇસ્રાયલ"નો ખાત્રીથી ખોટો છે. કેમકે તે ઇસ્રાયલનો નહિ પણ યહુદાનો રાજા હતો. અને ગ્રીક તથા લેટિનમાં શબ્દ યહુદાનો છે. તો ફેરફાર હેબ્રીમાં થયો.

૯મી શાક્ષી—ગીત ૪૦;૬ "તેં મારા કાન ખોલ્યા છે." અને પાઊલે એ વાક્ય ને, હેબ્રીઓના પત્ર ૧૦;૫માં આવી રીતે નકલ કીધું છે. "તેં મારે સારૂ શરીર તૈયાર કીધું છે." ત્યારે એમાંની એક ઇબારત ખોટી તથા ખાત્રીથી ફેરફાર થયલી છે. અને ખ્રીસ્તી વિદ્વાનો હેરાન રહ્યા છે. હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ કહ્યું. "આ ફેરફાર લખનારની ભુલથી થયો છે. અને એમાંની એક મતલબ ખરી છે." ત્યારે મજકુર ટીકાના ભેગી કરનારાઓએ ફેરફાર થવાનો ઇકરાર કીધો. પણ બે ઇબારતમાંથી એકના તરફ ઠેરવી તેને લગાડવામાં થોભી ગયા અને આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ત્રીજામાં ગીતની ઇબારતની નીચે કહ્યું છે. "હેબ્રી મતન ચલણ થયલું ફેરફાર થઇ ગયું છે." ત્યાર તેણે ફેરફારને ગીતની ઇબારત તરફ લગાડ્યો છે. અને ડી. ઓલી અને રીચર્ડમેંટની ટીકામાં છે. "તાજુબ છે કે, આ વાક્યને બદલે ગ્રીક ભાષાંતરમાં તથા હેબ્રીઓના પત્ર ૧૦;૫માં આ ફકરો 'તેં મારે સારૂ શરીર તૈયાર કીધું' છે. ત્યારે આબે ટીકાકારોએ ફેરફારને ઇંજીલના (પત્રના) તરફ લગાડ્યો છે.

૧૦મી શાક્ષી—ગીત. ૧૦૫; ૨૮માં હેબ્રી પ્રતમાં છે. "ને તેઓએ તેના શબ્દને અટકાવ્યા નહિ." પણ ગ્રીકમા છે. "તેઓએ તેના શબ્દને અટકાવ્યા." ત્યારે પહેલીમાં "ના" છે. અને બીજીમાં "હા" છે. તો એમાંનું એક ખાત્રીથી ખોટું છે. અને ખ્રીસ્તી વિદ્વાનો આ જગ્યા હેરાન રહ્યા છે. હેનરી અને સ્કોટની ટીકામાં છે. "આ તફાવતને લીધે, શાસ્ત્રાર્થ (બહસ, વાદવિવાદ) ઘણોજ વધી ગયો. અને જાહેર છે કે એક અક્ષરના વધવાથી અથવા તેના મુકવાથી એ ઉત્પન્ન થયો છે." ત્યારે આ ટીકાના ભેગી કરનારાઓએ ફેરફારનો ઇકરાર કીધો. પણ તેને મુકરર કરી

શકયા નહિ.

૧૧મી શાક્ષી—૨. સમુએલ ૨૪;૯માં છે "ઇસ્રાયલમાં તલવાર ચલાવનારા શુરા પુરૂષો આઠ લાખ હતા. ને યહુદામાં પાંચ લાખ પુરૂષ હતા." અને ૧. કાળવૃત્તાંત ૨૧;૫માં છે. "ને સર્વ ઇસ્રાયલ ૧૧ લાખ પુરૂષો તલવાર ખેંચનારા હતા, ને યહુદા ૪ લાખ ૭૦ હજાર તલવાર ખેંચનારા હતા." ત્યારે એ ઇબારતમાંની એક ખોટી છે. આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૨માં સમુએલની ઇબારતની નીચે કહ્યું છે. "અને ઇબારતનું ખરૂં થવું અશકત છે. અને (બેમાંની એકને) ખરૂં ઠેરવવું કઠણ છે. પણ ઘણું ખરૂં તે પહેલી (ખરી) છે. અને જુના કરારમાંના કાળવૃત્તાંતના પુસ્તકોનાં બીજી જગ્યાઓને જોતાં ઘણો ફેરફાર થયો છે. અને બે ઇબારતને સરખી કરવું ફોગટ છે. અને રોબિનું એક શરૂથીજ જે બાબતના ઇન્કાર કરવાની શકિત નહિ માટે તેને માની લેવાય. અને જુના કરારના રચનારા તો કે ઇલહામવાળા હતા. પણ નકલ કરનારા તો એવા હતા નહિ." ત્યારે આ ટીકાકારે ફેરફાર થવાનો ઇકરાર કીધો. પણ બેમાંની એકને ખરી ઠરાવવાપર શક્તિવાન થયો નહિ. અને તેણે એકરાર કીધો કે કાળવૃત્તાંતના પુસ્તકોમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. અને તેણે ઇન્સાફ કરી કહ્યું કે, સમો માર્ગ આ છે કે શરૂથીજ ફેરફાર થયલી માની લેવું સારૂં છે.

૧૨મી શાક્ષી—ટીકાકાર હોરશાલીએ પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ઠ ૨૯૧માં ન્યાયાધિશના ૧૨;૪ની નીચે કહ્યું છે "આ કલમ ફેરફાર થયલી છે. એમાં કશો બાધો નથી."

૧૩મી શાક્ષી—૨. સમુએલ ૧૫;૮માં શબ્દ "આરામ" છે. એ ખોટો છે. અને ખરો શબ્દ "અદુમ"નો છે. અને ટીકાકાર આદમ કલાર્કે પ્રથમ તો એને ખાત્રીથી ખોટા થવાનું જજમેંટ આપ્યું ફરી કહ્યું. ઘણું ખરૂં એ લખનારની ભુલથી છે.

૧૪મી શાક્ષી—મજકુર અધ્યાયની કલમ ૭માં આવેલું છે. "અને ચાલીશ વર્ષ પછી એમ થયું; કે આબશાલોમે રાજાને કહ્યું." પણ શબ્દ ચાલીશનો ખાત્રીથી ખોટો છે. અને ખરો શબ્દ ચારનો છે. આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૨જામાં કહ્યું: "આ ઇબારત ફેરફાર થયલી છે. એમાં કશો વાંધો નથી." ફરી કહ્યું. "ઘણા વિદ્વાનો માને છે કે ચારની જગ્યા ચાલીશ લખનારની ભુલથી આવી ગયો છે."

૧૫મી શાક્ષી—આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજામાં ૧. શમુએલ ૨૩;૮ની નીચે કહ્યું છે. "કનીકાટે કહ્યું કે હેબ્રી મતનમાં આ કલમમાં ત્રણ મોટા ફેરફાર છે." ત્યારે તેણે આ જગ્યા ત્રણ મોટા ફેરફારનો ઇકરાર કર્યો.

૧૬મીશાક્ષી—૧ કાળવૃત્તાંત ૭;૬માં આવી રીતે છે. "બેન્યામીનના બેલા તથા બેકર તથા યદીઆએલ એ ત્રણ." પણ મજકુર પુસ્તકના ૮;૧,૨ માં આવી રીતે છે. "અને બેન્યામીને પોતાના જ્યેષ્ઠ પુત્ર બેલાને, બીજા આસબલને, ને ત્રીજા અહસને, ચોથા નુહાને, ને પાંચમા રફાને જન્માવ્યા." અને ઉત્પત્તિ ૪૬;૨૧માં સને ૧૮૪૮વાળી મત પ્રમાણે આવી રીતે છે. "ને બેન્યામીનના દીકરા બાલા, તથા બાખુર ને અસબલ, ગેરા તથા નામાન, એહી તથા રૂશ, તથા માપીમ તથા હુપીમ તથા આરદ." ત્યારે ત્રણે ઇબારતમાં બે રીતનો ફેરફાર છે. (૧) નામોમા (૨) ગણત્રીમાં. કેમકે પહેલાંથી જણાય છે, કે બેન્યામીનના છોકરા ત્રણ છે. અને બીજાથી જણાય છે, કે તેઓ પાંચ છે. અને ત્રીજાથી જણાય છે, કે તેઓ દશ છે. અને જ્યારે પહેલી અને બીજી ઇબારત એકજ પુસ્તકની છે. તો એકજ રચનારની વાતમાં વિરૂદ્ધતા લાગુ પડશે. અને તે એજરા ભવિષ્યવાદી છે અને આમાંતો શક નથી કે, તેઓમાં આ ઇબારતોમાંથી સાચી એકજ થવાની. અને બાકીની બન્ને જુઠી થશે. કીતાબવાળાઓના વિદ્વાનો એ વિષે હેરાન રહ્યા છે. અને તેઓએ લાચાર થઇ એજરાની તરફ ભુલ કરવું લગાડયું છે. આદમ કલાર્કે પહેલી ઇબારતની નીચે કહ્યું છે. "રચનારને ઓળખ નહિ થવાથી આ જગ્યાએ પૌત્રને પુત્રની જગ્યા અને તેથી ઊલટું તેણે લખી દીધું (જો પૃષ્ઠ ૩૪) અને એવા ફેરફારના અર્થોમાં સરખાપણું કરવું લાભ કર્તા નથી. અને યહુદીઓના વિદ્વાનો કહે છે

કે એજરા (અલે) જાણે કે આ પુસ્તક લખ્યું તેને માલૂમ નહતુ, કે એમને કેટલા પુત્રો છે. અને કેટલા પૌત્રો છે. અને તેઓ એમ પણ કહે છે, કે જે વંશાવળીના કાગળીઆંથી એજરાએ નકલ કીધી તે ઘણુંખરાં અધુરાં હતાં. પણ અમોપર જરૂર છે કે અમો એવી બાબતને છોડી દઇએ" ઓ બુધ્ધિવાન, તું આ જગ્યાને ધ્યાનમાં લે, કેવી તરેહ તેઓ ફરી યહુદી હોય, કે ખ્રીસ્તી હોય, તે લાચાર થયા છે. અને તેઓને ઇકરાર કર્યા વગર છૂટકો મળ્યો નથી, કે એજરાએ જે લખ્યું તે ખોટું છે. અને તેને પુત્રો અને પૌત્રોમાં ઓલખાણ ન હતી. અને તેને જે લખવું હતુ તેજ લખી માર્યું અને ટીકાકાર અર્થોમાં સરખાપણું કરવાથી ફાવ્યા નહિ ત્યારે તેણે આ ગળથી કહ્યું. "એવા ફેરફારના અર્થોમાં સરખાપણું કરવું લાભ કર્તા નથી." ને બીજીવાર તેણે કહ્યું. "પણ અમોપર જરૂર છે કે અમો એવી બાબતને છોડી દઇએ."

મોટો લાભ—એના ઉપર ચેતવણી કરવી જરૂર છે. તું જાણ, ખુદા તને માર્ગ બતાવો, કે પુસ્તકવાળાઓનો મોટો ભાગ કહે છે, કે પહેલું અને બીજુ કાળવૃત્તાંતને એજરાએ હગાઇ અને જખરીયા (અલે) એ બંને રસુલો (પ્રેરીતો) ની મદદથી રચેલાં. ત્યારે આ બંને પુસ્તકો ઉપર ત્રણ ભવિષ્યવાદીઓ (અલે) એકમતે થયલા. અને ઇતિહાસનાં પુસ્તકો શાક્ષી આપે છે, કે જુના કરારનાં પુસ્તકોનો હાલ નબુખદનેસરના પેશના વખત પહેલાંથીજ ઘણો માંદો હતો. અને તેના હંગામા પછી નામવગર કાંઇ બાકી રહ્યું નહોતું. અને જો એજરા આ પુસ્તકોને બીજી વાર નહિં રચતે તો, બીજી વખતમાં તો શું તેના વખતમાંએ એ મળી આવતે નહિં. અને એ બાબત એજરા તરફ લગાડેલા પુસ્તક વિષે પણ પુસ્તકવાળાઓમાં મનાયલી છે. અને પ્રોટેસ્ટંટ ટોળાવાળા તેના આકાશી પુસ્તક થવાનો ઇકરાર કરતા નહિ. પણ એવો અકીદો છતાં એ તેનો મરતબો ખ્રીસ્તી ઇતિહાસિકોનાં પુસ્તકોથી ઘટેલો નથી. તેમા (૨. એજરા ૧૪) આવી તરેહ આવેલું છે. "તૌરાત બાળી નંખાયલી તેને કોઇ જાણતું નહોતું. અને કહેવાય છે, કે એજરાએ જે કાંઇ તેમાં હતું. તેને બીજીવાર પવિત્રાત્માની મદદે ભેગું કરેલું." અને કલીમંસ આલેકઝાંડ્રીન્સે કહ્યું "આગલી પુસ્તકો જાએ(બરબાદ) થયલાં ત્યારે એજરાને ઇલહામ થયલું. કે તે બીજીવાર તેને લખે." અને તર્તલીઆને કહ્યું; "આ વાત મશહુર છે કે, બાબેલવાળાઓએ યરૂશાલેમને તારાજ કીધા પછી બધી કીતાબોને એજરાએ લખેલી." અને થ્યોફીલક્ટે કહ્યું; "પવિત્ર પુસ્તકો તદન નાબુદ થયલાં ત્યારે ફરીથી તેને એજરાએ ઇલહામથી બીજીવાર ઉત્પન્ન કીધાં," અને જોન મેલનર કેથોલીકે પોતાની કીતાબ છપાયલી ડરબી શહેરમાં સને ૧૮૪૩ માંના પૃષ્ટ ૧૧૫માં કહ્યું છે. "વિદ્વાનો એકમતે છે, કે તૌરાતની મુળ પ્રત તથા જુના કરારનાં પુસ્તકો નબુખદનેસરના લશ્કરને હાથે નાશ થયલાં; અને જ્યારે તેની ખરી નકલો એજરાને લીધે જાહેર થઇઓ તો તે નકલોપણ અન્ત્યોકસના હંગામમાં નાશ થઇ ગઇઓ." જ્યારે તે આ વચનોને જાણી લીધાં તો હવે હું મજકૂર ટીકાકારની વાત તરફ ફરું છું. અને કહું છું કે બુધ્ધિવાળાને આ જગ્યા સાત બાબતો જાહેર થશે. (૧) આ હાલની તૌરાત તે તે તૌરાત નથી, કે જેનું ઇલહામ પ્રથમ મુસા (અલે) ને થયલું. ને ફરી તેનો નાશ થવા પછી બીજીવાર એજરાએ ઇલહામથી લખેલું. નહિં તો એજરા તેના તરફ વલણ કરતે. અને તેથી વિરૂધ્ધ કરતે નહિં. અને તે પ્રમાણે નકલ કરતે. અને અધુરાં કાગળીઆં કે જેનાથી ખરૂં ખોટું ઓળખાય નહિ તેવા ઉપર ભરોસો કરતે નહિં. અને જો તેઓ કહે કે આ (તૌરાત) આબેહુબ તેજ છે. પણ અપૂર્ણ (નાકેસ) પ્રતો તેને મળેલી તેથી તેણે નકલ કરી છે. અને લખતી વેળા તે તેમાં ઓળખવો શકિતવાન થયલો નહિ. જેમ અપૂર્ણ કાગળીઆંઓમાં તે શકિતવાન થયલો નહિ, તો હું કહીશકે એમ થવાથી તૌરાત ભરોસા લાયક રહેવાની નહિ. અગર જો તેનો નકલ કરનાર એજરા છે. (૨) એજરાએ જ્યારે આ પુસ્તકમાં બબે ભવિષ્યવાદીઓની મદદ હોવા છતાંએ એ પુસ્તકના રચવામાં ભુલો કીધી. તો તેનાથી બીજાં પુસ્તકોમાં પણ ભુલ થાય એ બ

મવા જોગ છે. ત્યારે આ પુસ્તકોમાંથી કોઇ વસ્તુનો, કે જે મજબુત દલીલોને વિરૂધ્ધ હોય, અથવા ખુલ્લી વાત (બદાહત) ને આડે આવે તેવીનો જો કોઇ નકાર કરે; તો તેમાં કાંઇ દોષ નથી. જેમકે કોઇ આ વાતનો નકાર કરે. ઉત્પત્તિ અધ્યાય ૧૯માં છે કે; લુતે પોતાની બે છોકરીઓ સાથે વ્યભિચાર કીધો. ખુદાની પનાહ. અને તે બને પોતાના બાપથી ગર્ભવંતી થઇઓ. અને તે બનેથી બે છોકરા જન્મયા કે જે બને મોઆબીઓ અને આમોનિયોના બાપ છે. અને ૨. શમુએલ અધ્યાય ૧૧માં છે, કે દાઉદે ઉરિયાની સ્ત્રી સાથે વ્યભિચાર કીધો અને તેથી તે ગર્ભવંતી થઇ, ફરી તેના ધણીને બહાનુ કરી કતલ કરાવ્યો. અને તેણે તેનાપર કબજો કીધો. અને ૧. રાજા અધ્યાય ૧૧માં છે. સુલેમાન પોતાની આખર વયે તેમની સ્ત્રીઓનાબહેકાંવવાથી ધર્મથી ફરી ગયા. અને મુર્તિઓ પુજી. અને તેને માટે મંદિરો બાંધ્યાં. અને તે ખુદાની નજરમાંથી નીકળી ગયા. અને આના જેવા બીજા કીસ્સાઓ, કે જેના (સાંભળવા)થી ઇમાનવાળાઓના ચામડાં ઉપર રૂઆં ઉભાં થાય છે. અને તેને દલીલો જુઠવી રહી છે. (૩) કોઇ ચીજ (પુસ્તક કે લખાણ)માં જ્યારે ફેરફાર થયો હોય, તો તે ફેરફારને તે પછીનો ભવિષ્યવાદી ઉભો થઇ બતાડી દે અથવા તે ફેરફાર થયલી જગ્યાઓ વિષે ખુદા ખબર કરે. એ અગત્યનું નથી. તેમ ખુદાની આદત એવી રીતે ચાલી નથી. (૪) પ્રોટેસ્ટંટોના વિદ્વાનો દાવો કરે છે, કે ભવિષ્યવાદીઓ તથા શિષ્યો જો કે પાપ, ભુલ, ચુકથી પવિત્ર નથી. પણ તેઓ ખુદાનો હુકમ પોંહોંચાડવામાં તથા લખાણમાં (ભુલ કરવાથી) પવિત્ર છે. ત્યારે જે વસ્તુ તેઓએ પોહોંચવી હોય, અથવા લખી હોય, તેમાં તેઓ ભુલ ચુકથી બચેલા છે. હું કહુ છુ કે, જે એઓએ દાવો કીધો છે. તેનો આધાર તેઓનાં પુસ્તકોથી નથી. (પણ એને વિરૂદ્ધ આધાર એમનાં પુસ્તકોમાં છે જો પૃષ્ટ ૧૩) અને નહિતો એજરાનું લખાણ બે ભવિષ્યવાદીઓની મદદ હોવા છતાંએ કેમ ભુલ ચુકથી અપવિત્ર થયુ? (૫) કોઇ કોઇ વાર કોઇ કોઇ બાબતમાં ઇલ્હામની અગત્ય હોવા. છતાંએ નબીને ઇલ્હામ થતુ નથી. કેમકે એજરાને એ બાબતમાં ઇલ્હામની અગત્ય હોવા છતાંએ ઇલ્હામ થયું નહિ. (૬) ઇસ્લામવાળાઓના દાવાનું સાચાપણું પ્રગટ થયું, કે આ પુસ્તકોમાં જે કાંઇ સમાયલુ છે, તે ઇલ્હામી છે, અને ખુદાના તરફથી છે, એ અમો માનતા નથી. કેમકે ખોટું ઇલ્હામી, તથા ખુદાના તરફનું થવાની લાયકી રાખતું નથી અને તે ખોટું આ પુસ્તકોમાં બેશક મળી આવે છે. જેમકે તેં અમણાં તથા આગલી શાક્ષીઓમાં જાણી લીધુ. અને પાછલી શાક્ષીઓમાં પણ તું વહેલો જાણી લેશે જો ખુદાએ ચાહ્યુ છે તો. (૭) જ્યારે એજરા પોતાના લેખમાં (ભુલ) ચુકથી બચેલા નહિ થયા. તો માર્ક તથા લુક ઇંજીલવાળા, કે જેઓ શિષ્યો પણ ન હતા. તેઓ શી રીતે પોતાના લખાણોમાં (ભુલ) ચુકથી બચેલા રહે? કેમકે એજરા (અલે) કીતાબવાળાઓમાં ઇલ્હામવાળા ભવિષ્યવાદી છે. અને બે ઇલ્હામવાળા ભવિષ્યવાદી તેમને લખવામાં મદદગાર હતા. અને માર્ક તથા લુક ઇલ્હામવાળા ભવિષ્યદીઓ હતા નહિ. એટલુંજ નહિ પણ માથી અને યોહાન એવીજ રીતે અમારામાં ઇલ્હામી નથી; અગરજો પ્રોટેસ્ટંટ ટોળાના ખ્રીસ્તીઓનો વિચાર એથી વિરૂધ્ધ છે. અને આ ચારે ઇંજીલવાળાઓની વાતો ખોટારાથી તથા ખુલ્લા ફેરફારથી ભરેલીઓ છે.

૧૭મી શાક્ષી—આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજામાં ૧. કાળવૃત્તાંત ૮;૨૯ની નીચે કહ્યુ છે; "આ અધ્યાયમાં આ કલમથી તે ૩૮મી કલમ સુધીમાં; તથા અધ્યાય ૯;૩૫-૪૪માં નામોનો ફેરફાર મળી આવે છે. યહુદીના વિદ્વાનોએ કહ્યુ કે, એજરાને બે પુસ્તકો મળેલાં કે જેમાં આ ફકરાઓ જરા ફેરફાર નામો સહિત મળેલા. પણ તેને ઓળખ મળી નહિ, કે બેમાંથી કયું ખરૂં છે. જેથી તેણે બંનેની નકલ કીધી." અને આ જગ્યા તું કહી શકે છે. જેવું કે આગલી શાક્ષીમાં ગુજરી ગયું.

૧૮મી શાક્ષી—૨. કાળવૃત્તાંત ૧૩;૩માં અબિયાહના લશ્કરની ગણત્રીમાં શબ્દ ચાર લાખનો છે. અને યરબામના લશ્કરની ગણત્રીમાં શબ્દ

આઠ લાખનો છે. અને કલમ ૧૭માં યરબામનાં લશ્કરના મરેલાની ગણત્રી વિષે શબ્દ પાંચ લાખનો છે. પણ એ ગણત્રી આ રાજાઓને જોતાં, અંદાજા (કયાસ)થી ઉલટી છે તો લેટિન તરજુમાની ઘણી ખરી પ્રતોમાં પહેલી જગ્યામાં ચાલીશ હજારથી તથા બીજી જગ્યામાં એંસી હજારથી, તથા ત્રીજી જગ્યામાં પચાસ હજારથી ફેરવી કહાડયા છે. અને ટીકાકારોએ એ ફેરવી નાંખવાને પસંદ કીધું છે. હોર્ને પોતાની ટીકાના ભાગ પહેલામાં કહ્યું છે; "ઘણું ખરૂં આ પ્રતો (લેટિન તરજુમાની પ્રતો)ની ગણત્રી ખરી છે" અને આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજામાં કહ્યું છે " જણાય છે કે નાની ગણત્રી (જે કે લેટિન તરજુમાની પ્રતોમાં છે.) તે બહુજ ખરી છે. અને આ કાળવૃ-તાંતના પુસ્તકોમાં ફેરફાર થવાથી અમોને ઘણીવાર ફરિયાદ કરવાની જગ્યા મળે છે." આ ટીકાકારે ફેરફાર થવાનો કબુલ કીધા બાદ આ જગ્યાં ઘણી ખરી ગણત્રીમાં ફેરફાર થવાનું ખુલ્લું કહ્યું છે (જો પૃષ્ટ ૭૨)

૧૯મી શાક્ષી—૨. કાળવૃ-તાંત ૩૬;૯માં છે. "અને યહોયાકીન રાજા થયો ત્યારે આઠ વર્ષનો હતો" પણ શબ્દ આઠ વર્ષનો ખોટો છે. અને ૨ રાજા ૨૪;૮ને વિરૂધ્ધ છે. "યહોયાકીન રાજા થયો ત્યારે તે અઢાર વર્ષનો હતો." આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજામાં, રાજાઓના પુસ્તકની ઇબારતની નીચે કહ્યું છે:"૨. કાળવૃતાંત ૩૬;૯માં શબ્દ આઠનો છે પણ તે બેશક ખોટો છે. કેમકે તેનું રાજ ૧૩ માસ રહેલું. અને ફરી તે બાબેલમાં કેદી થઇને ગયો અને તે કેદમાં હતો અને તેની બાયડીઓ તેના સાથે હતી. અને ઘણું ખરૂં આઠ કે નવ વર્ષના છોકરાને બાયડીઓ થતી નહિ. અને શંકાપણ કરવામાં આવે છે, કે આટલા નાના છોકરાને કહેવાય કે તેણે ખુદાના કામને નાપસંદ કીધું. ત્યારે એ જગાઓ (મજકુર) પુસ્તકની ફેરફાર થયલીઓ છે." (જો પૃષ્ટ ૫૧)

૨૦મી શાક્ષી—ગીત ૨૧;૧૭માં કેટલીક પ્રત પ્રમાણે અથવા ગીત ૨૨;૧૬માં હેબ્રી પ્રતમા આ વાકય આવેલું છે. "મારા બને હાથો સિંહ જેવા છે." કેથોલીક તથા પ્રોટેસ્ટન્ટ ટોળાના ખ્રીસ્તીઓ પોતાના ભાષાંતરોમાં એને આવી રીતે નકલ કરે છે. "તેઓએ મારા હાથ તથા પગ વિંધ્યા છે." ત્યારે આ બધા એક મતે આ જગ્યા હેબ્રી મતને ફેરફાર થવાપર છે.

૨૧મી શાક્ષી—આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૪થામાં યશાયા ૬૪;૨ની નીચે કહ્યું છે. "હેબ્રી મતન આ જગ્યા ઘણુંજ બદલાઇ ગયુ છે. અને ખરૂં આવી તરેહ થાય છે 'જેમકે મોમ અગ્નિથી પીગળે છે."

૨૨મી શાક્ષી—મજકુર અધ્યાયની કલમ ૪ આવી તરેહ છે. "ને પહેલાંથી તેઓએ સાંભળ્યું નથી, ને કાને જાણ્યું નથી, ને આંખે જોયું નથી કે તારા સિવાય કોઇ દેવ તેની વાટ જોનારને સારૂ એવું કરે." અને પાઉલે ૧. કરીંથીઓને પત્ર ૨;૯માં એ કલમને આવી રીતે નકલ કરી છે. "પણ જેમ લખ્યું છે તેમ આંખે જે જોઇ નથી, ને કાને જે સાંભળી નથી, ને માણુસમાં હૃદયમાં જે પેઠી નથી, દેવે પોતાના પ્રેમ કરનારાઓને સારૂ જે તૈયાર કીધી છે." આ બંનેમાં કેટલો ફરક છે. ત્યારે એમાંની એક બદલાયલી છે હેનરી અને સ્કાટની ટીકામાં છે. 'હેબ્રી મતનફેરફાર થયલું છે. એવો બિનો મત છે" અને આદમ કલાર્કે યશાયાની ઇબારતની નીચે પ્રથમ ઘણુંખરાં મતો લખ્યાં છે. અને તેનું ખંડન તેણે કીધું છે. ફરી તેણે કહ્યું. "હું હેરત છું કે વાંચનાર આગળ, આ મુશ્કેલીમાં બે બાબતો વગર શું મુકું? કતો તેઓ માની લે કે યહુદીઓએ આ જગ્યામાં હેબ્રી મતન તથા ગ્રીક ભાષાંતરમાં જાણી જોઇને ફેરફાર કીધો છે. જેમકે જુના કરારથી નવા કરારમાં નકલ થયલી બીજી જગાઓ વિષે મજબુત ખાત્રી કરવામા આવે છે. વાંચો ઓવીનનું પુસ્તક અધ્યાય. ૬-૯ સુધી ગ્રીક તરજુમા વિષે. અથવા એવું મનાય કે પાઊલે આ પુસ્તકથી નકલ કરી નથી. પણ બનાવટી પુસ્તકોમાંનાં એક બે પુસ્તકોથી નકલ કીધી છે. એટલે યશાયાની મેયરાજ તથા એલિયાના પ્રકટીકરણુથી, કે જે બંનેમાં આ ફકરા મળી આવે છે. અને કેટલાકોએ ધાર્યું છે, કે શિષ્યોએ બનાવટી પુસ્તકોથી નકલ કીધી છે. કદાપિ લોકો પહેલી વાતને સહેલાઇથી કબુલ કરે નહિ. માટે હું જેનારાઓ માટે મોટી ચેતવણી આપું છું, કે જેરામે બી

છે વાતને ધર્મ તજવાથી જુ઼ડું ગણ્યું છે."

૨૩-૨૮મી શાક્ષી-હોર્ને પોતાની ટીકાના ભાગ બીજામાં કહ્યું છે. "નીચે તફસીલવાર (બતાવેલા) ફકરાઓ ફેરફાર થયલા જણાય છે. (૧) મલાકી. ૩;૧ (૨) મીકા ૫;૨ (૩) ગીત ૧૬;૮-૧૧ (૪) આમોસ ૯;૧૧-૧૨ (૫) ગીત ૪૦;૬-૮ (૬) ગીત ૧૧૦;૪" ત્યારે તેઓના સત્ય શોધકે આ જગ્યાઓની કલમોના ફેરફાર થવાનો ઇકરાર કીધો છે. અને તેના એકરાર કરવાનું કારણ એ છે, કે પહલી જગ્યાને માથીએ પોતાની ઇંજીલમાં ૧૦;૧૧માં નકલ કીધી છે. પણ જે તેણે નકલ કીધી તે મલાકીની વાત જે હેબ્રી મતનમાં તથા પુરાના તરજુમામાં નકલ થયનુ તેથી એ રીતે વિરૂદ્ધ છે. (૧) આ વાકય. " જો હું મારા દુતને તારા મ્હોં આગળ મોકલું છું." માં શબ્દ "તારા મ્હોં આગળ" નો માથીની ઇંજીલમાં નકલમાં વધારો થયો છે. એ મલાકીની વાતમાં મળે નહિ. (૨) તેની નકલમાં "તારી આગળ માર્ગ સિદ્ધ કરશે" છે. અને મલાકીમાં "મારી આગળ માર્ગ સિદ્ધ કરશે" છે. અને હોર્ને નોટમાં કહ્યું છે. "પુરાની પ્રતોમાં ફેરફાર થયો છે. એ વગર વિરૂદ્ધ થવાનું કારણ સહેલાઇથી બ્યાન થાય તેમ નથી." બીજી જગ્યાને પણ માથીએ ૨;૬માં નકલ કીધી છે. અને એ બંનેમાં ફેરફાર છે. અને ત્રીજી જગ્યાને લુકે પ્રેરીતોના કૃત્ય ૨;૨૫-૨૮માં નકલ કીધી છે. પણ એ બંને જગ્યામાં ફેરફાર છે. ચોથી જગ્યાને લુકે પ્રેરીતોના કૃત્ય ૧૫;૧૬-૧૭માં નકલ કીધી છે. પણ એ બંનેમાં ફેરફાર છે. પાંચમી જગ્યાને પાઉલે હેબ્રીઓને પત્ર ૧૦;૫-૭માં નકલ કીધી છે. પણ એ બંનેમાં ફેરફાર છે (જો પૃષ્ટ ૬૦) અને છઠ્ઠી જગ્યાનો હાલ મને સારી રીતે જણાયો નથી. પણ જ્યારે એઓમાંના સત્ય શોધકોમાંનો માતબર હોર્ન છે, તો તેનો એકરાર એઓ ઉપર દલીલ થવા માટે પુરતો છે.

૨૯મી શાક્ષી— નિર્ગ ૨૧;૮માં મુળ હેબ્રી મતનમાં દાશીના કાયદા વિષે "ના" કહેવાયું છે. પણ નોટની ઇબારતમાં તો "હા" આવેલું છે.

૩૦મી શાક્ષી—લેવી ૧૧;૨૧માં હેબ્રી મતનમાં પૃથ્વી ઉપર ચાલનારાં પક્ષીઓના કાયદામાં "ના" કહેવાયું છે. પણ નોટની ઇબારતમાં "હા" આવેલું છે.

૩૧મી શાક્ષી—લેવી ૨૫;૩૦માં મતનમાં ઘર વિષેના કાયદામાં "ના" આવેલું છે. પણ નોટની ઇબારતમાં "હા" છે. પ્રોટેસ્ટંટ વિદ્વાનોએ આ ત્રણે જગ્યામાં પોતાનાં ભાષાંતરોમાં "હા" ને તથા નોટની ઇબારતને પસંદ કીધી છે. અને મુળ મતનને છોડી દીધું છે. ત્યારે તેઓમાં આ જગ્યાએ મુળ ફેરફાર થયલું છે. અને એમાં ફેરફારના થઇ જવાથી ત્રણે કાયદાઓમાં કે, જે એમાં સમાયલા છે. તેમાં (શક) શુબહ પડી ગયો. ખાત્રીથી જણાયલું નથી કે "ના" કહે છે તે હુકમ ખરો છે અથવા "હા" કહે છે તે ખરો. આથી તમો સમજી ગયા હશો કે તેઓ કહે છે કે, ફેરફાર થઇજવાથી આકાશી પુસ્તકોના કાયદાઓ (અહકામો)માંનો કોઇ કાયદો જતો રહયો નથી એ ખરૂં નથી.

૩૨મી શાક્ષી—પ્રેરીતોનાં કૃત્ય ૨૦;૨૮માં છે. "એ માટે કે દેવની મંડળી જે તેણે પોતાના લોહીથી વેચાતી લીધી તેનું તમે પાલન કરો." ગ્રીજબાકે કહ્યું. શબ્દ "દેવ"નો ખોટો છે. ખરો શબ્દ "પ્રભુ"નો છે. ૧ ત્યારે તેની આગળ શબ્દ દેવનો ફેરફાર થયલો છે

૩૩મી શાક્ષી—૧. તિમોથી ૩;૧૬માં છે. "દેવ દેહમાં પ્રગટ થયો." ગ્રીજબાકે કહ્યું. શબ્દ "દેવ"નો ખોટો છે. ખરૂં તો ત્રીજો પુરૂષ સર્વનામ (જમીર ગાએબની) છે." એટલે "તે" કહેવાનું જોઇએ. ૨

૩૪મી શાક્ષી—પ્રકટી ૮;૧૩માં છે "ફરી ફીરસ્તાને મેં ઉડતાં જોયો." ગ્રીજબાક તથા શોલઝે કહ્યું. શબ્દ "ફીરસ્તા"નો ખોટો છે. અને ખરો શબ્દ ઓકાબ (ગરૂડ)નો છે

---

(૧) અરબી બૈબલ છપાયલું સને ૧૮૧૧માં દેવ તથા પ્રભુ (રબ) બંને લખાયા છે. તથા "તેણે પોતાના લોહીથી વેચાતી લીધી"ની જગ્યાએ "તેણે પોતાના લોહીથી બનાવી છે." તે છે અને અરબી છપાયલું સને ૧૮૬૦માં તેણે પોતાના લોહીથી પાળ્યા છે." એ છે ગુ૦ મો.

૨. ઉર્દુ બૈબલ છપાયલું સને ૧૮૭૦વાળામાં એ જગ્યાની નોટમાં છે. કે "તે દેહમાં પ્રગટ થયો" "તે"ની જગ્યા "દેવ" લખવાની તેઓની મતલબ આ છે કે ઇશુ ખુદા ઠરે. ગુ૦ મો૦

૩૫મી શાક્ષી—એફેસીઓનું પત્ર ૫:૨૧માં છે. "દેવના ભએ એક બીજાને આધિન (તવાબે કરનાર) થાઓ." ગ્રીજબાક તથા શોલઝ કહ્યું શબ્દ "દેવનો" ખોટો છે અને ખરો શબ્દ "ખ્રિસ્ત"નો છે.

લંબાણ થવાની બીહીકથી પહેલી ગરજની શાક્ષીઓ આટલેથી બસ કરૂં છું.

ગરજ બીજી

વધારો કરવાના ફેરફારની સાબિતીમાં.

તું જાણ કે જુના કરારનાં આઠ પુસ્તકો સને ૩૨૪ સુધી ખ્રીસ્તીઓમાં શક ભરેલાં ના કબુલ થયલાં હતાં. અને તે આ છે:—

(૧) એસ્તેરનું પુસ્તક, (૨) બારૂકનું પુસ્તક, (૩) તોબયાનું પુસ્તક, (૪) યહુદેથનું પુસ્તક, (૫) વજદમ (Sagesse)નું પુસ્તક, (૬) ઇકલીજયાસતીક્ષ, (૭) મકાબીઓનું ૧લું પુસ્તક, (૮) મકાબીઓનું બીજું પુસ્તક. અને ઇ૦ સન ૩૨૫માં કોન્સટાંટીન રાજાના હુકમથી એક સભા ખ્રીસ્તી વિદ્વાનોની નીસ શહેરમાં ભરાઇ, કે તેઓ મનસુબો કરે; અને આ શક ભરેલાં પુસ્તકો વિષે તેઓ તપાસ કરે. ફરી મનસુબો તથા તપાસ કર્યા પછી એમણે હુકમ કીધો કે, યહુદેથનું પુસ્તક વાજબી રીતે માનવા લાયક છે. અને બાકી પુસ્તકોને જેમ હતાં તેમ શક ભરેલાંજ રહેવા દીધાં. અને આ વાત જેરોમની પ્રસ્તાવના થી કે જે તેણે તે પુસ્તક પર લખી છે તે ઉપરથી જણાઇ આવે છે. તે પછી લુદીસયા સભા સને ૩૬૪માં ભરાઇ, એ સભાના વિદ્વાનોએ આગલી સભાના વિદ્વાનોના હુકમને યહુદેથના પુસ્તક વિષે બહાલ રાખ્યો. અને એના ઉપર સહદું પુસ્તકોમાંથી એસ્તેરના પુસ્તકને વધાર્યું. અને જાહેર પત્રની મારફતે પોતાના હુકમને તેઓએ ટેકો આપ્યો. તે પછી સને ૩૯૭માં કાર્થેજ સભા ભરાઇ. અને એ સભામાં ૧૨૭ પ્રખ્યાત વિદ્વાન હતા. તેમાં તેઓનો માનીતો, પ્રખ્યાત મહાવિદ્વાનોમાંનો ઓગસ્ટીન હતો. એ વિદ્વાનોએ આગલી બંને સભાની વાતને બહાલ રાખી, અને બાકીનાં પુસ્તકોને તેઓએ માની લીધાં. પણ તેમણે બારૂકના પુસ્તકને ઇર્મયાના પુસ્તકના અંગ તરિકે ગણ્યું. કેમકે બારૂક (અસલે) ઇર્મયાના નાએબ તરીકે હતા. એજ કારણથી તેઓએ બારૂકના પુસ્તકનું નામ પુસ્તકોના લીસ્ટમાં જુદું લખ્યું નહિ.

તે પછી બીજી ત્રણ સભાઓ એટલે તર્લુ, ફ્લોરેન્સ, તથા ત્રેંટની સભાઓ ભરાઇ. પછી તે સભાઓના ભરાયા પછી મજકુર પુસ્તકો ખ્રીસ્તીઓનાં મોટા ટોળામાં મનાતાં થઇ ગયાં. અને સને ૧૨૦૦ સુધી એ બાકી રહ્યાં. ફરી પ્રોટેસ્ટંટ ટોળું જાહેર થયું. તેઓએ પોતાના આગલાઓની વાતને તોબયા, બારૂક, યહુદેથ, વજદમ, ઇકલીજયાસતીક્ષ અને મકાબીઓનાં પુસ્તકો વિષે રદ કીધી. અને તેઓએ કહ્યું કે આ પુસ્તકો ઇલહામી નથી. પણ રદ કરવા જોગ છે. અને તેમણે તેઓના હુકમને એસ્તેરના પુસ્તકના એક ભાગ વિષે રદ કીધો. કેમકે એ પુસ્તક અસલ ૧૬ અધ્યાયનું હતું. તો તેમણે પહેલાં ૯ અધ્યાય તથા ૧૦મા અધ્યાયની ૩ કલમો માની. અને ૧૦ કલમ એ અધ્યાયની તથા બાકીના ૬ અધ્યાયને તેઓએ રદ કીધા. અને તેમણે કેટલાંક કારણોથી આધાર પકડયો. (૧) યોસેબીયસ ઇતિહાસિકે, ૪થા પુસ્તકનો અધ્યાય ૨૨માંમાં કહ્યું છે કે, આ પુસ્તકોમાં વિશેષે કરી મકાબીઓનું બીજું પુસ્તક ફેરફાર થઇ ગયું છે. (૨) યહુદીઓ એને ઇલહામી કહેતા નથી.[1] અને રોમી મંડળીવાળા જેઓ કે એની તાદારી કરનારા છે, તે આજ સુધી પણ પ્રોટેસ્ટંટ ટોળાથી વધારે છે, તેઓ આજ સુધી એ પુસ્તકોને માને છે. અને માને છે કે એ ઇલ્હામી છે. વાજબી રીતે માનવા લાયક છે. અને તેઓનાં લેટિન ભાષાંતરમાં કે જે મનાયલું છે. અને તેઓમાં ઘણુંજ માતબર છે. તેઓના ધર્મ તથા દયાનતદારીનો આધાર છે. તેમાં એ પુસ્તકો દાખલ છે.

જ્યારે તેં એ જાણી લીધું તો હું કહું છું કે—વધારો કરી ફેરફાર કરવું પ્રોટેસ્ટંટ અને યહુદી ટોળા આગળ એથી કયું વધારે હશે કે, જે પુસ્તકો સને ૩૨૪ સુધી અમાનિતાં હતાં, અને ફેરફાર થયલાં અઇલ્હામી હતાં. તેને ખ્રી

[1] વાંચો પૃષ્ઠ ૩૨-૩૩

સ્ત્રીઓના આગળાઓએ અનેક સભાઓમાં વાજબી રીતે માનવા લાયક ઠરી નાંખ્યાં. અને તેને ઇલ્હામી પુસ્તકોમાં દાખલ કીધાં. અને તેઓના વિદ્વાનો એના ખરા થવા વિષે તથા તેના ઇલ્હામી થવા વિષે એકે મતે થયા હતા. અને રોમી મંડળીવાળા આજ લગી તેના ઇલ્હામી થવા ઉપર અડી રહ્યા છે. આથી જાહેર થયું કે. તેઓના આગલાઓના એકે મતે થવાનો કશો ઇતબાર નથી. અને આ એકે મતે થવું સામાવાળા આગળ મજબુત દલીલ તો શું નિર્બળ દલીલ પણ નથી. ત્યારે જેમ તેઓ આ ફેરફાર થયલાં, અઇલ્હામી પુસ્તકો ઉપર એકે મતે થયા તો થઇ શકે છે, કે આ ચાલુ થયલી ઇંજીલોને ફેરફાર થયલી તથા અઇલ્હામી થવા ઉપર એકે મતે થાય. શું તું જોતો નથી, કે આ આગળાઓ ગ્રીક પ્રતના ખરા થવા ઉપર એકે મતે થયા હતા. અને તેઓ હેબ્રી પ્રતને ફેરફાર થયલી માનતા હતા અને તેઓ કહેતા હતા કે, યહુદીઓએ એને ઇ૦ સ૦ ૧૩૦ માં ફેરફાર કરી નાંખી છે. જેમ કે તેં આગલી ગરજની બીજી શાક્ષીમાં જાણીલીધું છે. અને ગ્રીક મંડળી તથા એવીજ તરેહ પૂર્વની મંડળી આજ સુધી પણ તેના (ગ્રીક પ્રતના) ખરા થવા ઉપર એકે મતે છે. અને તેઓનો અકીદો આગળાઓના અકીદા જેવો છે. અને પ્રોટેસ્ટંટ વિદ્વાનોના મોટા ભાગે સાબેત કીધું છે, કે આગળાઓનું તેમ તેઓના તાબેદાર પાછલાઓનું એકે મતે થવું ખોટું છે. અને તેઓએ (ગ્રીક વગેરે મંડળીઓના કહેવાથી) મામલાને ઉલટો કરી નાંખ્યો છે. ને ગ્રીક (પ્રત) વિષે જેમ તેઓના આગલાઓએ કહ્યું તેમ તેઓએ હેબ્રી પ્રત વિષે અકીદો રાખ્યો. અને કહ્યું. અને એવીજ તરેહ રોમી મંડળી લેટિન ભાષાંતરના ખરા થવા ઉપર એકે મતે થઇ. અને પ્રોટેસ્ટંટ વિદ્વાનોએ સાબેત કીધું છે, કે તે બદલાઇ ગયું છે. એટલુંજ નહિ પણ કોઇ તરજુમો એના જેવો બદલાયો નથી. હોર્ને પોતાની ટીકા છપાયલી સને ૧૮૨૨ ના ભાગ ૪ થાના પૃષ્ટ ૪૬૩ માં કહ્યું છે; " આ ભાષાંતરમાં ૫) મા સૈકાથી તે ૧૫ મા સૈકા સુધીમાં ફેરફાર તથા ઘાલમેલ ઘણી થઇ છે. " ફરી તેણે પૃષ્ટ ૪૬૭ માં કહ્યું: " તારા દીલમાં આ બાબત થકી જરૂર છે, કે લેટિન ભાષાંતરને જેમ કોઇ ભાષાંતર બદલાઇ ગયું નથી. તેના નકલ કરનારાઓએ બેપ્રવાહથી નવા કરારનાં પુસ્તકોના કેટલાક ફકરા બીજામાં દાખલ કીધા. અને એવીજ તરેહ નોટની ઇબારતને મતનમાં તેઓએ દાખલ કીધી. " અને જ્યારે તેઓમાં માન પામેલા, પુરતી રીતે ચલણ થયલા ભાષાંતર વિષે તેઓનું એવું કામ છે. તો ફરી મુળ મતન કે જે એના જેવું ચલણવાળું તેઓમાં ખાત્રીથી ન હતું. તેને તેઓએ બદલી ન કહાડયું, એ કેમ કરીને આશા રખાય? એટલુંજ નહિ પણ તેઓમાંના જેણે ભાષાંતરને બદલી નાંખવાની ઝડપ કીધી. તેણે મુળ (મતન) ને બદલી નાખવાની ઝડપ કીધેલી, કે જેથી તેના જાતભાઇઓ આગળ તેનું કામ ઢંકાયલું રહે. અને પ્રોટેસ્ટંટ ટોળાથી અજબ છે કે, તેઓએ જ્યારે આ પુસ્તકનો નકાર કીધો. તો શા માટે એસ્તેરના પુસ્તકના અંગ (અધ્યાય ૯ તથા ૩ કલમ) ને બાકી રાખ્યું. અને એકદમ એનો તેઓએ ઇનકાર કેમ નહિ કીધો? કેમકે એ પુસ્તકમાં શરૂથી તે આખર સુધી ખુદાનું નામ મળે નહિ. તેના ગુણો અને તેના હુકમનું વર્ણન થવું તો કોરે રહ્યું. અને એના રચનારનો હાલ જણાયો નથી. જુના કરારના ટીકાકારો એને ખાત્રીથી કોઇ માણસ તરફ લગાડતા નથી. પણ ધારણા અને અટકળથી (લગાડે છે). તેઓના કેટલાકોએ માબદના વિદ્વાનો તરફ કે જેઓ એજરા (અસે) ના વખતથી તે સીમનના વખત સુધીમાં થયા છે. તેઓના તરફ લગાડયું છે. અને ફેલો યહુદીએ યહોયાકીન કે જે યશુઆનો દિકરો કેદથી છુટવા પછી બાબેલથી આવેલો તેના તરફ લગાડયું છે. અને ઓગસ્ટીને એ જરા (અસે) તરફ લગાડયું છે. અને કેટલાકોએ મારદેકાઇ તરફ લગાડયું છે. અને કેટલાકો તેના તરફ તથા એસ્તેરના તરફ. કેથોલીક હેરોલ્ડ ભાગ બીજાના પૃષ્ટ ૩૪૭માં છે. " મહા વિદ્વાન મલીટને આ પુસ્તકના નામને મનાયલાં પુસ્તકોના નામની હેઠળ લખ્યું નથી. જેમકે યોસેબીયસે મં

ડળીના ઇતિહાસમાં ચોથા પુસ્તકના અધ્યાય ૨૬ મામાં કહ્યું છે અને ક્રીજરન્પ્રજીનજીએ ખરાં પુસ્તકોના નામને કવિતામાં એકઠાં કીધાં છે. પણ આ પુસ્તકના નામને તેણે લખ્યુ નથી. અને એ મરીમોક્ષે સલ્યુકસ તરફ પોતાની કવિતા લખેલી તેમાં આ પુસ્તકપર પોતાની શંકા જાહેર કીધેલી. અને ઇતલાનિસ્યિસે પોતાના લખાણ ૩૯ માં આ પુસ્તકનું ખંડન, કીધેલું અને નિંદા કીધેલી.

૨જી શાક્ષી—ઉત્પત્તિ ૩૬;૩૧માં આવી રીતે છે. "ઇશ્રાયલ પુત્રોપર કોઇ રાજાએ રાજ્ય કીધા પહેલાં અમુક દેશમાં જે રાજા રાજ્ય કરતા હતા, તે એ." આ કલમ મુસા (અલે)ની કહેલી થઇ શકતી નથી. કેમકે એ બતાવી આપે છે કે, એનો બોલનાર ઇશ્રાયલ પુત્રોનું રાજ્ય સ્થાપન થયા પછીનો છે. અને તેઓનો પ્રથમ રાજા શાઉલ છે. અને એ મુસા (અલે) પછી ૩૫૬ વર્ષે થયો છે. (તો એનો બોલનાર મુસા (અલે) પછી સેંકડો વર્ષ પછી થયલો.) આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ પહેલામાં આ કલમની નીચે કહ્યું; "મારી મોટી ધારણા છે કે, મુસાએ એ કલમને તથા તે પછી થી તે ૩૯મી કલમ સુધીને લખી નથી. એટલુંજ નહિ પણ એ કલમો ૧. કાળવૃત્તાંત અધ્યાય ૧ની કલમો છે. અને લગભગ ખરી ખાત્રી અને મજબુત ધારણાથી હું કહુ છું કે—એ કલમો ખરી તૌરાતની પ્રતની નોટમાં લખેલી હતી. તો નકલ કરનારે (કોપી ઉતારનારે) ધાર્યું કે, એ અંગ મતનનું છે. ફરી તેણે તેને તેમાં દાખલ કીધી" તો આ ટીકાકારે ૯ કલમોને ધાલમેલ થવાનો ઇકરાર કીધો અને એના એકરારથી લાઝુમ પડે છે કે, તેઓનાં પુસ્તકો ફેરફાર કરવાને પાત્ર હતાં. કેમકે આ ૯ કલમો તૌરાતની નહિ હોવા છતાંએ તેમાં દાખલ થઇ. અને તે પછી બધી પ્રતોમાં ફેલાઇ ગઇ.

૩જી શાક્ષી—પુનર્નિયમ ૩;૧૪ "મનાસ્સાના દિકરા યાઇરે ગેશુરની તથા માકતીની સીમો સુધી સર્વે અર્ગોબ દેશ લીધો. ને તેણે પોતાના નામ પ્રમાણે તેઓને આજ દિવસ સુધી બાશન હાવોતયાઇર નામ પાડ્યુ." આ કલમ પણ મુસા (અલે) ની કહેલી થઇ શકતો નથી. કેમકે એનો બોલનાર યાઇરથી ઘણો પાછળ થવો જોઇએ. જેતું કે તેનું કહેવું, "આજ દિવસ સુધી" (નો શબ્દ) પ્રગટ કરે છે. કેમકે એવો શબ્દ દુરના વખત વગર વપરાતો નથી. જેવું કે એઓના સત્ય શોધક વિદ્વાનોએ સિદ્ધ કીધું છે. જેને તું વહેલો જાણી લેશે. મહા વિદ્વાન પ્રખ્યાત હોર્ને આ બંને ફકરાઓને પોતાની ટીકાના ભાગ ૧લામાં શાક્ષી બીજી તથા ૩જીમાં નકલ કીધા છે. તેના વર્ણનમાં કહ્યું; "આ બંને ફકરા મુસાના બોલેલા થઇ શકતા નથી. કેમકે પહેલો ફકરો બતાવી આપે છે કે, એ પુસ્તકનો રચનાર ઇશ્રાયલમાં રાજ્ય સ્થાપાયા પછીનો છે. અને બીજો ફકરો બતાવી આપે છે, કે પાલેસ્ટાઇનમાં યહુદીઓનું રાજ્ય સ્થાપાયા પછીનો છે. પણ જો અમો માની લઇએ કે એ બંને ધાલમેલ થયા છે, તો (પવિત્ર) પુસ્તકોને ખરાં થવામાં નુકશાનીને માર્ગ મળવાનો નહિ. અને જે કોઇ બારીક નજરથી જોશે તો તે જાણી લેશે કે, આ બંને ફકરાઓ માત્ર અઉપયોગી છે, તેમ નથી. પણ એ બંને પુસ્તકના મતન ઉપર બોજ આપનાર છે, મુખ્યત્વે કરી બીજો ફકરો; કેમકે તેનો રચનાર મુસા હતે અથવા કોઇ બીજો હતે તો, "આજ દિવસ સુધી" નો શબ્દ કહેતે નહિ. તો ઘણું ખરૂં પુસ્તકમાં આટલું હશે. "મનાસ્સેના દિકરા યાઇરે ગેસુરની તથા માકતીની સીમો સુધી સર્વ અર્ગોબ દેશ લીધો; ને તેણે પોતાના નામ પ્રમાણે તેઓનું બાશન હાવોતયાઇર નામ પાડ્યું." તે પછી સૈકાઓના વિત્યા પછી આ શબ્દ નોટમાં વધારાયો છે. જેથી જણાઇ આવે છે કે, યાઇરે તેનું જે નામ રાખ્યું છે. તે જ નામ આજ સુધી છે. ફરી તે ઇબારત નોટથી પાછલી પ્રતોના મતનમાં નકલ થઇ ગઇ. અને જો કોઇ માણસ એ વિષે શક કરનાર હોય તો તે એક પ્રતોને જુએ. કેટલીક ધાલમેલ, કેટલીક પ્રતોના મતનમાં થયલી તે, કેટલીક પ્રતોની નોટમાં મળી આવે છે. એવું તેમાં દેખાશે." તો તેણે એકરાર કીધો કે આ બંને ફકરા મુસા (અલે)ના બોલેલા થઇ શકતા નથી. અને તેનું કહેવું "તો ઘણું ખરૂં" ઇત્યિ બતાવી આપે છે કે, તેની પાસે એ બાબતમાં તેની ધારણા વગર કોઈ સનદ મળે નહિ. અને આ પણ (બતાવી આપે છે) કે આ પુસ્તકો રચાયાથી કઇ સૈકાના વિત્યા પછી આ

બનારથી બદલી નંખાય તેમ છે. કેમકે એ શબ્દ તેના એકરાર પ્રમાણે કાંઇ સૈકાઓના વિત્યા પછી વધારાયો છે. એમ છતાંએ તે (પવિત્ર) પુસ્તકનું અંગ બની ગયો છે, અને પાછળથી બધી પ્રતોમાં ફેલાઇ ગયો. અને તેનું કહેવું, "જો અમો માની લઇએ કે એ બને ધાલમેલ થયાં છે, તો પુસ્તકને ખરા થવામાં નુકસાનીને માર્ગ મળવાનો નહિ." એ તેની નકુવતીને બતાવી આપે છે, અને એ જાહેર છે.[1] હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ બીજા ફકરાની નીચે કહ્યું: "પાછલું વાકય ધાલમેલ થયું છે. મુસા પછી કોઇએ એને દાખલ કીધું છે. એ જો છોડી મુકાય તો મજમુનમાં ભંગાણ આવતો નથી." હું કહું છું કે પાછલા વાકયને ખાસ કરવું ફોગટ છે, કેમકે બીજો ફકરો આખો મુસા (અલે)નો કહેલો થઇ શકતો નથી જેમકે હોર્ને એકરાર કીધો છે.

ચેતવણી—બીજા ફકરામાં એક વસ્તુ રહી ગઇ છે. તે એ કે યાઇર મનાસ્સાનો છોકરો નથી; પણ તે સાગબનો છોકરો છે. જેમકે ૧. કાળવૃત્તાંત ૨;૨૨માં છે.

૪થી શાક્ષી—ગણના ૩૨;૪૦ "ને મનાસ્સેના દીકરા યાઇરે જઇને તેનાં ગામો જબરાઇથી લીધાં, ને તેને તેણે પોતાના નામ પ્રમાણે હાવોત યાઇર કહ્યું." આ કલમનો હાલ પુનર્નિયમના પુસ્તકની કલમ સરખો છે. અને (તેને) ત્રીજી શાક્ષીમાં તેં જાણી લીધું છે. બૈબલનો શબ્દ કોષ કે જે અમેરિકા, ઇંગ્લંડ, અને હિંદુસ્તાનમાં છપાયો છે. અને તેને કાલમટે રચવા શરૂ કીધેલો, અને રાબટ તથા ટેલરે પુરો કીધો તેમાં આવી રીતે છે. "કેટલાંક વાકયો મુસાના પુસ્તકમાં મળી આવે છે. જે ખુલ્લી રીતે બતાવી આપે છે કે તે મુસાનાં કહેલાં નથી, જેમકે ગણના ૩૨;૪૦. પુનર્નિયમ ૩;૧૪. એવીજ તરેહ એ પુસ્તકની કેટલીક ઇબારત મુસાના બોલવાના મહાવરા સરખી નથી. અને કયા માણસે આ વાકયો તથા ઇબારતોને ધાલમેલ કીધાં છે, એ ખાત્રીથી કહેવાને અમો શકિતવાન નથી પણ મોટી ધારણાથી અમો કહીએ છીએ કે, એજરા ભવિષ્યવાદીએ એને લગાડી દીધાં છે. જેમકે તેના પુસ્તકના અધ્યાય ૯ તથા ૧૦ તથા નહેમ્યાના પુસ્તકનો અધ્યાય ૮ ખબર કરે છે." આ વિદ્વાનોએ ખાત્રીથી ઠેરવ્યું છે કે કેટલાંક વાકયો તથા કેટલીક ઇબારતો મુસાની કહેલી નથી પણ અમુક (તાઇન) રીતે એ ધાલમેલ કરનારનું નામ બયાન કરવાને તેઓ શકિતવાન થયા નહિ, પણ ધારણાને માર્ગે તેઓએ એજરા તરફ લગાડયું છે. પણ એ ધારણા કાંઇ ચીજ નથી. અને મજકુર અધ્યાયથી જાહેર થતું નથી કે, એજરા (અલે) એ કોઇ પણ વસ્તુને તૌરાતમાં લગાડી હોય; કેમકે એજરા (અલે)ના પુસ્તકના અધ્યાયથી સમજાય છે કે, તેવણે ઇશ્રાયલ પુત્રોનાં કામો પર અફસોસ કીધો છે. અને નહેમ્યાના પુસ્તકના અધ્યાયથી સમજાય છે કે એજરાએ તેઓને તૌરાત ભણી સંભળાવેલી.

૫મી શાક્ષી—ઉત્પત્તિ ૨૨;૧૪માં છે, "જેમ આજ લગી કહેવાય છે કે દેવના પહાડ પર જોવામાં આવશે (યહોવાયોરા)" એ પહાડ ઉપર ખુદાનો પહાડ કહેવાયલો નહિ. પણ સુલેમાને (અલે) જે મંદિરને મુસાના મરણથી ૪૫૦ વર્ષ પછી બાંધ્યું તે બાંધ્યા પછી એ પહાડ "દેવનો પહાડ" કહેવાયો. જેથી આદમ કલાર્કે એજરાના પુસ્તકની પ્રસ્તાવનામાં ફરમાવ્યું કે આ વાકય પાછળથી લગાડેલું છે. (ધાલમેલ થયલું છે) ફરી તેણે કહ્યું; "જ્યાં સુધી એના ઉપર મંદિર બંધાયલું ન હતું ત્યાં સુધી એ પહાડ ઉપર તે નામ બોલાયું નહિ".

૬ઠી શાક્ષી—પુનર્નિયમ ૨;૧૨માં આવી રીતે છે. "પ્રાચીનકાળે હુરીઓ પણ શેઇરમાં રહેતા હતા, ને તેઓની પાછળ એસાવપુત્રોએ તેઓનું વતન લીધું, ને પોતાની સામાથી તેઓનો સંહાર કીધો, ને તેઓને ઠેકાણે વસ્યા, જેમ ઇશ્રાયલે, તેનો જે વતન દેશ પ્રભુએ તેને આપ્યો, તેના પર કીધું." આદમ કલાર્કે એજરાના પુસ્તકની ટીકાની પ્રસ્તાવનામાં કહ્યું છે કે, આ કલમ

---

(૧) કેમકે જ્યારે ધાલમેલ થયલું તે માને છે તો ફરી તે સ્વચ્છ રહ્યું નહિ ત્યારે તેની કોઇ વાત ઉપર ખાત્રીથી કહેવાય નહિ કે, આમાં કશો ફેરફાર થયો નથી અને જ્યારે એટલું કહેવાય નહિ તો, ફરી તેને ખરું કેમ મનાય ? અને ખરું થવામાં નુકશાની કેમ નહિ આવે ! ગુ૦ મો.

પાછળથી દાખલ થએલી છે, અને "ઇસ્રાએલે, તેનો જે વતન દેશ," ૪૯. આ વાકયને ધાલમેલ થવાનો તેણે પુરાવો બનાવ્યો છે.

૭મી શાક્ષી—પુનર્નિયમ ૩;૧૧ આવી રીતે છે. " કેમકે રફાઇઓના શેષ (જબ્બારાની નસલ) માંનો કેવળ બાસનનો રાજા ઓગ રહયો. જુઓ, તેનો પલંગ લોઢાનો પલંગ; શું તે આમોન પુત્રોના રાબાહમાં નથી. માણસના હાથ પ્રમાણે તેની લંબાઇ નવ હાથ, ને તેની ચોડાઇ ચાર હાથ." આદમ કલાર્કે એજરાના પુસ્તકની ટીકાની પ્રસ્તાવનામાં કહ્યું છે: " મહાવરો (અને) વિશેષ કરીને પાછલી ઇબારત દેખાડી આપે છે કે; આ કલમ આ રાજાના મરણ પછી લાંબી મુદતે લખાઈ છે. અને એને મુસાએ લખી નથી, કેમ કે તે પાંચ માસની મુદતમાં મરી ગયો છે."

૮મી શાક્ષી—ગણના ૨૧;૩માં આવી રીતે છે. " ને પ્રભુએ ઇસ્રાયલની વાણી સાંભળી, ને કનાનીઓને સોંપ્યા, ને તેઓએ તેઓનો તથા તેઓનાં નગરોનો નાશ કીધો; ને તેણે તે જગ્યાનું નામ હોર્મા પાડયું." આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૬૯૭માં કહ્યું છે: "હું જાણું છું કે આ કલમ યહોશુઆના મરણ પછી ધાલમેલ થઈ છે. કેમકે બધા કનાનીઓ મુસાના વખત સુધી નહિ, પણ તેના મરણ પછી હલાક થયલા.

૯મી શાક્ષી—નિર્ગમન.૧૬;૩૫ આવી રીતે છે. "ને ઇસ્રાયલ પુત્ર જ્યાં લગી વસ્તિમાં પોહોંચ્યા ત્યાં લગી ૪૦ વર્ષ સુધી માના ખાધું. તેઓ કનાન દેશની સીમમાં પોહોંચ્યા ત્યાં સુધી તેઓએ માના ખાધું" આ કલમ મુસાની કહેલી નથી. કેમકે એમની જીંદગી સુધી ખુદાએ ઇસ્રાયલ પુત્રોથી માના રોકેલું નહિ. અને એટલી મુદત સુધી કનાન દેશમાં તેઓ દાખલ પણ થયલા નહિ. આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૩૯૯માં કહ્યું છે: " આ કલમપરથી કેટલાક લોકોની ધારણા છે કે, આ નિર્ગમનનું પુસ્તક ઇસ્રાએલ પુત્રોથી ખુદાએ માનાને રોકયું તે પછી લખાયું છે. પણ થઈ શકે છે કે એજરાએ એ શબ્દોને પાછળથી લગાડયા હોય." હું કહું છું કે કેટલાક લોકોની ધારણા ખરી ધારણા છે. અને આવી જગ્યામાં ટીકાકારનું વગર દલીલે એહતેમાલ કહાડવો (થઇ શકે છે કહેવું) કબુલ થાય નહિ. અને ખરું તો એ કે પાંચે પુસ્તકો જે કે મુસા (અસે)ના તરફ લગાડવામાં આવ્યાં છે, એ તેમનાં રચેલાં નથી. જેમકે મેં એ બાબત ને દાખલાઓથી અધ્યાય ૧લામાં સિદ્ધ કીધી છે (જો પૃષ્ટ ૩૪-૩૮)

૧૦મી શાક્ષી—ગણના ૨૧;૧૪માં આવી રીતે છે. "એ માટે પ્રભુના યુદ્ધ ગ્રંથમાં કહેવાયું છે કે, સુફ સમુદ્રમાં જેવી રીતે તેણે કિધું તેમ તે અર્નોનનાં નાળાઓમાં કરશે." આ કલમ મુસા (અસે)ની કહેલી થઇ શકતી નથી. એટલુંજ નહિ પણ એ બતાવી આપે છે કે, ગણનાના પુસ્તકનો રચનાર તે મજે નહિ. કેમકે આ રચનાર આ જગ્યામાં પ્રભુના યુદ્ધ ગ્રંથથી બ્યાન નકલ કરે છે. અને આજ સુધી ખાત્રીથી જણાયું નથી કે, એ પુસ્તકનો રચનાર કહાણો છે. તે કયારે થયો અને કયાં થયો; અને આ પુસ્તક પુસ્તકવાળાઓમાં કુનકાની પેઠે (નહિ મળી શકે તેવું) છે. તેઓએ એનું નામ સાંભળ્યું છે, પણ તેને જોયું નથી. અને તેઓ પાસે જડતું નથી. આદમ કલાર્કે ઉત્પત્તિની ટીકાની પ્રસ્તાવનામાં કહ્યું છે કે, "આ કલમ પાછળથી લગાડાયલી છે." ફરી તેણે કહ્યું. "પ્રભુના યુદ્ધ ગ્રંથનો શબ્દ ઘણું ખરું નોટમાં હતો. ફરી મતનમાં દાખલ થયો છે." તો તેણે માની લીધું કે તેઓનાં પુસ્તકો આવાં ફેરફાર થવાને પાત્ર છે. કેમકે તેના એકરાર પ્રમાણે નોટની ઇબારત મતનમાં દાખલ થઇ ગઈ, અને બધી પ્રતોમાં ફેલાઇ ગઇ છે.

૧૧મી શાક્ષી—ઉત્પત્તિ ૧૩;૧૮:૩૫;૨૭:૩૭;૧૪માં શબ્દ "હાબ્રુન"નો આવ્યો છે. એ એક ગામનું નામ છે, કે જેનું નામ આગલા વખતમાં "કરિયતરાબા" હતું. અને યહોશુઆના વખતમાં ઇસ્રાયલ પુત્રોએ પાલેસ્ટાઇનને તાબે કિધો. તો તેઓએ આ નામને ફેરવી "હાબ્રુન" નામ રાખ્યું જેમકે યહોશુઆ અધ્યાય ૧૪માં લખાયું છે. ત્યારે આ કલમો મુસા (અસે)ની કહેલી નથી. પણ બીજા કોઈ માણસની છે. કે જે આ ફતેહ અને ફેરફાર થયા પછી થયો છે. એ વીજ તરેહ ઉત્પત્તિ. ૧૪;૧૪માં શબ્દ "દાન"નો

આવ્યો છે. અને તે એક ગામનુ નામ છે. કે જે ન્યાયાધીશોના વખતમાં આબાદ થયલું. કેમ કે ઇશ્રાયલ પુત્રોએ ન્યાયાધીશોના વખતમાં યહોશુઆના મરણ પછી લેથ દેશને નામે કાપેલો; અને તે ગામવાળાઓને મારી નાંખેલા. અને તે દેશને બાળી કહાડેલો; અને તેની બદલ તેઓએ નવો દેશ વસાવ્યો. અને તેનુ નામ "દાન" રાખ્યું. જેમકે ન્યાયાધીશ અધ્યાય ૧૮માં છે. ત્યારે એ કલમ પણ મુસા (અલે)ની કહેલી થવાની નહિ. હોર્ને પોતાની ટીકામાં કહ્યું છે. "થઇ શકે છે કે મુસાએ "કરિયતરાબા" તથા "લેથ" લખ્યા હોય પણ કેટલાક નકલ કરનારાઓએ એ બંને શબ્દોને "હાબ્રુણ" તથા "દાન"થી બદલી કહાડ્યા." એ બુદ્ધિવાન, આ શક્તિવાળા તથા ડાહાપણવાળાઓના બહાનાને તું જો. કેવાં નિર્બળ બહાનાંઓથી તેઓ આધાર પકડે છે. અને કેવી રીતે ફેરફાર થવાનો ઇકરાર કરે છે. અને કેવી તરેહ તેઓનાં પુસ્તકો ફેરફાર થવાને પાત્ર છે. કે એ વિષેનો ઇકરાર કરવો તેઓને લાજમ થાય છે?

૧૨મી શાક્ષી—ઉત્પત્તિ. ૧૩;૭માં આ વાક્ય આવેલુ છે. "કનાની તથા પરીઝી તે દેશમાં રહેનારા હતા." અને ઉત્પત્તિ. ૧૨;૬માં આ વાક્ય આવેલું છે. "ત્યારે કનાની તે દેશમાં હતા." આ બંને વાક્યો બતાવી આપે છે કે, મજકુર બંને કલમો મુસાની કહેલી નથી. અને તેમના ટીકાકારો ઘાલમેલ થવાનો ઇકરાર કરે છે. ટીકા હેનરી અને સ્કોટમાં છે. "આ વાક્ય 'ત્યારે કનાની તે દેશમાં હતા.' એ વીજ તરેહ બીજા કેટલાંક વાક્યો કેટલીક જગ્યાઓમાં પાછળથી દાખલ થયાં છે. વાતના સંબંધ માટે એજરાએ અથવા બીજા કોઇ ઇલ્હામી માણસે પવિત્ર પુસ્તકોને ભેગાં કરતી વેળાએ તેને પાછળથી લગાડી દીધેલાં." તો તેઓએ વાક્યોના ઘાલમેલ થવાનો ઇકરાર કિધો છે. ને તેઓનું કહેવું "એજરાએ અથવા બીજા કોઇ ઇલ્હામી માણસે પાછળથી લગાડી દીધાં છે." માનવા લાયક નથી; તેઓની ધારણા વગર એ વિષે કોઇ પુરાવો નથી.

૧૩મી શાક્ષી—આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લામાં પુનર્નિયમ અધ્યાય ૧ની શરૂમાં પૃષ્ઠ ૭૪૯માં કહ્યું છે. "આ અધ્યાયની શરૂની પાંચ કલમો બાકીના પુસ્તકની પ્રસ્તાવના તરિકે છે. અને એ મુસાની કહેલી નથી. અને ઘણું ખરૂં યહોશુઆ અથવા એજરાએ એને પાછળથી લગાડી દિધી છે." તો તેણે પાંચ કલમોના ઘાલમેલ થવાનો એકરાર કિધો અને માત્ર પોતાની ધારણાથી યહોશુઆ અથવા એજરા તરફ લગાડયું છે. પણ (વગર દલીલે) માત્ર તેની ધારણા બસ થાય તેમ નથી.

૧૪મી શાક્ષી---પુનર્નિયમ અધ્યાય ૩૪ મુસા (અલે)નો કહેલો નથી. આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લામાં કહ્યું છે. "મુસાની વાત આગલા અધ્યાય ઉપર સમાપ્ત થઇ. અને આ અધ્યાય તેનો કહેલો નથી. અને એમ કહેવું તો થઇ શકતુંજ નથી કે, મુસાએ આ અધ્યાય પણ ઇલ્હામથી લખ્યો. કેમકે એવુ ધારવું સચ્ચાઇ અને સોભિતું થવાથી આઘું છે. ને બધી મતલબને નકામી (લગો) કરી નાંખે છે. કેમકે પવિત્રાત્માએ, જ્યારે પાછળનાં પુસ્તકનો ઇલ્હામ કોઇ શખ્સને કીધો તો, એ શખ્સને આ અધ્યાયનો પણ ઇલ્હામ કરે છે. અને હું ખાત્રીથી કહું છું કે, આ અધ્યાય યહોશુઆના પુસ્તકનો પ્રથમ અધ્યાય છે. અને જે નોટને યહુદીઓના કોઇ હોશિયાર વિદ્વાને આ જગ્યા લખી છે. તે પસંદ કરવા લાયક તથા માનવા લાયક છે. તેણે કહ્યું છે. 'ઘણા ખરા ટીકાકારોએ કહ્યું છે કે, પુનર્નિયમનું પુસ્તક તે ઇલ્હામી પ્રાર્થના ઉપર સમાપ્ત થાય છે કે, જેને મુસાએ બાર ટોળા માટે કહી હતી. આ વાક્ય ઉપર (સમાપ્ત થાય છે) 'હે ઇશ્રાયલ તું સુખી છે. તારી સાચની ઢાલ પ્રભુથી' ઇત્ય. અને આ અધ્યાયને સિત્તેર વડિલોએ મુસાના મરણ પછી કેટલીક મુદતે લખ્યો છે. અને એ અધ્યાય યહોશુઆના પુસ્તકના અધ્યાયમાંનો ૧લો અધ્યાય હતો. પણ તે તે જગ્યાથી આ જગ્યાએ ચાલી આવ્યો છે." તો યહુદીઓ તથા ખ્રીસ્તીઓ એક મતે છે કે, આ અધ્યાય મુસાનો કહેલો નથી. પણ તે પાછળથી દાખલ થયો છે. અને તેણે જે કહ્યું છે. "હું ખાત્રીથી કહું છું કે આ અધ્યા

ય યહોશુંઆના પુસ્તકનો ૧લો અધ્યાય હતો." તથા તેણે યહુદીથી જે નકલ કીધી છે. "આ અધ્યાયને સીનેર વડિલોએ લખ્યો છે." ઇત્ય. એ વગર દલીલ અને વગર સનંદનું છે. અને એજ મોરે ટીકા હેનરી અને સ્કોટના ભેગી કરનારાઓએ કહ્યું છે. "મસાનું કહેલું આગલા અધ્યાય ઉપર સમાપ્ત થયું. અને આ અધ્યાય પાછળથી લગાડેલો છે. એને પાછળથી લગાડનાર યહોશુઆ અથવા શમુએલ અથવા એજરા અથવા તેઓ પછીના ભવિષ્યવાદીઓમાંનો કોઇ બીજો છે, તે ખાત્રીથી જણાયું નથી. અને કદાપિ છેવટની કલમો ઇસ્રાયલ પુત્રોના બાબેલના કેદમાંથી છુટવાના વખત પછી દાખલ થયલી છે" અને એના જેવું ડીન ઓલી અને રીચર્ડ મેંટની ટીકામાં છે. તું એઓના કહેવાને ધ્યાન આપ! "પાછળથી લગાડનાર યહોશુઆ અથવા." ઇત્યા. કેવી રીતે શક બતાવે છે. અને ખાત્રીથી કહેતા નથી. અને તેઓનું કહેવું યહુદીઓના કહેવાથી કર્યાં છે? અને તેઓનું કહેવું "અથવા તેઓ પછીના ભવિષ્યવાદીઓમાંના કોઇએ" એ પણ વગર દલીલે છે.

તું જાણ કે શાક્ષી ૨૭થી તે ત્યાં સુધી જે કલમોને મેં નકલ કરી કહ્યું છે: તે વધારવાના ફેરફારમાંથી કલમો, વાકયો અને શબ્દોના વધારવાના દાખલા છે તે હાલના કીતાબવાળાઓના દાવાને માની લેવાના આધારપર છે કે, આ અલગ થયલાં પાંચ પુસ્તકો મુસા (અલે)નાં રચેલાં છે. નહિ તો એજ કલમો (વાકયો, શબ્દો) દાખલા છે કે, આ પુસ્તકો તેમનાં રચેલાં નથી. અને તેમના તરફ લગાવ્યું ખોટું છે. જેમકે ઇસ્લામના વિદ્વાનોનું માનેલું છે. અને તેં ૯મી સક્ષીમાં જાણી લીધું છે કે; પુસ્તકવાળાઓમાંના પણ કેટલાક માણસોએ અમારા કહેવા પ્રમાણે આ કલમોથી દાખલા લીધેલા. અને પ્રોટેસ્ટંટ વિદ્વાનો જે દાવો કરે છે કે, ભવિષ્યવાદીઓમાંના કોઇએ આ કલમો, વાકયો, અને શબ્દોને વિશેષ કરી પાછળથી લગાડી દીધાં છે, તે જ્યાં સુધી આ (કહેવા) ઉપર પુરાવો તથા સનંદ કે જે અમુક ભવિષ્યવાદી પાછળથી લગાડનારા તરફ પોહોંચતી હોય, લાવે નહિ ત્યાં સુધી માનવા જોગ નથી.

૧૫મી શાક્ષી—આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૭૭૯,૭૮૦માં પુનર્નિયમ અધ્યાય ૧૦ની ટીકામાં કીનીકાટની ઘણી લાંબી તકરાર (વિવેચન)ને નકલ કિધી છે. તેનો સાર "સમારી મતનની ઇબારત ખરી છે. અને હેબ્રીની ઇબારત ખોટી છે. અને ચાર કલમો પાંચ અને ૧૦ની વચ્ચેની એટલે કલમ ૬–૯ સુધીની આ જગાથી તદન પારકી છે. (એને લાગતી નથી.) જો તે કહાડી નંખાય તો બધી ઇબારતમાં સારી બાંધણી બંધાઇ જાય. ત્યારે આ ચાર કલમો લખનારની ભુલથી અહિ લખાઇ ગઇ છે. અને એ પુનર્નિયમના બીજા અધ્યાયની છે" અને આ તકરારને તેના નકલ કિધા પછી તેણે એ વિષે પોતાની પસંદતા બતાવી અને કહ્યું: "આ વિવેચનને ના પાડવામાં ઉતાવળ કરાય નહી."

૧૬મી શાક્ષી—પુનર્નિયમ ૨૩:૨માં આવી રીતે છે. "વ્યભિચારથી જન્મેલો પ્રભુની મંડળીમાં ન આવે, તેની દશમી પેઢી સુધી તે પ્રભુની મંડળીમાં ન આવે" આ હુકમ (કાયદો) ખુદા તરફથી હોય એમ થઇ શકતું નથી અને મુસા (અલે)એ પણ એને લખ્યો નથી. નહિ તો લાગુ પડે છે કે, દાઉદ (અલે) તથા દાઉદ સુધીના તેમના પીતાઓ પ્રભુની મંડળીમાં દાખલ થાય નહિ; કારણકે માથીના' લા અધ્યાયથી સમજાય છે કે દાઉદ (અલે) ફારેદથી દશમી પેઢીએ છે. અને ઉત્પત્તિ અધ્યાય ૩૮થી જણાય છે કે, ફારેદ વ્યભિચારથી જન્મેલો છે. અને હારસલી ટીકાકારે કહ્યું છે; "આ શબ્દો 'તેની દશમી પેઢી સુધી તે પ્રભુની મંડળીમાં ન આવે' પાછળથી લગાડેલા છે." (જો પૃષ્ટ ૩૭)

૧૭મી શાક્ષી—યહોશુઆ ૪;૯ની નીચે ટીકા હેનરી અને સ્કોટના ભેગી કરનારાઓએ કહ્યું છે; "આ વાકય 'તે આજ દિવસ સુધી' નો, આ જગ્યા તેમ એના જેવું પુરાતન સ્થાપનામાં ઘણી જગ્યા આવે છે. પણ ઘણું ખરૂં તે પાછળથી લગાડાયલાં છે." તેઓએ આ વાકયને તેમ એના જેવાં દરેક વાકયને કે જે પુરાતન સ્થાપના (જુના કરાર)માં આવેલાં છે. તેને પાછળથી લગાડેલા

થવાનું કહ્યું છે. અને તેઓએ ઘણી જગ્યામાં ઘાલમેલ થવાનો ઇકરાર કિધો છે. કેમકે એવાં વાકયો યહોશુઆના પુસ્તકમાં ૫;૯:૮;૨૮ ૭, ૨૯; ૧૦;૨૯:૧૩;૧૩: ૧૪:૧૪:૧૫;૬૩: ૧૬;૧૦માં મળી આવે છે. ત્યારે આ પુસ્તકની આઠ બીજી જગ્યામાં મજકુર વાકયોને પાછળથી લગાડવાનો તેઓનો ઇકરાર લાગુ પડવાનો. અને બાકીની પુરાતન સ્થાપનાનાં પુસ્તકોથી જો અમો નકલ કરીએ તો બાબત ઘણી વધી જાય

૧૮મી શાક્ષી—યહોશુઆ ૧૦;૧૩ આવી રીતે છે. "ને લોકો પોતાના સત્રુનું વૈર લે ત્યાં સુધી સૂર્ય સ્થિર રહ્યો ને ચંદ્ર સ્થિર રહ્યો એ અલ યસિરના પુસ્તમાં લખ્યું નથી શું ?" કેટલાક ભાષાંતરોમાં છે "યાસારના પુસ્તકમાં" ને કેટલાંક પુસ્તકોમાં "યાશેરના પુસ્તકમાં" ત્યારે દરેક રીતે એ કલમ યહોશુઆની કહેલી થવાની નહીં. કેમકે એ બાબત મજકુર પુસ્તકથી નકલ થઇ છે. પણ આજ સુધી જણાયું નથી કે, તેનો રચનાર કયારે થયો. અને તેણે કયારે રચી ? પણ એટલું કે ૨. શમુએલ ૧;૧૮થી જણાય છે કે, તે દાઉદ (અલે) ના વખત વાળો અથવા તે પછીનો છે. હેન્રી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ (યહોશુઆના) ૧૫;૬૩ને હેઠલ એકરાર કિધો છે, કે આ ફકરાથી જણાય છે કે, યહોશુઆનું પુસ્તક દાઉદના રાજથી સાત વર્ષ પહેલાં લખાયું છે." અને દાઉદ (અલે)નો જન્મ યહોશુઆના મરણ પછી ૩૫૮ વર્ષે થયો છે. જેવું કે પ્રોટેસ્ટંટ વિદ્વાનોની રચેલી તારીખોમાં છે. અને મજકુર અધ્યાય ૧૦ની કલમ ૧૫મી તેઓના સત્ય શોધક વિદ્વાનોના એકરાર પ્રમાણે હેબ્રી મતનમાં ફેરફાર કરી વધારો થયલી છે. અને ગ્રીક ભાષાંતરમાં મળતી નથી. હારસીલીએ પોતાની ટીકાના ભાગ ૧ના પૃષ્ટ ૨૬૦માં કહ્યું છે; "આ કલમને ગ્રીક ભાષાંતર પ્રમાણે કહાડી નાખવી જોઇએ." (જો પૃષ્ટ ૩૯.)

૧૯મી શાક્ષી—હોરશલી ટીકાકારે કહ્યું છે; "યહોશુઆના અધ્યાય ૧૩ની કલમ ૭,૮ બંને ખોટી છે." (જો પૃષ્ટ ૭૨)

૨૦મી શાક્ષી—ગાદ પુત્રોના વારસાના વર્ણનમાં યહોશુઆ ૧૩;૨૫માં આ ઇબારત આવેલી છે. "ને આમોન પુત્રોને અડધ દેશ, જે અરૂઅર રાબ્બાની આગળ છે. ત્યાં સુધી તેઓની સીમા હતી." પણ આ ખોટું છે. કેમકે મુસા (અલે) એ ગાદ પુત્રોને આમોન પુત્રોની જમીનમાંથી કાંઇ આપ્યું નથી. જેવું કે પુનર્નિયમ ૨;૧૯માં ખુલ્લું લખાયું છે. અને જ્યારે એ ખોટી અને ફેરફાર થયલી હતી, ત્યારે હોરસીલી ટીકાકારે લાચાર થઇ કહ્યું: "હેબ્રી મતન આ જગ્યા ફેરફાર થયલું છે." (જો પૃષ્ટ. ૩૯—૪૦)

૨૧મી શાક્ષી—યહોશુઆ ૧૯;૩૪માં આ વાકય આવેલું છે. "ને સૂર્યની ઉગમણે યર્દન પાસે યહુદાને પોહોંચે છે." આ પણ ખોટું છે. કેમકે યહુદા પુત્રોની સીમ દક્ષીણ ગમ ઘણી આઘી છે. એજ માટે આદમ કલાર્કે કહ્યું છે; "ઘણું ખરૂં મતનમાંના શબ્દોમાં ફેરફાર થયો છે." (જો પૃષ્ટ ૭૩)

૨૨મી શાક્ષી—હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ યહોશુઆના છેવટના અધ્યાયની ટીકામાં કહ્યું છે; "આ છેવટની પાંચ કલમો નક્કી યહોશુઆની કહેલીજ નથી. પણ ફીનીહાસે અથવા સમુએલે પાછળથી એને લગાડી દીધી છે. અને એવો ઘાલમેલ કરવાનો રીવાજ પ્રાચીનવાળાઓમાં ઘણો હતો." ત્યારે આ પાંચ કલમો તેઓમાં ખચીતજ ઘાલમેલ થયલી છે. અને તેઓએ જે કહ્યું; "પણ ફીનહાસે અથવા સમુએલે એને પાછળથી લગાડી છે." એ માનવા લાયક નથી. એ વિષે કોઇ દલીલ કે સનંદ મળે નહિ. અને જે તેઓએ કહ્યું; "એવો ઘાલમેલ કરવાનો રીવાજ પ્રાચીનવાળાઓમાં ઘણો હતો." (એ ખરૂં છે) હું કહું છું, કે આ રીવાજે પણ તેઓને ફેરફાર કરવાનો માર્ગ ખોલી આપ્યો છે. કેમકે તે જ્યારે એબવાળું ગણાયું નહિ, ત્યારે દરેક વધારો કરી શકશે. જેથી ફેરફાર ઘણો થઇ ગયો. અને ફેરફાર થયલાં પુસ્તકોની બધી પ્રતોમાં તેનો મોટો ભાગ ફેલાઇ ગયો.

૨૩મી શાક્ષી—હોરસ્લીએ પોતાની ટીકાના ભાગ ૧ લાના પૃષ્ટ ૨૮૩માં કહ્યું; "ન્યાયાધીશોના પુસ્તકનો પ્રથમ અધ્યાયની ૬, કલમો ૧૦ થી ૧૫ સુધી પાછળથી લગાડેલી છે.

૨૪મી શાક્ષી—ન્યાયાધીશો ૧૭;૭માં યહુ

દી પુત્રોમાંના એક પુરૂષના વર્ણનમાં આ વાકય આવેલું છે, "તે લેવી હતો." અને જ્યારે એ ખોટું હતું, તો હોરસ્લીએ કહ્યું; "આ ખોટું છે. કેમકે યહુદી પુત્રોમાંથી કોઈ લેવી થઇ શકતો નથી. અને હુબીકીન્ટે તેના સમજવા પછી કે આ પાછળથી દાખલ થયું છે. તેને મતનમાંથી કહાડી નાંખ્યું" (જો પૃષ્ટ ૭૨)

૨૫મી શાક્ષી—૧. શમુએલ ૬:૧૯ માં આવી રીતે છે. " અને તેણે બેથશીમીસ (સમસ, સૂર્ય) નાં માણસોને એટલે લોકોમાંના ૫૦ હજાર અને સિત્તેરને માર્યા, કેમકે તેઓએ પ્રભુના કોષમાં જોયું." આ ખોટું છે. આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજામાં એને રદ અને ખંડન કીધા પછી કહ્યું; " ઘણું ખરું હેબ્રી મતન બદલાઇ ગયું છે. કાંતો તેમાંથી કેટલાક શબ્દો નીકળી ગયા છે. કાંતો તેમાં શબ્દ ૫૦ હજારનો અજાનતાથી અથવા જાણી જોઇને વધારયો છે. કારણ કે તે નાના સરખા ગામમાં આટલી સંખ્યા હોય એ જણાતું નથી. અથવા એટલી સંખ્યા ખેતી કાપવાના કામમાં લાગી હોય: અને એથી આ આથું છે (બનવા જોગ નથી) કે ૫૦ હજાર માણસો એકી વખતે યહોશુઆના ક્ષેત્રમાં એબેલના પથ્થર ઉપર કોષને જુએ." ફરી તેણે કહ્યું; " લેટિનમાં સિત્તેર સરદારો અને પચ્ચાશ હજારને સિત્તેર માણસો છે. અને સૂર્યાનીમાં પાંચ હજાર અને ૭૦ માણસો છે. અને એવીજ તરેહ અરબીમાં પાંચ હજાર અને સિત્તેર માણસો છે. [1] અને યોસેફસ ઈતિહાસીકે માત્ર ૭૦ માણસ લખ્યાં છે. અને સુલેમાન યાર્ચીરબ્બી અને બીજા રબ્બીઓએ બીજી રીતે લખ્યું છે. ત્યારે આ એક બીજાનું વિરૂધ્ધ પડવું; તથા મજકુર (સંખ્યા)નું બની નહિ શકવું અમને ખાત્રી કરી આપે છે કે, આ જગ્યાએ નક્કી ફેરફાર થયો છે. ફરી કાંતો કોઇ ચીજ વધી છે. કાંતો કોઇ ચીજ ઘટી છે." હેનરી અને સ્કોટની ટીકામાં છે. "મરેલાની ગણત્રી મુળ હેબ્રીમાં ઉલટી રીતે વર્ણવેલી છે. અને એથી આંખ મીચામણી હોવા છતાંએ આટલી સંખ્યાના લોક પાપ કરે; અને નાના જેવા ગામમાં મરાઇ જાય એ આથું છે. તો એના સાચા ઠરવામાં શક છે. અને યોસેફસ ઇતિહાસીકે મરેલાની ગણત્રી માત્ર ૭૦ લખી છે." આ ટીકાકારોના તરફ જુઓ, તેઓએ આ બનાવને કેવી રીતે આથો ગણ્યો છે. અને તેઓએ (એનું) ખંડન કીધું છે. અને ફેરફાર થવાનો એકરાર કીધો છે.

૨૬મી શાક્ષી—૧. શમુએલ ૧૭;૧૮મી કલમની નીચે આદમ કલાર્કે કહ્યું છે; "આ અધ્યાયમાં આ કલમથી તે ૩૧ મી સુધી, અને ૪૧ મી કલમ. તથા ૫૪ મી કલમથી તે અધ્યાયના છેવટ સુધી; અને ૧૮મા અધ્યાયની શરૂની પાંચ કલમો, અને ૯મી ૧૦મી, ૧૧ મી, ૧૭મી, ૧૮મી, અને ૧૯મી કલમ ગ્રીક ભાષાંતરમાં મળતી નથી. અને આલેકઝાંડરીયાન્સની પ્રતમાં મળી આવે છે. એ અધ્યાયના છેવટમાં જુઓ, કે કીનીકાટે સિદ્ધ કીધું છે કે, આ મજકુર કલમો મુળનું અંગ નથી." ફરી તેણે મજકુર અધ્યાયની છેવટમાં કીનીકાટનું વિવેચન (તકરીર) ઘણાજ લંબાણથી લખ્યું છે કે; તેથી પ્રકાશ થઇ જાય છે કે; આ ફેરફાર થયલી કલમો પાછળથી દાખલ થઇ છે. અને તેમાંથી હું કેટલાક વાક્યો લખું છું. "જો તું કહેશે કે, એ ઘાલમેલ ક્યારે થઇ છે? તો હું કહીશ કે યહુદીઓ યોસેફસના વખતમાં પવિત્ર પુસ્તકોને બનાવટી પ્રાર્થના તથા ગાયનોથી, તથા બનાવટી નવા ફકરાઓથી સણગારવાનો ઇરાદો કરતા હતા. જુઓ એસ્તેરના પુસ્તકમાંની ઘણી ઘાલમેલને, તથા દારૂ, સ્ત્રીઓ, અને સચ્ચાઇની હીકાયતોને, કે જે એજરા તથા નહેમ્યાના પુસ્તકમાં વધારેલાં છે. અને તે હાલમાં એજરાનું ૧લું પુસ્તક કહેવાય છે. અને ત્રણ છોકરાનાં ગાયનોને (જુઓ) કે જે દાનિએલના પુસ્તકમાં વધારો કરાયો છે. અને યોસેફસના પુસ્તકમાં ઘણાખરા ઘાલમેલ થયલાને (જુઓ). તો થઇ શકે છે કે, આ કલમો નોટમાં લખાઇ હતી. ફરી લખનારાઓ

---

૧. અરબી બબલ છપાયલું સને ૧૮૧૧માં પાંચ હજાર અને ૭૦ છે. અને અરબી ૧૮૬૦ વાળામાં પચાસ હજાર અને ૭૦ છે. ગ્રા. મો.

ની બેપરવાઇ ને લીધે તે મતનમાં દાખલ થઇ." હોરસ્લીએ પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૩૩૦માં કહ્યું છે. "કીનીકાટના શમુએલના અધ્યાય ૧૭થી જણાય છે કે, ૨૦ કલમ એટલે ૧૨મી કલમથી તે ૩૧મી કલમ સુધી પાછળથી લગાડાયલી છે. અને કહાડી નાંખવાને લાયક છે. અને તે કહે છે કે, જો અમારો તરજુમો બીજીવાર સુધારાશે તો એ કલમો તેમાં દાખલ થશે નહિ." હું કહું છું કે જ્યારે તે ટેવ યહુદીઓની યોસેફસના વખતમાં હતી. જેવું કે કીનીકાટે એકરાર કીધો છે. અને આ જગ્યામાં લખાયું, તથા બીજી જગ્યામાં લખાયું, જેમકે આગલી શાક્ષીઓમાં તેનાં કેટલાંક વચન નકલ થયાં છે, અને કેટલીક શાક્ષીઓની નકલ આગળ આવશે. તેટલું કાંઇ એઓએ ફેરફાર કીધું, તો ફરી આ પુસ્તકો વિષે તેઓના ધાર્મિક થવા ઉપર ભરોસો કેમ થાય? કેમકે જ્યારે આવી રીતનો ફેરફાર કરવો તેઓમાં પવિત્ર પુસ્તકને ગુનેગાર કરવાનું કારણ છે તો, એ (ફેરફાર કરવું) તેઓમાં ભુંડું પણ થવાનું નહિ. ફરી જે કરવું ધારશે તે કરશે. અને લખનારની બેપરવાઇથી તેમના ફેરફાર કીધેલી પ્રતને ફેલાવવાનું કારણ થશે. જેવો કે ટલો કાંઇ બગાડ થયો. પ્રોટેસ્ટંટના વિદ્વાનો પોતાનાં ભાષણોમાં તથા લખાણમાં ધોકા આપવા માટે કહે છે કે, યહુદીઓથી ફેરફાર થયો નથી. કેમકે તેઓ ધાર્મિક હતા. અને તેઓ પુરાતન સ્થાપનાના પુસ્તકને ખુદાનું કલામ થવાનો એકરાર કરતા હતા. એ (કહેવું) માત્ર બનાવટી છે.

૨૭મી શાક્ષી—માથી ૧૪;૩માં આવી રીતે છે. "કેમકે હેરોદે પોતાના ભાઇ ફીલીપની વહુ હેરોદયાને લીધે યોહાનને પકડ્યો હતો. અને તેને બાંધીને કેદખાનામાં નાંખ્યો હતો." અને માર્ક ૬;૧૭માં આવી રીતે છે "કેમકે એજ હેરોદે પોતાના ભાઇ ફીલીપની વહુ હેરોદયાને પરણી હતી, એના કારણથી તેણે મોકલીને યોહાનને પકડાવ્યો હતો; અને કેદખાનામાં તેને બંધાવ્યો તો." લુક ૩,૧૯માં આવી રીતે છે. "પણ હેરોદ રાજા પોતાના ભાઇ ફીલીપની વહુ હેરોદયાને લીધે યોહાનથી તે ઠપકો પામ્યો." ઇત્ય. પણ શબ્દ ફીલીપનો ત્રણે ઇજીલમાં નક્કી ખોટો છે. અને ઇતિહાસના[*] કોઇ પુસ્તકમાં સિદ્ધ થયું નથી કે, હેરોદયાના ધણીનું નામ ફીલીપ હતું. એટલુંજ નાહ પણ યોસેફસે ૧૮માં પુસ્તકના અધ્યાય પાંચમામાં લખ્યું છે કે, "તેનું નામ હેરોદ હતું." અને જ્યારે એ ખોટું છે તો, હોર્ને પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૬૩૨માં કહ્યું: "ઘણું ખરું ફીલીપનું નામ મતનમાં લખનારની ભુલથી આવી ગયું છે. તે કહાડી નાંખવું જોઇએ. અને ગ્રીજબાકે એને કહાડી નાખ્યું છે." અને અમારામાં એ શબ્દ ઇંજીલવાળાઓની ભુલથી છે. અમો તેઓના કહેવાને કે; લખનારની ભુલથી, એ માનતા નથી. કેમકે એ પુરાવા વગરનું છે અને ઘણુંજ આઘું છે; કે એકજ વાતમાં લખનારથી ત્રણ ઇજીલમાં ભુલ આવે. અને તેઓની બહાદુરીને જુઓ, કે તેઓ માત્ર અટકળથી શબ્દોને કહાડી નાંખે છે. અને દાખલ કરે છે અને આવો ફેરફાર તેઓના દરેક વખતમાં ચાલુ છે. અને જો કે આ શાક્ષીઓનું લાવવું ઇલજામની રૂએ (તેઓને બંધ કરવા માટે) હતું. તો આ શાક્ષીને તેઓના દાવાને માનીને વધારો કરી ફેરફાર કરવાના દાખલાઓમાં હું લાવ્યો છું. અને ખરું જુઓ તો આ, ત્રણ ઇંજીલોને જોતાં ત્રણ શાક્ષીઓ છે. (જો પૃષ્ટ ૮૭,૯૫)

૨૮મી શાક્ષી—લુક ૭,૩૧માં આવી રીતે છે. "ને પ્રભુએ કહ્યું કે, આ પહેડીના માણસને હું કોણની ઉપમા આપુ? અને તેઓ કોણના જેવા છે." અને આ વાકય "ને પ્રભુએ કહ્યું" ફેરફાર કરી વધારાયું છે. આદમ કલાર્ક ટીકાકારે આ કલમની નીચે કહ્યું છે. "આ શબ્દો લુકના મતનનાં અંગ કદી હતાં નહિ. અને એ માટે પુરતી શાક્ષી છે. અને દરેક સત્ય શોધક વિદ્વાને એ શબ્દોનું ખંડન કીધું છે. અને બીનજળ અને ગ્રીજબાકે એને મતનમાંથી કહાડી નાખ્યા છે[૧]." તું જો, આ ટીકાકારે કેવી રીતે સિદ્ધ કીધું છે. અને પ્રોટેસ્ટંટ ટોળાના ખ્રીસ્તીઓથી અજબ છે કે, તેઓ પોતાનાં ભાષાંતરોમાં એને મૂકતા નથી. (લખ્યા કરે છે.) શું જો શબ્દોનું કે પુરતી શાક્ષીથી વધારો થવું સિદ્ધ

(૧) અરબી બેબલ છપાયલું, સને ૧૮૧૧માંમાં એ વાકય નથી. ગુ. મો.

થયું હોય. અને દરેક સત્ય શોધકે તેનું ખંડન કીધું હોય, તેવાને પોતાના માનેલા ખુદાના કલામમાં દાખલ કરવું. ફેરફાર કરવાની તરેહમાંથી નથી?

૨૯મી શાક્ષી----માથી ૨૭:૯માં આવી રીતે છે, "ઇર્મેયા ભવિષ્યવાદીએ જે કહ્યું હતુ, તે ત્યારે પુરૂં થયું કે 'મુલ ઠરાવેલાના, જેનું મુલ ઇસ્રાયલના લોકે ઠરાવ્યું. તેના ત્રીસ રૂપિયા તેઓએ લીધા." પણ શબ્દ ઇર્મયાનો, માથીની પ્રખ્યાત ભુલોમાંની ભુલ છે. કેમકે ઇર્મયાના પુસ્તકમાં એ મળતુ નથી. અને પુરાતન સ્થાપનાનાં બીજાં પુસ્તકોમાં પણ એવા શબ્દોથી મળી આવતુ નથી. હા, જખરીઆ ૧૧;૧૩માં નકલ કરેલી ઇબારતના જેવી ઇબારત મળી આવ છે. પણ બને ઇબારતમાં ઘણો અંતર (ફરક) છે, કે તે, ના પાડી રહ્યો છે કે માથીએ એ પુસ્તકથી નકલ કીધી હોય. અને એ ફરકથી આંખમીંચામણી કરીએ તોપણ જખરીઆના પુસ્તકની ઇબારતને માથીના નકલ કીધેલા બનાવ સાથે કશો સબંધ નથી. આ જગ્યામાં ખ્રીસ્તી વિદ્વાનોના આગલા તથા પાછલા ગભરાઇ રહ્યા છે. વાર્ડ કેથોલીકે પોતાની કીતાબ નામે "કીતાબુલ----અગલાટ" જે ઇ૦ સન ૧૮૪૧માં છપાઇ છે. તેના પૃષ્ટ ૨૬માં કહ્યું છે. "મી૦ જુવેલે પોતાના પુસ્તકમાં લખ્યું છે, કે માર્કે ભુલ કીધી. અને તેણે અબીમાલેકની જગ્યા અબીયાર લખી દીધું. અને માથીએ ભુલ કીધી ને જખરીઆની જગ્યાએ ઇર્મયા લખી દીધું." અને હોર્ને પોતાની ટીકા છપાયલી ઇ૦ સન ૧૮૨૨માંના ભાગ બીજાના પૃષ્ટ ૩૮૫, ૩૮૬માં કહ્યું છે: "આ નકલમાં મોટી કઠણતા છે. કેમકે ઇર્મયાના પુસ્તકમાં એના જેવું મળતું નથી. અને જખરીઆ ૧૧;૧૩માં મળી આવે છે. પણ માથીના શબ્દો તેના શબ્દોને મુતાબક (સાખે) મળે નહિ. અને કેટલાક વિદ્વાનોનો મત છે કે, માથીની પ્રતમાં ભુલ આવી ગઇ છે. લખનારે જખરીઆને બદલે ઇર્મયા લખી દીધું. અથવા એ શબ્દ પાછળથી લગાડાયો છે." અને એ પછી તેણે બાલમેલ થવાનાં કારણો નકલ કીધાં છે. ફરી તેણે કહ્યું. "ઘણું ખરૂ માથીની ઇબારત વગર નામને વર્ણવે. આવી રીતે હતી "અને ભવિષ્યવાદીએ જે કહ્યું હતુ તે ત્યારે પુરૂં થયું." ઇ૦. અને માથીનુ નકલ કરતી વેળા ભવિષ્યવાદીઓના નામને મૂકી દેવું, આ ધારણાને પુષ્ટિ આપે છે." અને તેણે પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૬૨૫માં કહ્યું છે: "ઇંજીલવાળાએ અસલમાં ભવિષ્યવાદીનુ નામ લખેલું નહિ. પણ કેટલાક નકલ કરનારાઓએ તેન દાખલ કીધું છે." આ બંને ઇબારતોથી જણાયું કે એને પસંદ એવું છે કે, આ શબ્દ પાછળથી દાખલ થયો છે. અને ટીકા ડી૦ ઓલી અને રીચર્ડમેંટમાં આ કલમની નીચે છે "આ શબ્દો કે જે આ જગ્યામાં નકલ થયા છે. તે ઇર્મયાના પુસ્તકમાં મળતા નથી. પણ જખરીઆ ૧૧;૧૩માં મળી આવે છે. તેનાં કારણોમાથી (એક) આ છે કે, શરૂ વખતમાં ઇંજીલને લખતી વેળા નકલ કરનારાએ જખરીઆની જગ્યા ઇર્મયા ભુલથી લખેલો અને પછી તે ભુલ મતનમાં દાખલ થઇ જેવું કે પીરસે લખ્યુ છે." અને જવવાદીઅને સાબાતે પોતાની કીતાબ નામે "બરાહીને--સાબાતીયા"ની પ્રસ્તાવનામાં કહ્યુ છે: "મેં ઘણુખરા પાદરીઓને એ વિષે પૂછ્યુ તો, ટામ્સને કહ્યું કે, લખનારે ભુલ કરી છે. અને બ્યુકાનાન, માર્ટિરૂસ, તથા કીરાકુસે કહ્યુ કે, માથીએ પોતાની યાદના ભરોસાપર પુસ્તકને જોયા વગર લખ્યુ છે જેથી તે ભુલમાં પડયો. અને કેટલાક પાદરીએ કહ્યુ કે, કદાપિ જખરીઆનું નામ ઇર્મયા પણ હશે." હું કહું છું કે આ પસંદ કરવા લાયક છે; કે આ ભુલ માથીથી થઇ છે. જેવું કે જાહેર છે. અને વાર્ડ, જુવેલ, બ્યુકાનાન, માર્ટીરૂસ, અને કીરાકુસે એનો એકરાર કીધો છે. અને બાકીની વાતો નિર્બળ છે. મારૂં પ્રથમનું કહેલુ તેને રદ કરે છે, અને હોર્ને પણ એકરાર કીધો છે, કે માથીના શબ્દો જખરીઆના શબ્દો સાથે મળતા નથી. તો બંને ઇબારતોમાંથી એકમાં ફેરફાર થવાનો એકરાર કીધા વગર જખરીઆનો શબ્દ પણ ખરો થવાનો નહિ. આ શબ્દને લખનાર તરફ વધારો કરવાનું જોખો લગાડે છે. તેઓના માનવા પ્રમાણે આ જગ્યા, આ શાક્ષીને

હુ લાવ્યો છુ. નહિ તો એ વધારો થયો નથી, પણ માથીની ભુલ છે. (જો પૃષ્ટ ૮૭.) અને જ્યારે હુ માથીની ભુલને વર્ણવ્યાથી પરાક્રો થયો તો, મુનાસેબ છે કે; મી૦ જુવેલ અને વાર્ડે મર્કની ભુલનો એકરાર કીધેલો છે[૧] તેને વર્ણવું. હુ કહુ છુ કે તેની ઇંજીલના અધ્યાય ૨:૨૫ ૨૬માં આવી રીતે છે. "ને તેણે તેઓને કહ્યું, કે દાઉદને અગત હતી, ને તે તથા તેના સાથીઓ ભુખ્યા હતા, ત્યારે તેણે શું કર્યું, એ તમે શું કદી નથી વાંચ્યું? એટલે અબ્યાથર યાજક હતો, ત્યારે દેવના ઘરમાં પેસીને અર્પેલી રોટલીઓ જે યાજકો શિવાય કોઇને ખાવાને ઉચીત (હલાલ) નથી, તે કેમ ખાધી; ને તેના સાથીઓને પણ આપી." તો અબ્યાથરનો શબ્દ ખોટો છે. જેમકે તે બંનેએ[૨] તેનો એકરાર કીધો છે. અને એવીજ તરેહ આ બે વાકયો, "તે તથા તેના સાથીઓ ભુખ્યા હતા." તથા "તે કેમ ખાધી, ને તેના સાથીઓને પણ આપી." કેમકે એ વખતમાં દાઉદ (અલે) એકલા હતા. અને તેમની સાથે કોઇ નહોતો. જેમકે ૧. શમુએલ (અધ્યાય ૨૧ તથા ૨૨) જોનાર પર કાંઇ છુપું નથી. અને જ્યારે મજકુર બંને વાકયો માર્કની ઇંજીલમાં ખોટાં ઠર્યાં, તો એ બંનેના જેવાં (વાકયો) માથી તથા લુકમાં આવેલાં છે. તે પણ ખોટાં છે. માથી ૧૨;૩,૪માં આવી રીતે છે. "પણ તેણે તેઓને કહ્યું કે, જ્યારે દાઉદ તથા તેના સાથીઓ ભુખ્યા હતા, ત્યારે તેણે જે કર્યું તે શુ તમે વાંચ્યુ નથી? તેણે દેવના ઘરમાં પેસીને અર્પેલી રોટલી જે તેને તથા તેના સાથીઓને ખાવાને ઉચીત નહતી, પણ એકલા યાજકોને હતી, તે તેણે ખાધી." અને લુક ૬;૩,૪માં છે. "ને ઇશુએ તેઓને ઉત્તર આપતાં કહ્યું કે, દાઉદ તથા તેના સાથીઓ ભુખ્યા હતા, ત્યારે તેણે જે કીધુ તે સબંધી તમે વાંચ્યુ નથી શું? કે દેવના ઘરમાં ગયો. ને અર્પેલી (નજર કરેલી) રોટલીઓ જે એકલા યાજકોને ખાવાને ઉચીત છે. તે તેણે લઇને ખાધી, ને પોતાના સાથીઓને પણ આપી". તો ખ્રીસ્તનાં આ વચન નકલ કરવામાં ત્રણે ઇંજીલોમાં સાત ભુલો થઇ. જો તેઓ આ સાતેને લખનારાઓ તરફ લગાડશે તો સાત જગ્યામાં ફેરફાર થવાનો એકરાર કરનાર થવાના અને જો કે આ જાહેરથી વિરૂદ્ધ છે. પણ અમને નુકસાન થવાનું નહિ. (જો પૃષ્ટ ૮૭, ૯૫.)

૩૦મી શાક્ષી—માથી ૨૭;૩૫માં આવી રીતે છે. "ને તેને વધસ્તંભે જડયાપર તેઓએ ચિઠ્ઠી નાંખીને તેનાં લુગડાં વહેંચી લીધાં. એ માટે કે; ભવિષ્યવાદીએ જે કહ્યુ હતુ તે પુરૂં થાય, કે મારાં લુગડાં તેઓએ માંહોમાંહે વહેંચી લીધાં. ને મારા ડગલાપર ચિઠ્ઠી નાંખી." આ ઇબારત "એ માટે કે, ભવિષ્યવાદીએ જે કહ્યું હતું તેપુરૂં થાય કે, તેઓએ મારાં લુગડાં માંહોમાંહે વહેંચીલીધાં. ને મારા ડગલાપર ચિઠ્ઠી નાંખી." ફેરફાર થયેલી છે. એઓના સત્ય શોધકોમાં વાજબી રીતે કહાડી નાંખવાની છે. એજ માટે ગ્રીજબાકે એને કહાડી નાંખી છે. અને હોર્ને પોતાની ટીકાના ભાગ ૨જાના પૃષ્ટ ૩૩૦, ૩૩૧માં મજબુત દાખલાઓથી સિદ્ધ કીધુ છે કે, એ પાછળથી લગાડાયલુ છે. ફરી તેણે કહ્યું. "ગ્રીજબાક આગળ એનુ નકીથી મિથ્યાત્વ સિદ્ધ થયા પછી એને છોડી દેવુ તેને સારૂં લાગ્યું." અને આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૫માં મજકુર કલમની નીચે કહ્યું છે. "આ ઇબારત મુકી દેવી જરૂર છે. કેમકે તે મતનનો ભાગ નથી. અને ખરી પ્રતોએ એને તજી દીધી છે. અને એવીજ તરેહ ભાષાંતરોએ એને મૂકી દીધી છે. સિવાય થોડાને (કે તેઓએ મૂકી નથી.). અને એવીજ તરેહ ઘણા પ્રાચીન કાળનાઓએ એને તજી છે. અને આ ઘાલમેલ ખુલ્લી છે, યોહાન ૧૯;૨૪થી લેવાયલી છે."

૩૧મી શાક્ષી—૧. યોહાનનું પત્ર ૫;૭-૮. "કેમકે આકાશમાં શાક્ષી પુરનારા ત્રણ છે. એટલે બાપ શબ્દ, તથા પવિત્રાત્મા અને એ ત્રણે એક છે. અને પૃથ્વીપર શાક્ષી પુરનારા ત્રણ છે.

(૧) એ એકરાર વાર્ડે પોતાના પુસ્તકના પૃષ્ટ ૩૬માં કીધો છે. તેના તરફ ઇસારો છે, તેમાં તેણે કહ્યુ કે,—માર્કે ભુલ કરી અખીમલેકને બદલે અબયાથર લખ્યો છે. અને માથીએ ભુલ કરી જખરીઆને બદલે ઇર્મીયા લખ્યો છે. અને માથીની આ ભુલનું વર્ણન અત્રે પુરૂ થયુ તો માર્કની ભુલને કર્તા વર્ણવે છે.

(૨) એટલે મી૦ જુવેલ તથા વાર્ડે રૂમ૦ મો૦

એટલે આત્માને પાણી તથા લોહી, એ ત્રણે એકમાં મળે છે." આ બંને કલમમાં એમના સત્યશોધકોના માનવા પ્રમાણે મુળ ઇબારત આટલી હતી. "અને શાક્ષી પુરનારા ત્રણ છે. એટલે આત્મા ને પાણી તથા લોહી એ ત્રણે એકમાં મળે છે" તો ત્રિદેવના માનનારાઓએ આટલી ઇબારત વધારી. "આકાશમાં ત્રણ છે, એટલે બાપ, શબ્દ તથા પવિત્રાત્મા, અને એ ત્રણે એક છે. અને પૃથ્વીપર શાક્ષી આપનારા". ત્યારે આમાં અને મુળ ઇબારતમાં નક્કી ઘાલમેલ થયલી છે. અને ગ્રીજબાક તથા શોલ્ઝ એને પાછળથી દાખલ થયલી માનવામાં એકમતે છે. અને હોર્ને પોતાની હટધર્મિ છતાંએ કહ્યું. "આ ઘાલમેલ થયલી ને વાજબી રીતે તજી દેવાને લાયક છે." અને હેનરી તથા સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ હોર્નની વાતને કબુલ રાખી છે. અને આદમ કલાર્કે પણ એના ઘાલમેલ થવા તરફ વલણ કીધુ છે. અને ઓગસ્ટાઇન કે જે, ખ્રીસ્તી વિદ્વાનોમાં મોટો વિદ્વાન છે. તે ઇ૦ ચોથા સૈકામાં થયો છે. અને તે આજ સુધી ત્રિદેવ માનનારાઓનો પણ આધાર (મોતબર ગણાયલો) છે. તેણે આ પત્રપર ૧૦ પત્રો લખ્યાં છે. (પણ) આ પત્રોમાંના કોઇ પત્રમાં આ ઇબારત નકલ કીધી નથી. અને જુઓ તો તે ત્રિદેવ માનનારો હતો, ત્રિદેવનો ઇન્કાર કરનાર પ્યૂરીયન ટોળાથી શાસ્ત્રાર્થ (મુનાજરો-બહસ) કરનાર હતો, તો જો આ ઇબારત એનાં વખતમાં હોત તો તેની સાબેતીમાં તેથી તે આધાર પકડત. અને તેને નકલ કરત.[1]

અને આ ૮મી કલમ વિષે મતલબ ઘડવાની તક લીફમાં પડતે નહિ. તેણે નોટમાં કહ્યું. "મતલબ પાણીથી બાપ, અને લોહીથી દીકરો, અને આત્માથી પવિત્રાત્મા." કેમકે આવી બનાવટ છેક નિર્બળ છે. અને હું ધારું છું કે-આ બનાવટ છેક આધી હતી. જેથી ત્રિદેવના માનનારાઓએ આ ઇબારત કે જે તેઓની શ્રદ્ધાને લાભકર્તા છે, ઘડી કહાડીને તેને પત્રની ઇબારતનો તેઓએ ભાગ કરી નાંખ્યો: અને મીઝાનુલ-હકના કર્તાએ પણ વાદવિવાદમાં કે જે, મારી અને તેની વચ્ચે સને ૧૨૭૦ (હીજરી)માં થયલો તેમાં સર્વની રૂબરૂ એકરાર કીધો કે, એ પાછળથી દાખલ થયલી છે ૧ અને તેના જોડીઆએ જ્યારે જોયું કે, બીજી ઇબારતો પણ એની આગળ કરવામાં આવશે. કે તેમાં ફેરફાર થવાનો એકરાર કર્યા વગર છુટકો જ નથી. તો બીજી ઇબારતોના લાવવા પહેલાં તેણે ઝટ કહી દીધું કે, હું તથા મારો સાથી માની એ છીએ કે ૭ કે ૮ જગામાં ફેરફાર થયો છે. ત્યારે યોહાનની ઇબારતમાં ઘાલમેલ થવાનો નકાર હટધામ વગર કોઇ કરશે નહિ. હોર્ને એ ઇબારતની તહકીક (તપાસ) માટે ૧૨ પાના લખ્યાં છે. ફરી તેણે બીજીવાર તેને સારરૂપી લખી છે. પણ તેના બધા વિવેચનનાં ભાષાંતરોને નકલ કરવામાં વાંચનારને કંટાળો ઊપજવાની બીહીક છે. અને તેના બયાન કીધેલા સારનો સાર હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ કીધો છે. તો હું તે સારના સારને એ ટીકાથી નકલ કરૂં છું. ને કહું છું કે, એ ટીકાના ભેગી કરનારાઓએ કહ્યું: "હોર્ને બંને બાજુના દાખલા લખ્યા ફરી તેણે તેને (સારની રૂએ) બીજીવાર વર્ણવ્યું છે. તેના બીજા વિવેચનનો સાર આ છે. આ ઇબારત જુઠી છે, એવું સાબેત કરનારાઓનાં કેટલાંક કારણો છે. (૧) આ ઇબારત ગ્રીક પ્રતોમાં કે જે ૧૬ મા સૈકાની પૂર્વેની લખેલી

(૧) ઉર્દુ બૈબલ છપાયલું સને ૧૮૭૦માના રીફરન્સમાં ૧લું યોહાનનુ પત્ર ૫;૭ વિષે કહ્યું છે કે, એ ઈબારત પુરાની કોઈ પ્રતમાં નથી તથા તેના છાપનાર ડાકટર બીચુરે એ બાબતને કૌંસમાં નાંખી છે. સને ૧૮૬૭માં સુરતમાં છપાયલા નવો કરારમાં ઘાલમેલ થઈલી ઇબારત મોજુદ છે પણ સને ૧૮૯૬માં સુરતમાં છપાયલા રીફરન્સવાલા નવો કરારમાંથી મજકુર વાધા ભરેલી ઈબારતને ખોટી સમજી તદન કાહાડી નાખી છે એ વિષે હું સુરતના રેવરન્ડને શાબાશી આપુ છું અને આશા રાખું છું કે બીજી ઘાલમેલ થઇલી ઇબારતને પણ કાહાડવાની સોચમાં રેહે. ગુ. મો.

(૧) આથી સિદ્ધ થયુ કે ખ્રીસ્તીઓ પાસે ત્રીદેવ માનવાની કોઈ દલીલ નથી જેથી તેઓને બનાવટ કરવાની જરૂર પડી. જો તેઓ પાસે મજબુત આધાર હોત તો આ શરમ ભરેલી કલપનાની જરૂર પડતે નહી. ગુ૦ મો૦

છે. તેમાં મળતી નથી. (૨) ઘણી કાશીશ અને પુરતી તપાસથી જે પ્રતો આગલા વખતમાં છાપવલીઓ તેમાં એ મળતી નથી. (૩) લેટિન વઅર કોઈ ભાષાંતરમાં એ મળતી નથી. (૪) પ્રાચીન કાળની (જુનેરી) લેટિન પ્રતોમાં એ મળતી નથી. (૫) પ્રાચીન કાળનાઓએ તથા મંડળીના ક્ષિ૮સોકોએ એથી આધાર લીધો નથી. (૬) લેટિનના વલિઓમાંથી કોઈએ એથી આધાર પકડયો નથી. (૭) પ્રોટેસ્ટંટ પંથના આગેવાન તથા તે પંથના સુધારકોએ એને કહાડી નાંખી છે. અથવા તે પર શકની નિશાન કીધી છે. અને જેઓ એને સાચી જાણે છે તેમનાં કારણો છે. (૧) 'પ્રાચીન લેટિન પ્રતોમાં તથા વલગેટના લેટિન ભાષાંતરોની ઘણી પ્રતોમાં મળી આવે છે (૨) ગ્રીકની શ્રદ્ધા (અકીદા) ની ચોપડીઓમાં, તથા ગ્રીક મંડળીની પ્રાર્થના પોથીમાં, તથા લેટિન મંડળીની જુની પ્રાર્થના પોથીમાં એ મળી આવે છે. તથા લેટિનના વલિઓમાંના કેટલાક એનાથી આધાર પકડેલો.' પણ આ બંને કારણો શક ભરેલાં છે. અને ગુપ્ત કારણો કે જે એને સાચવી રહ્યાં છે. તે આ છે. (૧) વાતની બાંધણી (૨) વ્યાકરણનો કાયદો. (૩) હર્ફેતારીફ (ઓળખાણ બતાવનારો અક્ષર). (૪) આ ઇબારતની યોહાનની બીજી ઇબારત સાથે મહાવરામાં સરખું થવું. અને કેટલીક પ્રતોમાં એને મૂકી દેવાનું કારણ થઇ શકે છે કે મૂળ બે પ્રતો હશે, (તેમાંથી એકમાં એ ઇબારત હશે અને બીજીમાં નહિ હશે) અથવા એ બાબત (ઇબારતનું કમી થવું) લખનારની શરારતથી, અથવા તેની ગફલતથી પ્રતોના કમી હોવાના વખતમાં થયું હોય, અથવા એરિયન (ટોળાએ) એને કહાડી નાંખી હોય. અથવા કોઈ ધાર્મિક એના ત્રિદેવના ભેદમાંથી હોવાને લીધે કહાડી નાંખી હોય; અથવા લખનારની ગફલતે એનું કારણ થયું હોય; જેમકે તે બીજી નુકશાનીઓનું કારણ થયું છે. ગ્રીક ધર્મગુરૂઓએ આ બહસમાં આવેલા ફકરાઓને છોડી દીધા છે. અને હોર્ને મજકુર દાખલાઓને બીજીવાર જોયા, અને ઈન્સાફની રૂએ તથા વગર રીયાએ (વગર શરમ રાખે) આ બનાવટી ફકરાને કહાડી નાંખવાનો, તથા જ્યાં સુધી ખરી પ્રતો કે જેમાં શક ન હોય, તેના પર શાહેદી આપે નહિ ત્યાં સુધી એને કોઇ દાખલ કરી શકે નહિ, એવો હુકમ કીધો. અને આરશાની અંતે થઇને તેણે કહ્યું કે, છુપી શાહેદીઓ અગર જો મજબુત છે. પણ આ મતલબ (આ ઇબારત બનાવટી છે) વાસ્તે જાહેર શાહેદીઓના જવાબપર વધે નહિ.' એ બુદ્ધિવાન તું જો. જે હોર્ને પસંદ કીધું તે તેઓએ પસંદ કીધું. કેમકે તેઓએ કહ્યું: "હોર્ને ઇન્સાફની રૂએ તથા વગર રીયાએ હુકમ કીધો છે." અને બીજા ટોળાઓના દાખલા ધિક્કારવાને લાયક છે. જેમકે તેઓએ કહ્યું છે. અને આ ટોળાવાળા જવાબમાં જે કહે છે. તેથી બે બાબ તો સમજાય છે. (૧) ફેરફાર કરી લખનારાઓને તથા સામાવાળાઓને છાપવાનો હુન્નર નીકળવા પહેલાં મોહોળી શકિત હતી. અને તેઓની મતલબ પુરી પડેલી. શું તું જોતો નથી કે, લખનારનો અથવા એરીયન ટોળાનો, અથવા તેઓના માનવા પ્રમાણે ધાર્મિકોનો ફેરફાર કેવી રીતે આ જગ્યા ચલણ થઇ ગયો કે, મજકુર ગ્રીકની બધી પ્રતોથી, તથા લેટિન ભાષાંતર વગર બીજાં ભાષાંતરોથી, તથા ઘણીખરી લેટિન પ્રતોથી પણ એ ઇબારત જતી રહી? જેમકે પહેલા ટોળાની દલીલોથી તને જાહેર થયું છે. (૨) સિદ્ધ થઇ ગયું કે, ખ્રીસ્તીઓના ધાર્મિકો, તથા સારી ધાનતવાળાઓ પણ જ્યારે ફેરફાર કરવામાં લાભ જોતા તો, તેઓ જાણી જોઇને ફેરફાર કરતા. જેમકે તેઓએ આ ઇબારતને, ત્રિદેવ માનવાના ભેદ હોવાને લીધે કહાડી નાંખી છે. અને જેમકે ગ્રીક ટોળાના ધર્મગુરૂઓએ આ તકરારમાં આવેલા ફકરાઓને કહાડી નાંખ્યા છે. અને જ્યારે ફેરફાર કરવું ખ્રીસ્તીઓના ધર્મગુરૂની તથા ધાર્મિકો અને સારી ધાનતવાળાઓની ટેવ છે. તો ખોટા ટોળાથી તથા ફેરફાર કરી લખનારાઓથી રાવ કેવી કરવી? તો જણાઇ ગયું કે મજકુર લોકોએ છાપવાનો હુન્નર નિકળવા પેહેલાં ફેરફાર કરવામાં કોઇ કસર મૂકેલી નહિ. અને કેમ કરીને નહિ હોય, આ દરવાજો (ફેરફાર કરવાનો રીવાજ) તો તેના (છાપો) નીકળવા પછી પણ બંધ થ

યો નથી. (જુવો પૃષ્ટ ૪૬ તથા પૃષ્ટ ૧૧૧ ની નોટ)

હું આ જગ્યા એક હીકાયતને નકલ કરવા ઉપર કે જે આ ઇબારત સાથે સંબંધ રાખે છે. બસ કરૂં છું. તું જાણ એ બુધ્ધિવાન, પ્રોટેસ્ટંટ ટોળાનો પ્રથમ આગેવાન, તથા ખ્રીસ્તી ધર્મના સુધારકોમાંનો મોટો સરદાર લ્યુથરે જ્યારે એ ધર્મને સુધારવાનો વિચાર કીધો તો. તેણે જર્મની ભાષામાં પવિત્ર પુસ્તકનું ભાષાંતર કરવા શરૂ કીધું કે જેથી તેના વાગેદાર હાલ લોક શકે પણ તેણે આ ઇબારત (૧. લુ યોહાન ૫:૭,૮) ને પોતાના તરજુમામાં લીધી નથી. અને આ તરજુમો તેના જીવતાં ઘણીવાર છપાયલો, પણ તે છપાયલી પ્રતોમાં એ ઇબારત નહોતી. ફરી જ્યારે તે વૃદ્ધ થયો, અને તેણે જાણ્યું કે હું વહેલો મરી જઇશ. અને તેણે એને બીજીવાર છાપવાનો વિચાર કીધો. અને ઇ૦ સન ૧૫૪૬ માં તેણે છાપવાનું કામ શરૂ કીધું. અને તે પુસ્તકવાળાઓની ટેવથી સારી રીતે, અને ખ્રીસ્તીઓની ટેવથી વિશેષે કરી વાકેફ હતો. તો તેણે આ તરજુમાની પ્રસ્તાવનામાં આગ્ના કીધી કે, કોઇ માણસ મારા આ તરજુમામાં ફેરફાર કરે નહિ. પણ એ આગ્ના જો કે પુસ્તકવાળાઓની ટેવથી વિરૂદ્ધ હતી તો તેઓએ તે ઉપર અમલ કીધો નહિ. પણ એના મરણને ત્રીશ વર્ષ પણ નહિ થયાં હોય, તેટલામાં તો તેઓએ એ બનાવટી ઇબારતને તેમાં દાખલ કરી દીધી. અને આ ફેરફાર પ્રથમ ફ્રીંગ ફોર્ટવાળાઓથી થયો છે. તેઓએ સને ૧૫૭૪ માં એ તરજુમાને છપાવ્યો હતો, તેમાં એ ઇબારતને દાખલ કીધી. પણ એ પછી તેઓ ખુદાથી, અથવા લોકોના તાનાથી બીધા તો બીજીવાર જ્યારે તેઓએ છપાવ્યો તો, એને કહાડી નાંખી. ફરી ત્રિદેવ માનનારાઓ ઉપર એનું મુકી દેવું ભારી થઇ પડયું તો વિટેનબર્ગવાળાઓએ સને ૧૫૯૬, ૧૫૯૯માં તથા એ વીજ તરેહ હાયમબર્ગવાળાઓએ સને ૧૫૯૬ માં એ ઇબારતને દાખલ કીધી. પણ વિટેનબર્ગવાળા ફ્રીંગફોર્ટવાળાઓની માફક લોકોના તાનાથી બીધાતો, તેને બીજીવાર છાપવામાં કહાડી નાંખી. ફરી તે પછી એ તરજુમાના માનનારા ત્રિદેવવાળાઓ એને કહાડી નાંખવાથી રાજી થયા નહિ તો, તેઓના ધર્મના આગેવાન (લુથર માન) ની આગ્નાને વિરૂધ્ધ તેનું દાખલ કરવું ફેલાયું. ત્યારે એવા માણસોથી કે, જેઓની ટેવ તારી જાણ પ્રમાણે હોય, થોડી પ્રતોમાં છાપવાનો, હુન્નર નીકળ્યા પેહેલાં ફેરફાર નહિ કરે; એવી આશા કેમ રખાય? કદી નહિ, ફીર કદી નહિ. તેઓથી ફેરફાર કરવા વગરની અમો આશા રાખતાજ નથી. અને પખ્યાત ફીલસુફ ઇસહાક ન્યુટને એક પત્ર લખ્યો છે. જેનું દલ ૫૦ પૃષ્ટનું છે. તેમાં તેણે સિદ્ધ કીધું છે કે, મજકુર ઇબારત તથા ૧. તીમોથી ૩; ૧૬ ફેરફાર થયલાં છે. અને મજકુર (તીમોથીની) કલમ આવી રીતે છે, "અને સુભક્તિ (તકવો, પરહેજગારી) નો મર્મ ખચીત મોટો છે; દેવ દેહમાં પ્રગટ° થયો, આત્મામાં ન્યાયી ઠરાવાયો, દુતોના દીઠામાં આવ્યો, વિદેશીઓમાં તેની વાત પ્રગટ થઇ, જગતમાં તે પર વિશ્વાશ થયો, મહિમામાં તે ઉપર લેવાયો," આ કલમ ત્રિદેવ માનનારાઓને પણીજ ઉપયોગી છે. જેથી તેઓએ પોતાના ખોટા અકીદાને સિદ્ધ કરવા માટે એને વધારી છે. [૧]

---

(૧) પાદરી ફ્રૈન્ડરે પોતાની કીતાબ મીફતાહુલ અસરાર તથા બીજી કીતાબોમાં ત્રિદેવ માનવાની સાબેતોમાં જેટુકા મન પર આવે તેવા દાખલા લખ્યા છે. પણ ૧. યોહાન ૫; ૭. ૮ની ઇબારતને જાહી સમજી તેણે લખી નથી કદાપિ એમ ધાર્યું હશે કે, જો હું એ ઇબારતને લખીશ, અને ફરીથી કોઇ લોકોને જોશે તો કલાઇ ખુલી જશે. અને મારા લખાણનું ભોપાળું નીકળી જશે. લ્યુજુડાનો લેટિન ભાષાંતર જેને ઇરસ્ટીએન જે સને ૧૫૪૪માં છપાવેલું તેમાં એ ઇબારતને મતનથી કહાડી નોટમાં દાખલ કીધી છે. કારટલ્યુના તરજુમામાં જે સને ૧૫૫૨. ૧૫૬૩માં છપાયું તેમાં ઇબારતને જુદી થવાની નિશાન કીધી છે ટંડેલ સાહેબને અંગ્રેજી તરજુમો જે સને ૧૫૪૮, ૧૫૪૯માં છપાયો છે અને કોરેટલની બૈબલ જે સને ૧૫૩૫માં છપાયું છે. અને માથ્યુંની બૈબલ જે સને ૧૫૩૭, ૧૫૪૯ તથા ૧૫૫૧માં છપાયું છે અને કમરીનમરરનું બૈબલ જે સને ૧૫૩૯. ૧૫૪૧માં છપાયું છે અને ક્રીવરનરનું બૈબલ જે સને ૧૫૪૦, ૧૫૪૧ અને ૧૫૪૯માં છપાયલું છે. અને બીશપ ટાનસ્ટલ તથા હેડના સુધારાથી તથા તેમના બંદોબસ્તથી છપાયલું સને ૧૫૪૧માં. અને સર જોહાન ચેકને માટે ગાવાલટેરનું અંગ્રેજી તથા લેટિનમાં સને ૧૫૫૦માં નવો કરાર છપાયલો. આ બધાં બૈબલોમાં મજકુર પત્રના ૫; ૭: ૮ ઉપર શકની નિશાન કીધેલી છે. ગ્રં૦ મો૦

૩૨. મી શાક્ષી—પ્રકટીકરણ ૧; ૧૦, ૧૧ " પ્રભુના દહાડામાં મારા ઉપર આત્મા ઉતર્યો, ને મેં પોતાની પાછળ રણશીંગડાના શબ્દ સરખી વાણી એમ કહેતી શાંભળી કે, હું આલ્ફા તથા ઓમેગા, (અથવા મા) પ્રથમ તથા છેલ્લો છું. ને તું જે દેખે છે તે લખ......" ગ્રીજબાક તથા શોલજ એક મતે છે કે, આ બને શબ્દો " પ્રથમ તથા છેલ્લો છું " પાછળથી લગાડાયલા છે, અને કેટલાંક ભાષાંતરોએ એને છોડી દીધા છે. અને અરબી ભાષાંતર છપાયલ ઈ. સન ૧૬૭૧ તથા ૧૮૨૧ (તથા ૧૮૬૦) માં છપાયલામાં શબ્દ " આલફા તથા મા " પણ કહાડી નખાયા છે.[1]

૩૩. મી શાક્ષી— પ્રેરીતોનાંકૃત્ય ૮;૩૭માં આવી રીતે છે. " ત્યારે ફીલીપે કહ્યું કે જો તું તારા આખા મનથી વિશ્વાશ કરે છે તો ઊચીત (જાએજ) છે. ને તેણે ઉત્તર દેતાં કહ્યું કે, હું વિશ્વાસ કરૂં છું કે ઇશુ ખ્રીસ્ત દેવનો દીકરો છે." આ કલમ પાછળથી લગાડાયલી છે. ત્રિદેવ માનનારામાંથી કોઇએ આ વાક્ય " ઇશુ ખ્રીસ્ત દેવનો દીકરો છે. " ને લીધે એને પાછળથી લગાડી દીધું છે. ને ગ્રીજબાક તથા શોલઝ એના દાખલ થવા ઉપર એકે મતે છે.

૩૪. મી શાક્ષી--પ્રેરીતોનાં કૃત્ય ૯;૫,૬ માં આવી રીતે છે. " ત્યારે તેઓએ કહ્યું કે, પ્રભુ તું કોણ છે? ને પ્રભુએ કહ્યું કે, હું ઇશુ છું જેને તું સતાવે છે. આરો પરલાત મારવી તને કઠણ છે. ત્યારે તે ધ્રુજતાં તથા અચરત થતાં બોલ્યો કે પ્રભુ તું મારી પાસે શું કરાવવા ચાહે છે? ને પ્રભુએ તેને કહ્યું કે, તું ઉઠ, ને શેહેરમાં જા, ને તારે જે કરવું જોઇએ તે તને કહેવાશે. " ગ્રીજબાક તથા શોલઝે કહ્યું છે: આ ઇબારત " આરો પર લાત મારવી તને કઠણ છે. ત્યારે તે ધ્રુજતાં તથા અચરત થતાં બોલ્યો કે પ્રભુ તું મારી પાસે શું કરાવવા ચાહે છે ? " પાછળથી લગાડાઇ છે.

૩૫. મી શાક્ષી—પ્રેરીતોનાં કૃત્ય ૧૦;૬માં આવી રીતે છે: " સીમોન ચામડાં રંગનારને ત્યાં તે ઉતર્યો છે, જેનું ઘર સમુદ્ર કાંઠે છે. તારે શું કરવું જોઇએ તે તને કહેશે. " ગ્રીજબાક તથા શોલઝે કહ્યું. આ ઇબારત " તારે શું કરવું જોઇએ તે તને કહેશે. " એ પાછળથી લગાડાઇ છે.

૩૬. મી શાક્ષી--૧, કરીંથી ૧૦; ૨૮માં આવી રીતે છે. " પણ તમને જો કોઇ કહે કે, તે મૂર્તિનું નૈવેદ છે, તો જેણે તે દેખાડ્યું તેને લીધે તથા પ્રેરક બુદ્ધિને લીધે ન ખાઓ. કેમકે પૃથ્વી તથા તેનું ભરપુરપણું પ્રભુનાં છે." અને વાક્ય " કેમકે પૃથ્વી તથા તેનું ભરપુરપણું પ્રભુનાં છે. " પાછળથી લગાડાયું છે. હોર્ને પોતાની ટીકાના ભાગ બીજાના પૃષ્ટ ૩૨૭માં એનું ઘાલમેલ થયું સિદ્ધ કીધા પછી કહ્યું: " ગ્રીજબાકે પુરતી ખાત્રી કીધા પછી કે, આ વાક્ય કહાડવા જોગ છે એને મતન માંથી કહાડી નાંખ્યું છે. અને ખરૂં એજ છે કે, આ વાક્ય માટે કોઇ સનદ મળી નહિ. અને એ નકામું છે. અને ઘણું ખરૂં એ ૨૬મી કલમથી લેવાયું છે. અને દાખલ કરવામાં આવ્યું છે." અને આદમ કલાર્કે આ કલમની ટીકામાં કહ્યું: "ગ્રીજબાકે મતનમાંથી (એને) કહાડી નાંખ્યું. અને ખરૂં તો આ છે કે, એ વાક્યનો કશો આધાર નથી." અને અરબી ભાષાંતર છપાયલું સને ૧૬૭૧. ૧૮૨૧, (૧૮૬૦) તથા ૧૮૩૧વાળા માંથી એ કહાડી નખાયું છે.

૩૭. મી શાક્ષી—માથી ૧૨;૮માં આવી રીતે છે. "કાંજે માણસનો દીકરો વિશ્રામવાર (સબત)નો પણ પ્રભુ છે." તો શબ્દ "પણ" પાછળથી લગાડાયો છે. હોર્ને પોતાની ટીકાના ભાગ ૨ જાના પૃષ્ટ ૩૩૦માં એને પાછળથી દાખલ થયલો હોવાનું સિદ્ધ કીધા પછી કહ્યું. "આ શ

---

[1] મજકુરે પ્રકટી કરણની ઈબારતથી પાદરી ફન્ડરે ઇશુના ખુદા થવાની સાબેતી લીધી છે. પણ એ ઇબારત તદન ખોટી છે. નવો કરાર છપાયલો સને ૧૮૬૭માં મજકુર ઈબારત છે. પણ સને ૧૮૯૬માં છપાયલા નવાકરારમાંથી સુરતના રેવરન્ડ સાહેબે કહાડી નાંખી છે. જો એમનો ઈનસાફ છે એમને સિદ્ધ થયું કે મજકુર ઈબારત કોઇ ત્રીદેવ માનનારની કલપીત છે. એમ લાગે છે. ગુ. મ.

બ્દ માર્ક ૨;૨૮થી અથવા લુક ૬;૫ થી લઇ આ જગ્યાએ દાખલ કર્યો છે. અને શીજબાકે આ પાછળથી દાખલ કીધેલા શબ્દને કહાડી નાંખવા માં ઠીક કીધું છે."[1]

૩૮. મી શાક્ષી—માથી ૧૨;૩૫માં આવી રીતે છે. "સારૂં માણસ મનના સારા ભંડારમાંથી સારૂં કહાડે છે." પણ શબ્દ "મન"નો પાછળથી લગાડાયો છે. અને હોર્ને પોતાની ટીકાના ભાગ ૨ જાના પૃષ્ટ ૩૩૦માં એને પાછળથી દાખલ થયલાની સાબેતીમાં દાખલા લખ્યા પછી કહ્યું છે: "આ શબ્દ લુક ૬;૪૫માથી લેવા યલો છે."[2]

૩૯. મી શાક્ષી—માથી ૬;૧૩માં આવી રીતે છે. "અને અમને પરિક્ષણમાં ન લાવ, પણ ભુંડાથી અમારો છુટકો કર, કેમકે રાજ તથા પરાક્રમ (કુદ્રત) તથા મહિમા (બુજર્ગી) સર્વ કાળ સુધી તારાં છે." પણ આ વાકય "કેમકે રાજ તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે." પાછળથી લગાડાયુ છે.[3] રોમન કેથોલીકવાળા એને ખાત્રીથી પાછળથી લગાડાયલું કહે છે. અને લેટિન ભાષાંતરમાં તથા એ ટોળાના અંગ્રેજી કોઇ પણ ભાષાંતરમાં એ મળે નહિ. અને જેણે એને પાછળથી લગાડયું છે, તેને એ ટોળાવાળા દોષ આપે છે. વાર્ડ કેથોલીકે પોતાની કીતાબ નામે "કીતાબુલ અગ્લાત" (અશુદ્ધ પત્રિકા) છપાયલી છ૦ સન ૧૮૪૧માંમાં કહ્યું છે: "એજરામીસે આ વાકયની નિંદા કીધી છે. અને બેલીનજરે કહ્યું છે કે—આ વાકય હજુ સુધી દાખલ થયલું છે. પણ આજ સુધી એનો દાખલ કરનાર જણાયો નથી. અને લારીઅનસસ વેલાએ જે કહ્યું છે કે, પ્રભુની વાતમાંથી આ વાકય રહી ગયલું તો તે ઊપર કસો પુરાવો નથી. એટલુંજ નહિ પણ તેને જરૂર છે કે, એ પરવાઇ કરી પ્રભુની વાતમાં એને અંગ કરી બનાવનારાઓ ઉપર શ્રાપ આપે અને ઠપકો આપે." અને પ્રોટેસ્ટંટ ટોળાના મહા વિદ્વાનોએ પણ એને રદ કીધું છે. અને આદમ કલાર્કની આગળ જો કે, એનુ પાછળથી દાખલ થવું પસંદ નથી. તોએ એકરાર કરે છે કે, "શીજબાક અને વિસ્ટન તથા સત્ય શોધકો જેઓ કે, સત્યની શોધમાં તેની પદ્વીમાં છે. તેઓએ એને રદ કીધું છે." જેમકે એણે આ કલમની ટીકાની નીચે કહ્યું છે. અને જ્યારે તેના એકરારથી સિદ્ધ થયું કે, સત્યશોધની છેવટની પદ્વીમાં ચડેલા સત્ય શોધકોએ એને રદ કીધું છે તો, તેનું વિરૂદ્ધ જવું, અમને નુકશાની આપશે નહિ. અને આ વાકય કેથોલીક ટોળાની શોધ પ્રમાણે, તથા પ્રોટેસ્ટંટ ટોળાના સત્ય શોધકોની શોધ પ્રમાણે ખ્રીસ્તની પ્રાર્થનામાં વધારાયુ છે. તો આ ઉપરથી (જણાય છે) કે ફેરફાર કરનારાઓએ પ્રખ્યાત પ્રાર્થનાને પણ મુકી નહિ.

૪૦. મી શાક્ષી—યોહાન, ૭;૫૩ તથા અધ્યાય ૮ની ૧૧ કલમો ૧ થી ૧૧મી સુધી પાછળથી લગાડાઇ છે. હોર્નને એનું પાછળથી લગાડેલું થવું જો કે પસંદ નથી, તો પણ પોતાની ટીકાના ભાગ ચોથાના પૃષ્ટ ૩૧૦માં કહ્યું છે. "એરાજમસ, કાલ્વીન, બીઝા, ગરોટીઅસ, લીકર્ક, વટીસ્ટન, સીમલર, શોલ્ઝ, મુરસ, હેનલેન, પાલેસ, શેમટ, અને બીજા રચનારાઓ કે, જેનું વર્ણન વેનક્ક્સ, તથા કોચરે કીધું છે. એઓ એ કલમોને સાચી માનતા નથી." ફરી તેણે કહ્યું છે: "કરેસારટોમ, શ્યુકલેકટ, અને તુનસે આ ઇંજીલપર ટીકા લખી છે. પણ તેઓએ એ કલમોની ટીકા કીધી નથી. એટલુંજ નહિ પણ તેમણે પોતાની ટીકામાં એની નકલ પણ કીધી નહીં. અને ટર્ટુલેન તથા સાઇપરને વ્યભિચારની તથા ચોખ્ખી નૈયતની બાબતમાં પત્રો લખ્યાં છે. પણ તેઓએ એ કલમોથી આધાર લીધો નથી. તો જો, આ કલમો તેઓની પ્રતોમાં હતે તો તેઓ તેને વર્ણવતે તથા ખાત્રીથી તેથી આધાર લેતે." અને વાર્ડ કેથોલીકે કહ્યું: "કેટલાક પ્રાચીનકાળનાઓએ યોહાનના ૮મા અધ્યાયપર શંકા કીધી છે." અને નોર્ટને ખાત્રીથી કહ્યું છે કે; આ કલમો પાછળથી

(૧) અરબી ભાષાંતર છપાયલું ૧૮૧૧વાળામાંથી પણ શબ્દ 'પણ'નો કહાડી નાંખ્યો છે. ગુ૦ મો.

(૨) અરબી બેબલ છપાયલું સને ૧૮૧૧ તથા ૧૮૬૦વાળામાંથી "મન" (કલબ)નો શબ્દ કહાડી નાંખ્યો છે. ગુ૦ મો૦

(૩) ઊર્દુ બેબલ છપાયલું કલકત્તામાં બાપ્ટાઇસ્ટ મિશન તરફથી સને ૧૮૩૯; ૧૮૪૪માં તેમાં એ વાકય ઉપર શકની નિશાન કીધી છે. ગુ. મો.

દાખલ થયલીઓ છે.

૪૧. મી શાક્ષી—માથી ૬;૧૮માં આવી રીતે છે. "ને ગુપ્તમાં જોનાર તારો બાપ તને પ્રગટમાં પાછું ભરી આપશે." પણ શબ્દ "પ્રગટમાં" નો પાછળથી દાખલ થયલો છે. આદમ કલાર્કે એ કલમની ટીકામાં એનું પાછળથી દાખલ થયલું સિદ્ધ કીધા પછી કહ્યું છે. "જ્યારે એ શબ્દની કોઇ સનદપુરતી નહતી તો તને ગ્રીજબાકે, વેટસટને, તથા બીનજલે મતનમાંથી કહાડી નાંખ્યો છે.

૪૨. મી શાક્ષી—માર્ક ૨;૧૭ માં શબ્દ "પસ્તાવા સારૂ" નો આવેલો છે. પણ તે પાછળથી દાખલ થયલો છે. આદમ કલાર્કે એને પાછળથી દાખલ થયલો સિદ્ધ કીધા પછી એ કલમની ટીકામાં કહ્યુ છે કે, ગ્રીજબાકે એને મતનમાંથી કહાડી નાખ્યો છે. અને ગ્રોટેસ, મીલ, તથા બીનજલે તેની તાબેદારી કીધી છે.[૧] "

૪૩. મી શાક્ષી—માથી ૯;૧૩ માં પણ શબ્દ "પસ્તાવા સારૂ" નો આવેલો છે. તે પણ પાછળથી દાખલ થયલો છે. અને આદમ કલાર્કે એનું પાછળથી દાખલ થવાનું સિદ્ધ કીધા પછી એ કલમની ટીકામાં કહ્યું છે: "મિલ તથા બીનજલે આ શબ્દને કહાડી નાંખવાને સારૂં જાણ્યું. અને ગ્રીજબાકે એને મતનમાંથી કહાડી નાંખ્યો છે.[૨]

૪૪. મી શાક્ષી—માથી ૨૦;૨૨,૨૩ માં આવી રીતે છે. "પણ ઇશુએ ઉત્તર દેતાં કહ્યુ કે, તમે જે માગો છો તે તમે સમજતા નથી. જે વાટકો હું પીનાર છું તે તમે પીવાને, તથા જે બાપ્તિસ્મા હું લેનાર છું, તે બાપ્તિસ્મા લેવાને શું તમે સમર્થ છો? તેઓ તેને કહે છે કે, હા, અમે સમર્થ છીએ. પછી તે તેઓને કહે છે કે તમો મારો વાટકો પીસો, ને જે બાપ્તિસ્મા હું લેનાર છું તે તમે લેશો ખરા"...પણ આ ફકરો "જે બાપ્તિસ્મ હું લેનાર છું તે બાપ્તિસ્મા લેવાને તમે" તથા એવીજ તરેહ આ ફકરો "જે બાપ્તિસ્મા હું લેનાર છું તે તમે લેશો." પાછળથી લગાડાયો છે. અને ગ્રીજબાકે બે વાર મતન છપાવ્યું તેમાથી એને કહાડી નાંખ્યો છે. અને આદમ કલાર્કે એનું પાછળથી દાખલ થવું સિદ્ધ કીધા પછી કહ્યું છે: "ઇબારતને ખરી ખોટી શોધ માટે જે કાયદા વિદ્વાનોએ ઠેરવ્યા છે. તેથી જણાતું નથી કે, આ બને ફકરા મતનના અંગો છે."[૩]

૪૫. મી શાક્ષી—લુક ૯;૫૫,૫૬માં આવી રીતે છે. "પણ તેણે ફરીને તેઓને ધમકાવ્યા ને કહ્યુ કે, તમે કેવા સ્વભાવના છો, એ તમે જાણતા નથી, કેમકે માણુસનો દીકરો માણસના જીવનો વિનાશ કરવા આવ્યો નથી. પણ બચાવવાને. ને તેઓ બીજે ગામ ગયા." પણ આ ઇબારત "કેમકે માણસનો દિકરો માણુસના જીવનો વિનાશ કરવા આવ્યો નથી. પણ બચાવવાને" પાછળથી લગાડાયલી છે. આદમ કલાર્કે આ બને કલમોની ટીકાની નીચે કહ્યુ છે: "ગ્રીજબાકે આ ઇબારતને મતનમાંથી કહાડી નાંખી છે. અને ઘણું ખરૂં છેક પ્રાચીન પ્રતોમાં આવી રીતે હશે. 'પણ તેણે ફરીને તેઓને ધમકાવ્યા, ને કહ્યું કે, તમે કેવા સ્વભાવના છો, એ તમે જાણતા નથી. ફરી તેઓ બીજે ગામ ગયા.'"

ત્રીજી ગરજ
ઘટારાથી ફેરફારની સાબેતીમાં.

૧. શાક્ષી—ઉત્પત્તિ ૧૫;૧૩ માં આવી રીતે છે. "ને તેણે ઇબ્રાહીમને કહ્યું, તું ખચીત જાણ, કે તારૂં બીજ (વંશ) પ્રદેશમાં ભટકશે, ને ત્યાંના લોકોની સેવા (ગુલામી) કરશે, ને તેઓ ચારસો વર્ષ લગી તેઓને દુઃખ દેશે." અને આ ઇબારત "ત્યાંના લોકોની સેવા કરશે, ને તેઓ તેઓને દુઃખ દેશે." તથા એજ અધ્યાયની કલમ ૧૪મી "ને જેઓની તેઓ સેવા કરશે તેમનો ન્યાય પણ હું કરીશ, ને ત્યાર પછી તેઓ મોટી સંપત્તિ (માલ, ધન) લઇને નીકળશે." એ બને બતાવી રહી છે કે, પરદેશની મતલબ મિસરની જમીન છે. કેમકે જેઓની સેવા તેઓએ કીધેલી ને તેમણે ઇબ્રાયલ પુત્રોને

(૧) અરબી બૈબલ છપાયલું સને ૧૬૭૧, ૧૮૧૦, માંથી એ શબ્દ કહાડી નાંખ્યો છે. ગ્રા૦ મો૦

(૨) અરબી બૈબલ છપાયલું સને ૧૬૭૧, ૧૮૧૦ માંથી એ શબ્દ કહાડી નાંખ્યો છે. ગ્રા૦ મો૦

(૩) અરબી બૈબલ છપાયલું સને ૧૬૭૧, ૧૮૧૦ માંથી એ બને ફકરા કહાડી નાંખ્યા છે. ગ્રા૦ મો૦

દુઃખ આપેલું. ફરી ખુદાએ તેઓનો ન્યાય ક
રેલો, ફરી એ પછી ઇશ્રાયલ પુત્રો મોટી સંપ
ત્તિ લઇને નીકળેલા. તે મિસરીઓ વગર કોઇ ન
થી. કેમકે એ બાબનો બીજામાં મળતી નથી.
અને નિર્ગમન ૧૨;૪૦માં આવી રીતે છે. "અને ઇશ્રા
યલ પુત્ર જે મિસરમાં રહેતા હતા, તેઓના પ્ર
વાસનાં ચારસોં ત્રીસ વર્ષ હતાં." ત્યારે આ બ
ને કલમો એક બીજાને વિરૂદ્ધ પડી. તો કયાં
તો આગલીમાંથી ૩૦ નો શબ્દ નીકળી ગયો.
અથવા બીજીમાં વધી ગયો. આ વિરૂદ્ધતા અને
ફેરફારથી આંખ મીંચામણી કરી હું કહું છું કે,
મુદતનું વર્ણન બનેમાં નકોજ ખોટું છે. એ
માં કશો શક નથી. એનાં કારણોઃ— (૧) મુ
સા (અલે) લેવીના છોકરીના છોકરા છે. તથા
લેવીના પ્રપૌત્ર (છોકરાનો છોકરો તેનો છોકરો)
પણ છે. કેમકે એવણુ માના તરફથી યોખાબે
દના છોકરા છે. તે લેવીની છોકરી છે. અને બા
પ તરફથી ઇમરાનના છોકરા તે કોહાતનો તે લે
વીનો છોકરો છે. તો ઇમરાન પોતાની ફોઇ સા
થે પરણ્યો હતો. જેમ કે નિર્ગ. અધ્યા. ૬;૨૦
તથા ગણુના અધ્યાય ૨૬ માં છે. અને કોહાત
મુસાનો દાદો મિસરમાં ઇશ્રાયલ પુત્રોના આવ્યા
પહેલાં જનમ્યો હતો. જેમકે ઉત્પ. ૪૬;૧૧ માં
લખ્યું છે. તો ઇશ્રાયલ પુત્રોનું મિસરમાં રહેવું
૨૧૫ વર્ષથી વધુ થઇ શકશે નહિ. (જો પૃષ્ઠ)
(૨) એમના ઇતિહાસકો તથા એમના ટીકાકા
રો એક મતે છે કે, ઇશ્રાયલ પુત્રોનું (મિસર
માં) રહેવું ૨૧૫ વર્ષ હતું. પ્રોટેસ્ટંટ વિદ્વાનોનાં
રચેલા પુસ્તકોમાંથી એક અરબી પુસ્તક નામે
"મુરશેદુત—તાલેબીન,—ઇલાકીતાબીલ—મોકદ્દસુલ
સમીન" છે. તેના ટાઇટલપર લખ્યું છે. "તે
માલ્ટામાં ઇ૦ સન ૧૮૪૦ ઇંગ્લીશ બીશપવાળી
મંડળીના પ્રેસમાં છપાયું છે." એ પુસ્તકના
બીજા ભાગના અધ્યાય ૧૩ માં શરૂ દુનિયાંની
ઉત્પત્તિથી તે ખ્રીસ્ત (અલે) સુધીના બનાવોની
તારીખ લખી છે. અને દરેક બીનાની બંને બા
જુ વર્ષો લખ્યાં છે. ડાબી તરફ શરૂ ઉત્પત્તિ
થી તે તે બનાવ સુધીનાં વર્ષ લખ્યાં છે. અ
ને જમણી બાજુએ બનાવથી તે તે ખ્રીસ્તના
જન્મ સુધીનાં વર્ષ લખ્યાં છે. પૃષ્ઠ ૩૪૬ માં છે.

૨૨૯૮ યુસુફના ભાઇઓનુ તથા તેના ૧૭૦૬
બાપનું મિસરમાં રહેવું.
પૃષ્ઠ ૩૪૭માં છે.
૨૫૧૩ લાલ સમુદ્રને પાર ઇશ્રાયલ પુ ૧૪૯૧
ત્રોનુ ઉતરવું, અને તેમાં ફારૂન
નુ ડુબવું.

તો જે નાની ગણત્રીને મોટીમાંથી બાદ
કરશો તો ૨૧૫ રહેશે તેની રીત આ
છે. ૨૫૧૩ ૧૭૦૬ આ ઇતિહાસીકોના
૨૨૯૮ ૧૪૯૧
૨૧૫ ૨૧૫

પસંદ કરવા પ્રમાણે છે. અને ટીકાકારોના કહે
વાને આદમ કલાર્કની ઇબારતથી કે, જેનો તર
જુમો હમણાં હુ નકલ કરૂં છું. તુ જાણી લેશે.
(૩). ગલાતી ૩;૧૬,૧૭માં આવી રીતે છે; "હવે
ઈબ્રાહીમને તથા તેના સંતાન (જુરીયત) ને વ
ચનો કહ્યાં હતાં ને સંતાનોને એમ ઘણા વિ
ષે દેવ કહેતો નથી. પણ તારા સંતાનને એમ
એક વિષે, ને તે ખ્રીસ્ત છે. ને આ હું કહું છું
કે, જે કરાર દેવે ખ્રીસ્ત વિષે અગાઉ નિશ્ચ
યો, તેને ૪૩૦ વર્ષ પછીનું થયલું નિયમ શા
બ રદ કરતું નથી." આ પાઉલની વાત જો કે
ભુલથી પરાછી નથી. જેમકે તું વહેલો જાણી લે
શે, તે નિર્ગમનની વાતથી ખુલ્લી રીતે વિરૂદ્ધ
છે કેમકે એણે મજકુર મુદતના અંદાજાને ઈ
બ્રાહીમના વખતથી ગણ્યો છે. અને એ ઇશ્રાય
લ પુત્રોના મિસરમાં દાખલ થવાથી ઘણું આ
ગળ છે, તૌરાતના ઉતરવા સુધી કે, જે તેઓ
ના મિસરથી નીકળવાથી પાછળ છે અને ઇશ્રા
યલ પુત્રોના મિસરમાં રહેવાની મુદત મજકુર
અંદાજથી માતબર રાખી નહિ. અને જો કે
મજકુર મુદત ખાત્રીથી ખોટી હતી તો નિર્ગમન
૧૨;૪૦ સમારી તથા ગ્રીક પ્રતમાં આવી રીતે
સુધારો થયો છે. "અને ઇશ્રાયલ પુત્રો તથા તે
મના બાપદાદાઓ જે કનાન તથા મિસરમાં રહે
તા હતા. તેઓના પ્રવાસનાં ૪૩૦ વર્ષ હતાં."
આ બંને પ્રતોમાં આ શબ્દો વધારાયા. "ત
થા તેમના બાપદાદા, તથા કનાનમાં" આદમ ક
લાર્કે પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ઠ ૩૬૯
માં મજકુર કલમની નીચે કહ્યું છે. "બધા એક

મતે થયા છે કે, આ કલમની મતલબ ખરી કહ્યું છે.” પણ હું કહું છું કે એની મતલબ કહ્યું નથી. પણ ખાત્રીથી ખોટી છે. જેમ કે એને પણ તું વહેલો જાણશે. ફરી તે ટીકાકારે સમારી પ્રતની ઇબારત નકલ કરીને કહ્યું: “આ લેક ઝાંડરિયાનુસની ઇબારત સમારીની ઇબારત જેવી છે. અને ઘણાખરા વિદ્વાનો આ મત ઊપર છે કે, મુસાનાં પાંચ પુસ્તકો વિષે સમારી પ્રત બહુજ ખરી છે. અને આ વાત મનાયલી છે કે, ગ્રીક ભાષાંતરોની પ્રતોમાં અલેકઝાંડરીયાનુસ ઘણીજ ખરી છે. અને દરેક પ્રતો કે જે, અસ્તિ ભોગવે છે. તેમાં પુરાની છે. અને પાછીલના માતબર થવામાં તો કોઇને શક છેજ નહિ. તેણે આ ત્રણેની શાહ્દી ઉપરથી ફૈસલો કીધો છે. અને ઇતિહાસો શાહ્દી આપી રહ્યા છે કે, આ ત્રણેની તરફેણમાં સત્ય છે. કેમ કે જ્યારે ઇબ્રાહીમ કનાનમાં દાખલ થયા તો; તેમના દાખલ થવાથી તે ઇસહાકના જન્મ સુધી ૨૫ વર્ષ છે. અને જ્યારે યાકુબ જનમ્યા ત્યારે ઇસહાક ૬૦ વર્ષના હતા અને જ્યારે યાકુબે મિસરમાં પ્રવાશ કીધો, ત્યારે તેઓ ૧૩૦ વર્ષના હતા, તો એ બેનો સરવાળો ૨૧૫ થયો અને ઇશ્રાયલ પુત્રોનો મિસરમાં પ્રવાશ કરવો ૨૧૫ વર્ષ છે. તો બધાં ૪૩૦ વર્ષ થયાં.” અને હેનરી તથા સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ મિસરમાં ઇશ્રાયલ પુત્રોની રહેવાની મુદત ૨૧૫ વર્ષને માની લીધા પછી તેઓએ સમારીની ઇબારતને નકલ કરીને કહ્યું: “બેશક આ ઇબારત સાચી છે. અને મતનની દરેક મુશ્કેલીને દુર કરે છે.” તો પ્રગટ થયું કે, હેબ્રી પ્રતવાળી નિર્ગમનની ઇબારત વિષે તેઓના ટીકાકારથી આવો એકરાર કર્યા વગર કે, એ ખોટું છે. કોઇ મતલબ બનતી નથી અને મેં જે કહ્યું હતું કે, પાછીલની વાત પણ ભુલથી પરાજી નથી. કેમ કે તેણે એ મુદતને સ્થાપના (કરાર)થી ગણી છે. અને એ કરાર ઇસહાકના જન્મ પુરવે એક વર્ષે થયલો જેમ કે ઉત્પ ૧૭માં છે. અને મજકુર અધ્યાયની ૨૧મી કલમ આવી રીતે છે. “ને હું પોતાની સ્થાપના ઇસાકની સાથે ઠરાવીશ જેને આવતા વર્ષમાં ઠરાવેલે વખતે સારા તારે સાર જણશે”. અને તૌરાતનું ઉતરવું ઇશ્રાયલ પુત્રોના નીકળવાને ત્રીજે મહિને છે, જેમ કે નિર્ગમન અધ્યાય ૧૯માં છે. તો જો આદમ કલાર્કના કહેલા હિસાબ પ્રમાણે ગણત્રી કરશો તો ૪૦૭ વર્ષ થશે. અને પ્રોટેસ્ટંટ ટોળાના ઇતિહાસમાં પણ ૪૩૦ નહિ જેવું કે પાઉલે દાવો કીધો છે. પણ એજ (૪૦૭) લખાયલું છે”. મુરશેદુત-તાલેબીનના પૃષ્ટ ૩૪૫માં આવી રીતે છે.

૨૧૦૭ ખુદાની ઇબ્રાહીમ સાથે સ્થાપના કરવી, તથા તેનું નામ બદલી ઇબ્રાહીમ રાખવું, સુનંત (ખતના)નું મુકરર થવું. લુતનો છુટકારો, સાદુમ, આમુરા, આદમા, અને ઝબોઇમનું અગ્નિથી નાશ થવું, તેઓની બુરાઇઓ તથા શરારતને લીધે. ૧૮૯૭

ફરી પૃષ્ટ ૩૪૭માં છે.

૨૫૧૪ સેના પર્વતપર નિયમ શાસ્ત્રનું અપાવાવું ૧૪૯૦

તો જો નાનાને ઘણામાંથી	૨૫૧૪	૧૮૯૭
બાદ કરશો તો ૪૦૭ બાકી	૨૧૦૭	૧૪૯૦
રહેશે. આવી રીતે.	૪૦૭	૪૦૭

ચેતવણી—જે મેં કહ્યું છે કે, ચોખાએદ તે ઇમરાનની ફોઇ છે તેજ ખરી વાત છે. જેમકે તે વિષે અનેક ભાષાંતરો અંગ્રેજી, અરબી, ફારસી, (ગુજરાતી) અને ઉર્દુ શાહ્દી આપી રહ્યા છે. પણ તાજુબ છે કે—અરબી ભાષાંતર છપાયલું સને ૧૬૨૫ વાળામાં નિર્ગ ૬;૨૦માં આવી રીતે છે. “ને ઇમરાને પોતાના કાકાની છોકરી પરણી.” તો તેમાં તેણે શબ્દ ફોઇનો કાકાની છોકરીથી બદલી નાંખ્યો છે. અને જો કે આ ભાષાંતર ઘણીજ કોશીશ અને મહેનતથી પોપ અરિનિયસ ૮ માના વખતમાં છપાયું હતું, તથા ઘણા ખરા પાદરીઓ, રાહેબો (મઠપતિઓ) હેબ્રી, અરબી અને ગ્રીક વગેરે ભાષાના જાણીતા વિદ્વાનો તેને સુધારવામાં મંડેલા હતા. જેમકે એ ભાષાંતરની શરૂમાં તેમની લખેલી પ્રસ્તાવનાથી જાહેર થાય છે, તો ઘણું ખરું એ ફેરફાર તેઓથી જાણી બુજીને થયલો છે. કે જેથી મુસા (અલે)ના નસબમાં એબ આવે નહિ, કેમકે ફોઇ

સાથે પરણવું તૌરાતમાં હરામ છે. જેમકે લેવી ૧૮; ૧૨: ૨૦; ૧૯માં છે. અને અરબી ભાષાંતર છપાયલું સને ૧૮૪૪માં પણ આ ફેરફાર અસ્તિ ભોગવે છે. [1]

૨. જી શાક્ષી—ઉત્પ. ૪; ૮માં આવી રીતે છે. "ને કાઇને પોતાના ભાઇ હાબેલને કહ્યું, ને એમ થયું કે, તેઓ ખેતરમાં હતા, ત્યારે કાઇને પોતાના ભાઇ હાબેલપર ઊઠીને, તેને મારી નાંખ્યો." અને સમારી, ગ્રીક તથા પુરાનાં ભાષાંતરોમાં આવી રીતે છે. "ને કાઇને પોતાના ભાઇ હાબેલને કહ્યું કે ચાલો આપણે ખેતર—જઇએ, ને એમ થયુ કે તેઓ ખેતરમાં હતા." ઇત્યાદિ. ત્યારે આ ઇબારત, "ચાલો આપણે ખેતર જઇએ." હેબ્રીમાં ઘટી ગઇ. હોર્ને પોતાની ટીકાના ભાગ બીજાના પૃષ્ટ ૧૯૩ની નોટમાં કહ્યું છે; "આ ઇબારત સમારી, ગ્રીક અને આરામી (સુર્યાની) માં મળી આવે છે. એવીજ તરેહ પ્લીગ્લોટ અને વલટનમાં છપાયલી લેટિન પ્રતમાં (મળી આવે છે.) અને કીનીકાટે એને હેબ્રી પ્રતમાં દાખલ કરવાનું કહ્યું છે. અને કાંઇ શક નથી કે આ ઇબારત શોભિતી છે." ફરી તેણે મજકુર ભાગના પૃષ્ટ ૩૩૮મા માં કહ્યું છે. "કદી કદી ગ્રીક ભાષાંતરની ઇબારત ખરી હોય છે. હાલની ચાલું હેબ્રી પ્રતમાં નહિ મળે તોએ દાખલા તરિકે હેબ્રી પ્રત ફરી તે લખાયલી હોય, અથવા છપાયલી હોય, મજકુર કલમ વિષે ખુલ્લી રીતે અધુરી છે. અને અંગ્રેજી ભાષાંતર કરનાર કે જેનપર મહેર થઇ છે. તેને ભાષાંતર કરનાર જ્યારે સારી રીતે સમજ્યો નહિ, તો તેણે આવી રીતે તરજુમો કીધો. "ને કાઇને પોતાના ભાઇ હાબેલ સાથે વાતચીત કીધી." [2] પણ એ નુકશાનીને ગ્રીક ભાષાંતરે પુરી કીધી છે.

(૧) અરબી બૈબલ છપાયલું સને ૧૬૭૧ તથા ૧૮૬૦માં પણ ફાઇનો શબ્દ કહાડી "કાકાની છોકરી"નો શબ્દ લખી દીધો છે ગુ૦ મો૦ (૨) કાઇને હાબેલને કહ્યું" એવો તરજુમો કરવામાં હેબ્રી પ્રત ઉપર સવાલ લાગુ પડે છે કે તેણે શું કહ્યું તે તો મળે નહિ. કેમકે તે કહેલું વાકય "ચાલો આપણે ખેતરમાં જઇએ." એ નીકળી ગયું છે માટે તેણે "કહ્યું"ની જગ્યા "વાતચીત કીધી" લખ્યું છે એવી ચાલાકી ગુજરાતીવાળાએ પણ કીધી છે. ગુ૦ મો૦

અને આ ભાષાંતરની બરોબર સમારી પ્રત, લેટિન તથા આરામી ભાષાંતર, અને એકોલા ભાષાંતર અને બે ટીકા કે જે ચાલ્ડી ભાષામાં છે. અને તે ફકરો કે જેને કેટલા યહુદીએ નકલ કીધો છે. તે છે." આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧ લાના પૃષ્ટ ૬૩માં હોર્નના કહેવા પ્રમાણે કહ્યું છે: અને આ ઇબારત અરબી ભાષાંતર છપાયલું સને ૧૮૩૧, ૧૮૪૮માં દાખલ થઇ છે."

૩. જી શાક્ષી—ઉત્પત્તિ ૭; ૧૭માં હેબ્રી પ્રતમાં આવી રીતે છે. "ને પૃથ્વીપર ૪૦ દહાડા લગી જળપ્રલય (તોફાન) હતો." પણ આ વાકય ઘણીખરી લેટિન પ્રતોમાં, તથા ગ્રીક ભાષાંતરમાં આવી રીતે છે. "ને પૃથ્વીપર ૪૦ દહાડા અને રાત લગી જળ પ્રલય હતો." અને હોર્ને પોતાની ટીકાના ભાગ ૧ લામાં કહ્યું છે; "હેબ્રી પ્રતમાં એ શબ્દ વધારવો જોઇએ."

૪. થી શાક્ષી—ઉત્પ. ૩૫; ૨૨માં હેબ્રી પ્રતમાં છે. "અને ઇસ્રાયલે જ્યારે તે દેશમાં વસ્તિ કીધી, ત્યારે રઉબેન પોતાના બાપની ઉપપત્નિ (લોંડી) બીલ્હાની પાસે જઇને સુઇ ગયો, ને ઇસ્રાયલે સાંભળ્યું;" હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ કહ્યું છે; "યહુદીઓ માને છે કે, આ કલમમાંથી કાંઇ વસ્તુ નીકળી ગઇ છે. અને ગ્રીક ભાષાંતર તેને આવી રીતે પુરી કરે છે 'અને તે તેની નિગાહમાં ભુંડું હતો." યહુદીઓ પણ આ જગ્યાથી પડી જવાનો એકરાર કરે છે. તો વાકયનું પડી જવું હેબ્રી પ્રતમાંથી પુસ્તકવાળાઓમાં કાંઇ આધુ નથી. તો એક બે અક્ષરનું શું પૂછવું ?

૫. મી શાક્ષી—હોરસ્લીએ પોતાની ટીકાના ભાગ ૧ લાના પૃષ્ટ ૮૨માં ઊત્પત્તિ ૪૪; ૫ ની ટીકાની નીચે કહ્યું છે; "ગ્રીક ભાષાંતરમાં આ કલમની શરૂમાં આ વાકય વધારવું જોઇએ "તમે કેમ મારા બાપની ચોરી કીધી" તો આ વાકય તેના એકરાર પ્રમાણે હેબ્રી પ્રતમાંથી પડી ગયું છે.

૬. ઠી શાક્ષી—ઊત્પ. ૫૦; ૨૫માં આવી રીતે છે. "ને તમે મારાં હાડકાં હયાંથી લઇ જશો." પણ સમારીપ્રત, ગ્રીક અને લેટિન

ભાષાંતરો, અને કેટલાંક જુના ભાષાંતરોમા આવી રીતે છે. "ને તમે મારા હાડકાં ઇયાંથી તમારી સાથે લઇ જશો." તો શબ્દ "તમારી સાથે"નો[1] હેબ્રીમાંથી પડી ગયો છે. અને હોર્ને કહ્યું છે; "મી૦ બહરાઇડે આ તજી દીધેલા શબ્દને પોતાના બૈબલના નવા તરજુમામાં દાખલ કીધો છે. અને તેણે ઠીક કીધું છે."

૭. મી શાક્ષી—નિર્ગમન ૨; ૨૨માં આવી રીતે છે. "ને તે દીકરો જણીને તેનુ નામ ગેરસોમ (પ્રવાસી) પાડ્યુ; કેમકે તેણે કહ્યું: હું અન્ય દેશમાં પ્રવાસી થયો છુ." પણ ગ્રીક તથા લેટીન ભાષાંતરમાં તથા કેટલાંક પ્રરાનાં ભાષાંતરોમાં મજકુર કલમની છેવટમાં આ ઇબારત મળી આવે છે. "અને બીજીવાર પણ તે દીકરો જણી અને તેનું નામ અલિયાજર પાડ્યું.ને કહ્યું, એ માટે કે મારા બાપના પ્રભુએ મારી મદદ કીધી, અને ફારૂનની તલવારથી મને છોડાવ્યો." આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧ લાના પૃષ્ટ ૩૧૦ માં ભાષાંતરોથી મજકુર ઇબારતને નકલ કીધા બાદ કહ્યું " હ્યુબીગેનટે આ ઇબારતને પોતાના લેટિન ભાષાંતરમાં દાખલ કીધી છે. અને તે દાવો કરે છે કે-એની આજ જગ્યા છે. અને એ ઇબારત હેબ્રી પ્રતોમાંની કોઇ પ્રતમાં ફરી તે લખેલી હોય કે, છપાયલી હોય, તે મળતી નથી. એમ છતાંએ મોતબર ભાષાંતરોમાં મળી આવે છે"[2] ત્યારે તેઓમાં આ ઇબારત હેબ્રી પ્રતમાંથી પડી ગયલી છે.

૮. મી શાક્ષી—નિર્ગમન ૬;૨૦માં આવી રીતે છે. "ને તે તેને સારૂ હારૂનને તથા મુસાને જણી." પણ સમારી પ્રત તથા ગ્રીક ભાષાંતરમાં આવી રીતે છે. "ને તે તેને સારૂ હારૂનને તથા મુસાને તથા મારયમ તેઓની બેનને જણી" તો શબ્દ "મરિયમ તેઓની બેન"નો હેબ્રી પ્રતમાંથી પડી ગયો છે. આદમ કલાર્કે સમારી તથા ગ્રીક પ્રતની ઇબારત નકલ કીધા બાદ કહ્યું: "કેટલાક મોટા સત્ય શોધકોનું માનવું છે કે, આ શબ્દ હેબ્રી મતનમાં હતો."

૯. મી શાક્ષી,—ગણના ૧૦;૬માં આવી રીતે છે. "ને તેઓ બીજીવાર ભય સુચના કરે, ને શીંગને ફુંકીને અવાજ કરે; ત્યારે જે છાવણીઓ દક્ષિણ બાજુએ છે, તે ઉપડાય." આ કલમની છેવટમાં ગ્રીક ભાષાંતરમાં આવી રીતે મળી આવે છે "અને જ્યારે તેઓ ત્રીજીવાર ફુંકે તો ચાલવાને માટે જે છાવણીઓ પશ્ચિમ બાજુએ છે, તે ઉચકાય; અને જ્યારે તે [illegible]ચોથી વાર ફુંકે, ત્યારે ચાલવા માટે ઉત્તર બાજુએ જે છાવણીઓ છે તે ઉચકાય." આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ૧લાના પૃષ્ટ ૬૬૩માં કહ્યું છે "આ જગ્યા પશ્ચિમવાળી તથા ઉત્તરવાળી કહેવાય નહિ. પણ જણાય છે કે, તેઓ પણ ફુકવાથી ચાલતા. એજ માટે જણાય છે કે હેબ્રી મતન આ જગ્યામાં એછું છે. તેની પુરવણી ગ્રીક આવી રીતે કરે છે. 'અને તેઓ જ્યારે ત્રીજીવાર ફુંકે તો ચાલવાને માટે જે છાવણીઓ પશ્ચિમ બાજુએ છે તે ઉચકાય અને જ્યારે તેઓ ચોથીવાર ફુંકે તો ચાલવાને માટે જે છવણીઓ ઉત્તર બાજુએ છે તે ઉચકાય."

૧૦. મી શાક્ષી—ટીકાકાર હોરસલીએ કહ્યુ છે કે, ન્યાયાધીશો અધ્યાય ૧૬ની કલમ ૧૩ના અંતથી તથા ૧૪મીના શરૂથી કાંઇ નીકળી ગયુ છે. તે ગ્રીક ભાષાંતરથી લેવું જોઇએ. અને આ ઇબારત વધારવી જોઇએ. "ફરી તેણે તેણીને કહ્યુ જો તુ સાત લટ મારા માથાથી લેશે ને તેને તાણાની સાથે તું વણશે, ને દીવાલના ખીલા સાથે બાંધશે તો તો હું બીજા માણસો જેવો નિર્બળ થઇશ. ફરી તેણે તેને સુવાડ્યો, ને સાત લટો લીધી અને થાનની સાથે વણી;ને તેણે તેને બાંધી."

૧૧. મી શાક્ષી આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ બીજાના પૃષ્ટ ૧૬૭૬માં કહ્યું છે: "ગ્રીક ભાષાંતરમાંથી "શેકેના" ના શબ્દ વગર ત્રણ આખી કલમો તથા કલમો ૪,૫,૬,૯,૩૭,૩૮,૩૯,૪૦ અને ૪૧ પડી ગયલી છે. અને અરબી ભાષાંતરોમાંથી મજકુર અધ્યાયની આમ

(૧) અરબી બૈબલ છપાયલું ૧૬૭૧, ૧૮૧૧, ને ૧૮૬૦ માં પણ શબ્દ "તમારી સાથે" નો વધારો છે. ગુ૦ મો૦

(૨) અરબી બૈબલ છપાયલું અને ૧૬૭૧, ૧૮૧૧ અને ૧૮૬૦ વાળામાં એ ઇબારત મળી આવે છે. ગુ. મો.

૧–૨૬ સુધી તથા ૨૯મી કલમો પડી ગયલી છે."

૧૨. મી શાક્ષી—અયુબ ૪૨;૧૭માં આવી રીતે છે. " ને અયુબ ઘરડો થઈને મરી ગયો.' હેબ્રી પ્રત એના ઉપર સમાપ્ત થઈ છે. અને ગ્રીક પ્રતમાં એના ઉપર આટલુ વધારાયુ છે "જે લોકોને પ્રભુ જીવતા કરશે તેઓની સાથે બીજી વાર તે જીવતો થશે." અને એક વધારો પણ વધારાયો છે. જેમાં અયુબનું નસબનામુ તથા સારરૂપી તેના હાલનું વર્ણન છે. અને કલીમંટ તથા હરટર કહે છે કે, આ વધારો ઈલહામી પુસ્તકનું અંગ છે. અને ફેલો તથા પોલીહસ્ટર પણ એને માને છે. અને ઓરીજનના વખતમાં લોકો માનતા હતા. અને એને થ્યુદોસને પોતાના ગ્રીક ભાષાંતરમાં લખી છે. ત્યારે એ પ્રમાણે હેબ્રી પ્રત ઘટારાથી ફેરફાર થયલ પ્રાચીનકાળના ખ્રીસ્તીઓ આગળ થવાની અને મજકુર વિદ્વાનો તથા પ્રોટેસ્ટંટ ટોળાના સત્ય શોધકોનો મત છે કે, એ બનાવટી છે તો વધારાથી ફેરફાર થયલો તેઓનાં ગ્રીક ભાષાંતરમાં લાગુ પડવાનું. હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓએ કહ્યું છે: " જાહેર છે કે આ બનાવટી છે અગર જો ખ્રીસ્ત પહેલાં લખાયલી છે." હુ કહુ છું કે, જ્યારે એનું ખ્રીસ્ત અગાઉનું થવુ મનાયું તો લાગું પડવાનું કે, ખ્રીસ્તીઓના પ્રાચીનકાળના શિષ્યોના વખતથી તે સને ૧૫૦૦ સુધી આ ફેરફાર થયલાને ખુદાનુ કલામ માનતા હતા. કેમકે તેઓ આ વખત સુધી આ ભાષાંતરથી આધાર પકડતા અને માનતા હતા કે, એ ખરૂં છે. અને હેબ્રીપ્રત ફેરફાર થયલી છે.

૧૩. મી શાક્ષી—ગીત ૧૪; ૩ પછી લેટિન, અથયુબક, તથા અરબી ભાષાંતરોમાં તથા ગ્રીક ભાષાંતરોના વાટીકાન્સમાં આ ઇબારત છે. " તેઓનુ ગળું ખુલ્લી કબર છે. અને તેઓએ પોતાની જીભથી મકર દીધા, અને સાપોનું ઝેર તેઓના હોઠો નીચે છે અને તેઓના મ્હોં શ્રાપ તથા કડવાસથી ભરેલાં છે. અને તેઓના પગ રક્ત વહેવડાવવા ઊતાવળ કરનારા છે. અને હલાકી તથા ભુંડાઇ તેઓના માર્ગમાં છે તેઓએ સલામતીનો માર્ગ જાણ્યો નથી. અને ખુદાની બીહીક તેઓની આંખોની સામે નથી." આ ઇબારત હેબ્રી પ્રતમાં નથી, પણ પાઉલના રૂમીઓના પત્રના ૩જા અધ્યાયમાં છે તો કાંતો યહુદીઓએ હેબ્રી પ્રતમાંથી કહાડી નાંખી છે. તો એ ફેરફાર ઘટારાનો છે, અથવા તો ખ્રીસ્તીઓએ પોતાનાં ભાષાંતરોમાં પોતાના પવિત્ર પાઉલની વાતને સુધારવા માટે વધારી છે [1] તો એ ફેરફાર વધારાનો છે. તો એ માં તો એક ફેરફાર તો ખાત્રીથી લાગું છે. આદમ કલાર્કે ગીતની મજકુર કલમની ટીકાની નીચે કહ્યુ છે. " એ કલમ પછી ગ્રીક ભાષાંતરમાંની વાટીકાન્સ પ્રતમાં, તથા લેટિન ભાષાંતરમાં, અથયુપિક ભાષાંતરમાં, તથા અરબી ભાષાંતરમાં ત્રણ કલમો મળી આવે છે. જે રૂમી ૩; ૧૩–૧૮ માં છે. "

૧૪. મી શાક્ષી—યશાયા ૪૦; ૫ હેબ્રી પ્રતમાં આવી રીતે છે."ને પ્રભુનો ગૌરવ (જલાલ) પ્રગટ થશે, ને સર્વ દેહ તરત જોશે,[1] કેમકે પ્રભુનું મુખ બોલ્યું છે" પણ ગ્રીકભાષાંતરમાં આવી રીતે છે. " ને પ્રભુનો ગૌરવ પ્રગટ થશે, ને સર્વ દેહ અમારા ખુદાના તારણને તરત જોશે," [2] આદમ કલાર્કે પોતાની ટીકાના ભાગ ચોથાના પૃષ્ઠ ૨૭૮૫માં ગ્રીક ભાષાંતરની ઇબારત નકલ કીધા પછી કહ્યુ: " મારી ધારણા છે કે, આ ઈબારત તેજ અસલ છે " ફરી તેણે કહ્યું. " હેબ્રી પ્રતમાંથી એનું નીકળી જવુ છેક પુરાનું છે. ચાલ્દી, લેટિન, અને સર્યાની ભાષાંતરોથી આગળનું છે. પણ આ ઇબારત દરેક ગ્રીક ભાષાંતરમાં મળી આવે છે. અને લુકે ૩; ૬માં એને માની લીધી છે. મારી પાસે એક પ્ર

(૧) એ ઈબારત અરબી બૈબલ, છપાયલ સને ૧૮૧૧માં છે. અને ઉર્દુ બૈબલ છપાયલું સને ૧૮૭૦ વાળાપર મને અજબ લાગે છે કે, પાઉલના કહેવાને રૂમીઓના પત્રમાં ગીત ૧૪, તરફ રેફરન્સમાં ઈશારો કરે છે. પણ એ ઈબારત ઉર્દુ બૈબલના ગીતમાં નથી. તેને જોઇતુ હતુ કે, પ્રથમ એ ઇબારતને ગીત ૧૪માં દાખલ કરતે તો હવાલો ખરો પડત, તથા પાઉલની વાત પણ સુધરતે ગુ. મો.

(૨) અરબી ૧૮૧૧વાળામાં સુધારો કરી ગ્રીક પ્રમાણે લખ્યું છે. ગુ. મોહમદ

ઘણી પુરાની છે તેમાંથી એ કલમ બધી નીકળી ગઇ છે. અને હોર્ને પોતાની ટીકાના પુસ્તક બીજાના ભાગ પહેલાના અધ્યાય ૮માં કહ્યું છે. "લુક ૩; ૬ માં ગ્રીક ભાષાંતરને બરાબર લખ્યું છે, અને મોથ (અથવા લોથ) જણાવે છે કે, આ ઇબારતજ ખરી છે. ફરી તેણે તેને યશાયાના પુસ્તકમાં તેના કરેલા ભાષાંતરમાં દાખલ કીધી છે." અને હેનરી અને સ્કોટની ટીકાના બાંધી કરનારાઓએ કહ્યું છે. " આ શબ્દ 'હમારા ખુદાના તારણ' ને શબ્દ 'જેશે' ને પછી વધારવો જોઇએ વાંચો અધ્યાય ૫૨: ૧૦ અને ગ્રીક ભાષાંતરને". હેથી મતન આ ટીકાકારોના એકરાર પ્રમાણે ઘટારાનું ફેરફાર થયું છે. અને આદમ કલાર્કના એકરાર પ્રમાણે એ ફેરફાર ઘણોજ પુરાનો છે.

૧૫. મી શાક્ષી—યશાયા ૬૪;૫ ની ટીકાની નીચે આદમ કલાર્કે કહ્યું છે: "મારૂં યકીન છે કે, લખનારની ભુલથી ઘટારો આવી ગયો છે. અને આ ફેરફાર ઘણોજ પુરાનો છે. કેમકે પ્રાચીન કાળનાં ભાષાંતર કરનારાઓ એ કલમના અર્થો બરોબર રીતે વર્ણવી ન શક્યા. જેવી રીતે કે તેઓમાંના પાછલા એ વિષે અશક્ત થયા."

૧૬. મી શાક્ષી—હોર્ને પોતાની ટીકાના ભાગ ચોથાના પૃષ્ટ ૪૭૮માં કહ્યું છે. "લુકની ઈંજીલના અધ્યાય ૨૧ની કલમ ૩૩ અને ૩૪ની વચ્ચેથી એક આખી કલમ પડી ગઇ છે. માથી ૨૪; ૩૬થી અથવા માર્ક ૧૩; ૩૨થી લઇને તેમાં વધારવી જોઇએ કે, લુક બીજી ઈંજીલોની બરાબર થાય." ફરી તેણે નોટમાં કહ્યું: "બધા સત્ય શોધકાએ તથા ટીકાકારોએ આવી મોટી નુકશાની કે, જે લુકના મતનમાં આવી છે. તેથી આંખ મીંચામણી કીધી. પણ એ તરફ ઢીલજ કર્યો." ત્યારે એના એકરાર પ્રમાણે એક કલમ પુરી લુકની ઈંજીલથી પડી ગઇ છે. અને તેનું વધારવું તેમાં જરૂર છે. અને તે કલમ માથીની ઈંજીલમાં આવી રીતે છે. "પણ તે દહાડા તથા તે ઘડી સંબંધી એકલા મારા બાપ વગર કોઇને માલમ નથી; આકાશમાં દુતોને પણ નથી."

૧૭. મી સાક્ષી—પ્રેરીતોનાં કૃત્ય ૧૬; ૭માં આવી રીતે છે. "પણ આત્માએ તેઓને જવા દીધા નહિ." ગ્રીજબાક તથા શોલ્ઝે કહ્યું: "પણ ઇશુના આત્માએ તેઓને જવા દીધા નહિ" તો એઓના એકરાર પ્રમાણે શબ્દ "ઇશુ" નો પડી ગયો છે. પણ અરબી ભાષાંતર છપાયલું સને ૧૬૭૧ (૧૮૬૦) તથા ૧૮૨૧માં એ શબ્દ દાખલ કરેલો છે. તેની ઇબારત આવી રીતે છે. "પણ તેઓને યશુના આત્માએ મુકયા નહિ."

૧૮. મી શાક્ષી—જે ઈંજીલ કે માથીના તરફ આજ સુધી લગાડાઇ છે, તે ઈંજીલોમાંની પ્રથમ છે. અને તેમાંની ઘણી પુરાની છે તે ખાત્રીથી તેની રચેલી નથી. એટલુંજ નહી પણ તેઓના ફેરફાર કીધા બાદ તેને તેઓએ ખોઇ નાંખી છે. કેમકે પ્રાચીનકાળના બધા ખ્રીસ્તીઓ તથા પાછલા ઘણાઓનો મત છે કે; માથીની ઈંજીલ હેબ્રી ભાષામાં હતી. અને તેનો નાશ થઇ ગયો. અને ખ્રીસ્તીઓનાં કેટલાક ટોળાંના ફેરફાર કરવાથી ગુમ થઇ છે. અને હાલ જે ઈંજીલ છે તે તેનો તરજુમો છે. પણ એ તરજુમાની સનદ તેઓ પાસે મળે નહિ, તે એટલા સુધી કે તરજુમો કરનારનું નામ પણ ખાત્રીથી આજ સુધી જણાયું નથી. તરજુમો કરનારના હાલથી જાણીતા થવું તો કોરે રહ્યું: જેવું કે એઓના પ્રાચીનકાળના મહા વિદ્વાનોમાંના જેરોમે ઇકરાર કીધો છે. હા, તેઓ અટકળથી કહે છે કે, કદાપિ ફલાણાએ, અથવા ફલાણાએ એનો તરજુમો કીધો છે. પણ એ સામાવાળા આગળ પુરું પડે નહિ (જો પૃષ્ટ૧૯,૪૪.) ધારણા અને અટકળથી રચનાર તરફ પુસ્તકનું લગાડવું સિદ્ધ થતું નથી. અને જ્યારે પ્રાચીનકાળના બધા તથા પાછલા ઘણાઓનો મત તારા જાણવા પ્રમાણે થયો તો,–પ્રોટેસ્ટંટ વિદ્વાનોમાંના કેટલાકનું કહેવું કે, જેઓ વગર દલીલે માત્ર ધારણાથી કહે છે કે, માથીએ પોતે એનો તરજુમો કીધો; તે પર ભરોસો થાય નહિ. જો હું એ બાબતની શાક્ષીઓ તારી આગળ રજુ કરૂં છું:—ઇન્સાઇક્લોપેડીઆ બરટીનીકા પુસ્તક ૧૯માંમાં છે. "નવા કરારનું દરેક પુસ્તક, માથી તથા હેબ્રીના પત્ર વગર, ગ્રીક ભાષામાં લખાયલું, પણ એ બન્નેનું રચાવું હેબ્રી ભાષામાં ખાત્રીથી અને દલીલોથી

છે.” લાર્ડનરે પોતાની કુલ્લીઆત (Euvr) પુસ્તક બીજું પૃષ્ઠ ૧૧૯માં કહ્યું છે. “પીપીઅસે લખ્યું છે કે, માથીએ પોતાની ઈંજીલ હેબ્રી ભાષામાં લખેલી, અને તેનો તરજુમો દરેકે પોતાની લાયકાત પ્રમાણે કીધેલો.” અને આ તેનું કહેવું: “તેનો તરજુમો દરેકે પોતાની લાયકાત પ્રમાણે કીધેલો.” બતાવી આપે છે કે, આ ઈંજીલનો તરજુમો ઘણાઓએ કીધો છે. તો જ્યાં સુધી પુરતી સનંદથી સિદ્ધ થાય નહિ કે, આ અસ્તિ ભોગવનારા તરજુમાને ફલાણાએ કીધો છે. અને તે ઇલ્હામવાળો છે. ત્યાં સુધી કેમ કરીને તેનો તરજુમો ઇલ્હામી પુસ્તકમાં ગણાય? તેનું ઇલ્હામવાળું થવું તો કોરે રહ્યું; તેનું ભરોસેદાર થવું પણ દાખલાથી સિદ્ધ થયું નથી. ફરી લાર્ડનરે મજકુર પુસ્તકના પૃષ્ટ ૧૭૦માં કહ્યું છે: “એરિનિયસે લખ્યું છે કે, માથીએ પોતાની ઇંજીલ યહુદીઓ માટે તેઓની ભાષામાં, તે વખતમાં લખેલી કે, જેમાં પાઉલ તથા પીતર રૂમમાં વઢતા હતા,” ફરી તેણે મજકુર પુસ્તકના પૃષ્ટ ૫૭૪માં કહ્યું: “ઓરીજનના ત્રણ ફકરા છે. (૧) જેને યોસેબીઅસે નકલ કીધો છે કે, માથીએ ઈંજીલ યહુદીઓમાંના વિશ્વાસીઓને હેબ્રી ભાષામાં દીધી. (૨) કહેવાય છે કે, માથીએ પ્રથમ લખી. અને હેબ્રીઓને ઈંજીલ આપી (૩) માથીએ તે હેબ્રીઓ માટે ઈંજીલ લખી કે, જેઓ ઇબ્રાહીમ અને દાઉદની નસલથી એક માણસના થવાની વાટ જોતા હતા.” ફરી લાર્ડનરે પુસ્તક ચોથાના પૃષ્ટ ૯૫માં કહ્યું: “યોસેબીયસે લખ્યું છે કે, માથીએ હેબ્રીઓને બોધ આપ્યા બાદ બીજી કોમ તરફ જવાનો વિચાર કીધો તો, તેઓની ભાષામાં ઈંજીલ લખી. અને તેઓને આપી.” ફરી તેણે મજકુર ચોથા પુસ્તકના પૃષ્ટ ૧૮૭માં કહ્યું: “એપીફાન્સે લખ્યું છે કે, માથીએ ઇંજીલને હેબ્રી ભાષામાં લખી હતી. અને નવા કરારના લખવામાં એ ભાષાને વાપરવામાં તે એકલો પડયો છે.” ફરી તેણે મજકુર ચોથા પુસ્તકના પૃષ્ટ ૪૩૯માં કહ્યું: “જેરોમે લખ્યું છે કે, માથીએ ઈંજીલને યહુદા દેશમાં વિશ્વાસી યહુદીઓ માટે હેબ્રી ભાષામાં લખેલી. અને ઈંજીલની સચ્ચાઈ સાથે શરીયતનો એલો મળે નહિ.” ફરી તેણે મજકુર ચોથા પુસ્તકના પૃષ્ટ ૪૪૧માં કહ્યું: “જેરોમે ઇતિહાસીકોના લીસ્ટમાં લખ્યું છે કે, માથીએ પોતાની ઇંજીલ યહુદા દેશમાં હેબ્રી અક્ષર અને હેબ્રી ભાષામાં યહુદી વિશ્વાસીઓ માટે લખી. ને તેણે ગ્રીકમાં તેનું ભાષાંતર કીધું; એ વાત સિદ્ધ થઇ નથી. અને તેનો ભાષાંતર કરનાર કોણ તે બાબત પણ સિદ્ધ થઈ નથી. એમ છતાંએ તેની ઇંજીલની હેબ્રી પ્રત “સિરિયા”ની લાયબ્રેરીમાં અસ્તિ ભોગવે છે. જેને પીમફલ્સ શહીદે ઘણી કોશીશથી ભેગી કરેલી. અને બેરિયા જીલ્લે સીરિયાવાળા મેમ્બરોના હુકમથી તેની નકલ લેવામાં આવી. અને તેઓ આ હેબ્રી પ્રતને વાપરે છે.” ફરી તેણે મજકુર ચોથા પુસ્તકના પૃષ્ટ ૫૦૧માં કહ્યું: “ઓગસ્ટીને કહ્યું છે. કહેવામાં આવેલું છે કે, ચારેમાંથી એકલા માથીએ હેબ્રીમાં લખાણ કીધું. અને બીજાઓએ ગ્રીકમાં લખાણ કીધું.” ફરી તેણે મજકુર ચોથા પુસ્તકના પૃષ્ટ ૫૩૮માં કહ્યું. “કરીસાસ્ટોમે લખ્યું છે કે; કહેવાયલું છે કે, માથીએ પોતાની ઇંજીલ હેબ્રી ભાષામાં યહુદી વિશ્વાસીઓ માટે તેઓની માંગણીથી લખી.” ફરી લાર્ડનરે પાંચમા પુસ્તકના પૃષ્ટ ૧૩૭માં લખ્યું છે કે; “ઇસ્તદોરે લખ્યું છે કે, ચારેમાંથી એકલા માથીએ હેબ્રી ભાષામાં લખી અને બાકીનાઓએ ગ્રીકમાં લખી.” અને હોર્ને પોતાની ટીકાના ભાગ ચોથામાં કહ્યું: “બીલરમન, ગ્રોટીયસ, કેસાબીન, વાલ્ટન, ટામલિન, કવું, હમંડ, મીલ, હારૂદ, ઊહન, કીનબેલ, ઇંકલાર્ક, સાઇમન, તીલામંટ, પ્રીટીઅસ, ડુબન, કામેટ, મિકાવલસ, એરિનિયસ, ઓરીજન, સીરીલ, એપીફાનીસ, કરેસારટોમ, અને જેરોમ વગેરેએ પ્રાચીનકાળના તથા પાછલા વિદ્વાનોએ પીપીઅસના કહેવાને પસંદ કીધું છે કે, આ ઈંજીલ હેબ્રી ભાષામાં લખાયલી.” અને તેનું કહેવું “વિગેરે” એટલે જેમ ગ્રોજમેરી નાઝીયાન્ઝીન, અબેદજેસુ, થ્યુફલકટ, યુથીમિઅસ, યોસેબીઅસ, અતહાનીસીઅસ, ઓગસ્ટાઈન, ઇસ્તદોર વગેરે જેઓનાં નામ લાર્ડનરે તથા વાલ્ટન વગેરેએ પોતાના પુસ્તકમાં લખ્યું છે. અને ડી૦ ઓલી તથા રીચર્ડમંટ ટીકામાં છે. “પાછલા વખતમાં મો

ટો વાંચો પડશે કે, આ ઈંજીલ કઇ ભાષામાં લખાયલી; પણ ઘણાખરા પ્રાચીન કાળનાઓએ જાહેર કીધું છે કે, માથીએ પોતાની ઈંજીલને હેબ્રી ભાષામાં કે જે પાલેસ્ટાઇનવાળાની હતી, લખી. તો જે વાત ઊપર પ્રાચીનવાળા એકમતે હોય તેજ એ બાબતમાં જજમેંટ તરિકે ગણવી જોઇએ." એટલે માથીએ પોતાની ઈંજીલ હેબ્રી ભાષામાં લખી. હેનરી અને સ્કાટની ટીકાના ભેગી કરનારાઓએ કહ્યું: "હેબ્રી પ્રતના ગુમ થવાનુ કારણ આ છે કે, અબયુની ટોળાવાળાઓએ કે, જેઓ ખ્રીસ્તના ખુદા થવાને માનતા નહોતા. તેઓએ એ પ્રતને ફેરફાર કરી નાંખી છે. અને યરૂશાલેમના ઘેરા પછી તે ગુમ થઇ ગઇ. અને કેટલાક કહ્યું છે કે, નાઝારીઓએ અથવા ખ્રીસ્તી ધર્મમાં દાખલ થયલા યહુદીઓએ હેબ્રી ઇંજીલને ફેરફાર કરી નાંખી છે. અને અબયુની ટોળાવાળાઓએ ઘણાખરા ફકરા તેમાંથી કહાડી નાંખ્યા છે. અને યોસેબીઅસે પોતાના ઇતિહાસમાં લખ્યું છે કે, એરિનિયસે કહ્યું કે, માથીએ પોતાની ઇંજીલ હેબ્રીમાં લખેલી." અને રીવુએ પોતાની ઇંજીલના ઇતિહાસમાં કહ્યું: "જે કોઇ કહે કે માથીએ પોતાની ઈંજીલને ગ્રીકમાં લખી, તેણે ભુલ કીધી છે. કેમકે યોસેબીયસે પોતાના ઇતિહાસમાં તથા ખ્રીસ્તી ધર્મના આગેવાનોએ કહ્યુ છે કે; માથીએ પોતાની ઈંજીલ ગ્રીકમાં નહિ પણ હેબ્રીમાં લખી છે." અને નોર્ટને એક પુસ્તક દળદાર લખ્યું છે, તેમાં તેણે સિદ્ધ કીધુ છે કે, તોરાત ખાત્રાથી બનાવટી છે મુસાની રચેલી નથી. અને તેણે ઈંજીલનો ઇકરાર કીધો છે. પણ તેમાં ઘણોખરો ફેરફાર થયો છે. એવા એકરારની સાથે. એજ માટે તેનું કહેવુ ત્રિદેવ માનનારાઓ આગળ મનાયલુ નથી. પણ જ્યારે તે પોતાને ખ્રીસ્તી થવાનો દાવો કરે છે, અને તેઓમાં પણ મનાયલા પ્રાચીનવાળાઓની વાતને તેણે નકલ કીધી છે. તો તેની વાતને નકલ કરવામાં બાધ નથી. તો હું કહુ છું કે, તેણે પોતાનું પુસ્તક છપાયલુ સને ૧૮૩૭માં બાસ્ટનમાંના ભાગ ૧લાના પૃષ્ટ ૪૫માં પુસ્તકની પ્રસ્તાવનાની નોટમાં આવી રીતે કહ્યુ છે. 'તેઓ માને છે કે, માથીએ પોતાની ઈંજીલ હેબ્રી ભાષામાં લખેલી. કેમકે જે પ્રાચીનવાળાઓએ એના તરફ ઇશારો કીધેલો, તેઓનુ કહેવું એકે શબ્દે એકમતે છે. અને જેઓ કે એ દરજ્જાના ભરોસેદાર નથી. તેઓને હું વર્ણવતો નથી. અને હું કહુ છું કે, પાપીઅસ, એરિનિયસ, ઓરીજન, યોસેબીયસ, તથા જેરોમે ઇકરાર કીધો છે કે, તેણે (માથીએ) હેબ્રી ભાષામાં લખેલી. અને પ્રાચીનકાળનાઓમાંના કોઇએ એને વિરૂદ્ધ કહ્યું નથી. અને આ મોટી શાહ્દી છે. કેમકે જેવી તરેહનુ જોઇ રહ્યા છે કે, આ વખતમાં પાછળનાઓમાં હઠધર્મિ છે તેવીજ તરેહ તે વખતમાં તેઓમાં હતી. તો જો તેઓની વાતમાં જરા પણ શક હતે તો, તેઓના વિરૂદ્ધવાળા હઠધર્મિને લીધે કહેતે કે, ઇંજીલ ગ્રીક (ભાષાની) અસલ છે. (તેનો) તરજુમો નથી. તો જો આગલા વખતવાળાઓની શાહ્દીને કે જે, બધી એકજ હબપર છે. અમો રદ નહિ કરીએ, અને એથી અસંભવિત વસ્તુ કાંઈ લાગુ પડતી નથી, તો જરૂર છે કે, અમો માની લઇએ કે, માથીએ પોતાની ઈંજીલને હેબ્રીમાં લખેલી. અને આજ દિવસ સુધી એ શાહ્દી ઊપર મેં કોઇ શકો જોઇ નથી કે, જેને લીધે સત્ય શોધની જરૂર પડે એટલુજ નહિ પણ શંકાને બદલે પ્રાચીનવાળાઓની શાહ્દીને મેં જોઇ છે કે, આ ઈંજીલની હેબ્રી પ્રત યહુદીઓમાંના ખ્રીસ્તીઓ પાસે અસ્તિ ભોગવ છે. ફરી તે ફેરફાર થયલી છે કે નહિ, ફેરફાર થયલી," તો મજકુર ફકરાઓથી જણાઈ ગયું કે, માથીએ પોતાની ઇંજીલ હેબ્રી ભાષામાં તથા હેબ્રી અક્ષરોમાં લખેલી. અને પ્રાચીનવાળા એ ઉપર એકે મતે હતા. એને વિરૂદ્ધ તેમાંના કોઇએ કહ્યું નથી. તો તેઓનું કહેવું જજમેંટ તરિકે થઇ જવાનું. જેમ કે ડી. ઓલી અને રીચર્ડમેંટે એકરાર કીધો છે. અને તે પ્રત જેરોમના વખત સુધી અસ્તિ ભોગવતી વપરાતી હતી, અને તેના ભાષાંતર કરનારનુ નામ ખાત્રીથી જણાયુ નથી. અને જાહેર થઇ ગયું કે, જે કાંઇ હોર્ને મજકુર એકરાર કરવા છતાં એ કહ્યું: "ઘણુંખરૂ માથીએ પોતાની ઈંજીલ હેબ્રી અને ગ્રીક બંને ભાષામાં લખેલી." એ તરફ ધ્યાન દેવાય નહિ. કેમકે એ વગર દ

લીસે માત્ર અટકળથી છે. અને પ્રાચીનવાળાઓના કહેવાને આ વાત પુષ્ટિ આપે છે કે, માથી શિષ્યોમાંથી હતો, અને ખ્રીસ્તના ઘણાખરા હાલ તેણે પોતે આંખે જોયલા તથા કેટલાકથી સાંભળેલા તો જો આ ઈંજીલનો રચનાર તે હતે તો કોઇક જગ્યાથી તો જણાતે; કે પોતાનો દીઠેલો હાલ વર્ણવે છે. તથા તે પોતાને મોતકલ્લીમ (પહેલો પુરૂષ સર્વનામ) થી બોલતે; જેમકે આગળથી તથા પાછળથી આદત ચાલુ છે. અને આ આદત શિષ્યોના વખતમાં તજી દેવાયલી પણ નહોતી. શુ તું નવિન સ્થાપનામાંના પત્રોને જોતો નથી કે, જો માની લેવાય કે એ તેમનાં પત્રો છે. તો તેથી આ હાલ જોનારને જાહેર થાય છે ? અને નહીં તો લુકના લખાણને તું જુવે છે કે, તેણે આખી ઈંજીલ સાંભળીને લખી છે, તથા પ્રેરીતોનાં કૃત્ય અધ્યાય ૧૯ સુધીને (તું જુવે છે) કે, એ બનેથી એ હાલ પ્રગટ થતો નથી. અને તે પોતાને મોતકલ્લીમ (પહેલો પુરૂપ સર્વનામ) ના શબ્દથી બોલતો નથી. અને તે પછી જ્યારે સફર કરવામાં પાઉલનો તે સાથી થયો તો, તેણે પ્રેરીતોનાં કૃત્ય અધ્યાય ૨૦ થી એવી તરેહ લખ્યું છે કે, એ હાલ પ્રગટ થાય છે. અને તે પોતાને પહેલો પુરૂપ સર્વનામથી બોલે છે. અને જો કોઇ (પોતાના બચાવમાં) મુસા (અલે) ની તૌરાતથી તથા યોહાનની ઇંજીલથી આધાર પકડે (કે તૌરાત મુસાની રચેલી છે. તથા યોહાનની ઈંજીલ યોહાનની ઈંજીલ છે છતાં, તેઓ એવી તરેહ લખતા નથી કે, તેઓ પોતાનો દીઠેલો હાલ લખે છે. એમ પ્રગટ થાય, તથા તેઓ પોતાને મોતકલ્લીમના શબ્દથી બોલતા નથી. તેવીજ તરેહ માથીને પણ જાણવુ. તો તે આધાર અમારી આગળ ચાલે નહિ.) કેમકે તે બને (એ પુસ્તકોના રચનાર છે.) અમારી આગળ સિદ્ધ થઇ નથી) તકરારમાં છે. જેમ કે તેં પ્રથમ અધ્યાયમાં જાણી લીધું છે. (જો પૃષ્ઠ ૩૪-૩૮, ૪૪-૪૬) તો જાહેરને વિરૂદ્ધ વગર મજબુત દલીલે કેમ તે આધાર પકડે ? અને જ્યારે રચનાર ભરોસેદાર તથા માતબર હોય તો તેનું લખાણ કે, જે મજકુર હાલતને પ્રગટ કરે છે, તેઘંતબારનું કારણ થાય છે. અને હેનરી અને સ્કોટની ટીકાના ભેગી કરનારાઓની વાતથી જણાય છે કે, આ ઈંજીલ ૧ લા સૈકામાં મોતવાતેર (પ્રખ્યાત) થયલી ન હતી. અને તે વખતમાં ફેરફાર કરી નાંખવું પણ ખ્રીસ્તીઓમાં ચાલુ હતું. નહિ તો કોઈથી તેનુ ફેરફાર કરવુ થઇ શકતે નહિ. અને જો તેમ થવુ તકરારની ખાતર માની લેવાય તો તેને તજી દેવાનું કારણ તે થાય નહિ. તો જ્યારે મૂળ બચેલુ રહ્યું નહિ તો, જે ભાષાંતર વિષે કે, તેનો ભાષાંતર કરનાર પણ પુરતા પુરાવાથી જણાયો નથી, કેમ કરીને બચી રહેવાની ધારણા કરાય ? પણ સત્ય તો એજ કે, એ બધુ ફેરફાર થયલું છે. માનીકી ટોળાના વિદ્વાનોમાંના ફાસ્ટને ચોથા સૈકામાં કહેલું છે કે, "જે ઈંજીલ કે માથીના તરફ લગાડવામાં આવે છે. તે તેની રચેલી નથી." અને પ્રોફેસર જર્મનીએ કહ્યું છે કે, "આ ઈંજીલ પુરેપુરી મિથ્યા છે." અને આ ઈંજીલ મારસ્યુની ટોળાવાળામાં હતી પણ આગલા બને અધ્યાયો એમાં નહોતા. તો એ બંનેને તેઓએ પાછળથી દાખલ થયલા માનેલા. અને એવીજ તરેહ અબયુની ટોળુ માને છે કે, એ અધ્યાયો પાછળથી દાખલ થયલા છે. અને યુનીટેરિયન ટોળુ તથા પાદરી ન્યુલામસ એ બંનેને ધીકારે છે. અને એ બંનેનો તથા એ ઇંજીલની કેટલીક જગાઓનો નોર્ટને નકાર કર્યો છે.

૯૯. મી શાક્ષી—માથી ૨;૨૩ માં આવી રીતે છે. "અને તે નાઝારી કહેવાશે, એવું ભવિષ્યવાદીઓનું કહેલું પુરૂ થવા સારૂં નાઝરેથ કહેવાયલા નગરમાં તે આવી રહ્યો." તેનુ કહેવું "તે નાઝારી કહેવાશે, એવું ભવિષ્યવાદીઓનું કહેલું પુરૂં થવા સારૂ." આ, ઇંજીલની ભુલોમાંથી છે. (જો પૃષ્ઠ ૮૬-૮૭) અને ભવિષ્યવાદીઓ તરફ લગાડવામાં આવેલા પ્રખ્યાત પુસ્તકોમાંના કોઇમાં મળે નહિ. પણ કેથોલીક ટોળાના વિદ્વાનોના કહેવા પ્રમાણે હું કહું છું કે, ભવિષ્યવાદીઓના પુસ્તકોમાં આ હતુ ખરૂં, પણ ખ્રીસ્તી ધર્મની દુશ્મનાઇને લીધે યહુદીઓએ એ પુસ્તકોનો જાણી જોઇને નાશ કીધો છે. ફરી હું કહુ છું કે, એક ટોળાનું જાણી જોઇને મનઇચ્છાને લીધે, તથા બીજા ધર્મની દુશ્મનાઇને લીધે ધ

કહામી પુસ્તકોનો નાશ કરવો, એથી વધારે ધ ટારો કરી ફેરફાર કરવું કયું હશે? ગમફ્રેડ કયો લીક એક પુસ્તક રચ્યું તેનું નામ પ્રશ્નપ્રશ્ન મુ કયું અને ઇ. સન ૧૮૪૩ માં એ પુસ્તક લંડન શહેરમાં છપાયું હતું. ફરી તેણે તેમાંના બીજા સવાલમાં કહ્યું: 'જે પુસ્તકો માર્ક આ, એટલે માથી ની નકલ કાઢેલી હતી તે મટી ગયા. કેમકે હાલના વખતમાં અસ્તિ ભોગવતાં ભવિષ્યવાદીઓના પુસ્ત કમાંથી કોઇનાં પણ એ મળે નહિ. કે ઇશુ નાઝારી કેહવાશે. કરીસસ્ટોમે પોતાની માથી ઉપરની ૯મી ટીકામાં કહ્યું: 'ભવિષ્યવાદીઓનાં પુસ્તકોમાંના ઘ ણાં ખરાંનો નાશ થઇ ગયો છે. કેમકે યહુદીઓએ પોતાની ગફલતને લીધે પુસ્તકોનો નાશ કરી ના ખ્યો. એટલુંજ નહિ પણ પોતાના અધાર્મિકપણાને લીધે, અને તેઓએ કેટલાંકને ફાડી કુડાવ્યાં. અને કેટલાંકને બાળી નાંખ્યાં.' અને આજ ઘણું ખરૂં છે કે, તેઓએ એ પુસ્તકોને ફાડી નાંખ્યાં, અને બાળી નાંખ્યાં. કેમકે તેઓએ જોયું કે શિષ્યો ખ્રીસ્તી ધર્મની સાબેતીમાં આ પુસ્તકોથી આધાર પકડે છે. તો તેઓએ આ કામ કીધું. અને જણાય છે કે, તેઓનાં નાશ કીધેલાં પુસ્તકોમાંથી માથીએ આ નકલ કીધેલી. જસ્ટનના તરફ જુઓ વાદ વિવાદમાં તરિફુન ને તે કહે છે: 'યહુદીઓએ ઘણાં ખરાં પુસ્તકોને પુરાતન સ્થાપનામાંથી કાહાડી નાંખ્યાં છે. કે જેથી એવું પ્રગટ થાય કે, નવા કરારને જુના કરાર સાથે પુરૂં મળતાપણું મળે નહિ.' અને આથી જણાય છે કે, ઘણાં પુસ્તકો મટી ગયાં છે." આથી બે બાબતો જાહેર થાય છે. (૧) યહુદીઓએ પોતાના અધાર્મિકપણાને લીધે કેટલાંક પુસ્તકો ફાડેલાં અને કેટલાંકને બાળેલાં, (૨) ફેરફાર કરી નાંખવું આગલા વખતમાં ઘણું સહેલું હતું, શું તું જોતો નથી કે, આ પુસ્તકો તેઓના નાશ કરવાથી દુનિયા ની પીઠ ઉપરથી કેવી રીતે મટી ગયાં? અને જ્યારે પુસ્તકવાળાઓ (યહુદી અને ખ્રીસ્તીઓ) નું ધાર્મિકપણું તેઓનાં આકાશી પુસ્તકો વિષે તેં જાણી લીધું; અને આગલા વખતમાં ફેરફાર કરવાની સહેલાઇને તેં જાણી લીધી, તો જો અમે કહીએ કે, તેઓએ એના જેવું મુસલમા નોને લાભ કારક પુસ્તકો અને ઇબારતોમાં ફેરફાર (કીધું) તો કયો બાધ બુદ્ધિ તરફનો કે શાસ્ત્ર તરફનો છે?

૨૦. મી સાક્ષી—માથી ૧; ૧૧માં આ વી રીતે છે. "અને યોશિયાએ યકનિયાને, તથા તેના ભાઇઓને બાબેલના પ્રવાશમાં જવાને વખ તે જન્માવ્યા." આથી પ્રગટ થાય છે કે, યક ન્યા તથા તેના ભાઇઓ યોશિયાના પેટના દીક રા (ખરેખરા) છે, અને યકન્યાના ભાઇઓ હતા. તથા એઓનો જન્મ બાબેલના પ્રવાશમાં થયલો. પણ આ ત્રણે બાબત પુરે પુરી ખરી નથી. (જો પૃષ્ટ ૮૨–૮૩) પહેલું એ કે યકન્યા તે યહોયાકીમનો તે યોશિયાનો, ત્યારે તે દીકરો નહિ, પણ દીકરાનો દીકરો (પૌત્ર) થયો. બીજું એકે તેને ભાઇઓ નહતા. હા, તેના બાપ યહોયાકીમને ત્રણ ભાઇઓ હતા. ત્રીજું એકે યકન્યા બાબેલ ના પ્રવાશમાં ૧૮ વર્ષનો હતો. નકે તે બાબેલના પ્રવાશમાં જન્મેલો. આદમ કલાર્કે કહ્યું છે: "કામટે કહ્યું કે ૧૧મી કલમ આવી રીતે વં ચાવી જોઇએ. યોશિયાએ યહોયાકીમ તથા તે ના ભાઇઓને જન્માવ્યા. અને યહોયાકીમે યક ન્યાને બાબેલના પ્રવાશના વખતમાં જન્માવ્યો." હું કહું છું કે, કામટની રાય કે, જે આદમ કલા ર્કને પણ પસંદ છે તે, એકે યહોયાકીમનો શબ્દ આ જગ્યા વધારવો જરૂર છે.[1] અને જાહેર છે કે, આ બન્નેના માનવા પ્રમાણે આ શબ્દ પડી ગયો છે અને એજ ઘ ટારાનો ફેરફાર છે. અને એમ છતાંએ ત્રીજી શંકા મટતી નથી.

અને જ્યારે ત્રણે તરેહના ફેરફારની ૧૦૦ શાક્ષી થઇ તો હું લંબાણને લીધે એટલાપર બસ કરૂં છું. અને બધી તરેહના ફેરફાર થવાના દાખલા માટે, તથા એ બાબતમાં તેઓ તરફ ની દરેક શંકાને મટાડવા માટે, તથા કેટલાંક વિદ્વાનોથી એ બાબતમાં થયલા ધોકાઓ માટે આટલું બસ થાય છે.

---

(૧) ઉર્દુ બેબલ છપાયલ સને ૧૮૭૦માંના રેફરન્સમાં છે કે, કેટલીક પ્રતોમાં માથીમાં યકન્યાને યહોયાકીમનો દીકરો લખ્યો છે. ગુ. મોહમદ.